


-: સંયોજક અને સંપાદક :-

પ. પૂ. તપોનિધિ આચાર્યદેવ શ્રીમદ્ વિજય કર્પૂરસૂરીશ્વરજી મહારાજાના પટ્ટધર
હાલારદેશોદ્ધારક કવિરત્ન પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજયઅમૃતસૂરીશ્વરજી મહારાજાના પટ્ટધર
પૂજ્ય આચાર્યદેવ શ્રી વિજય જિનેન્દ્ર સૂરીશ્વરજી મહારાજ

પ્રકાશિકા

શ્રી હર્ષપુષ્પામૃત જૈન ગ્રંથમાલા

લાખાબાવળ શાન્તિપુરી (જામનગર) સૌરાષ્ટ્ર

શ્રી હર્ષપુષ્પામૃત જૈન ગ્રંથમાળા - ગ્રન્થાંક-૪૦

શ્રી જિનેન્દ્રાય નમઃ

શ્રી મણિબુદ્ધ્યાણંદ હર્ષકર્પૂરામૃતસૂરિ-ગુરુભ્યો નમઃ

# નારકી ચિત્રાવલી

■ સંયોજક અને સંપાદક ■

પ. પૂ. તપોનિધિ આચાર્યદેવ

શ્રીમદ્ વિજયકર્પૂરસૂરીશ્વરજી મહારાજાના પટ્ટધર

હાલારદેશોદ્ધારક કવિરત્ન પૂ. આચાર્યદેવ

શ્રીમદ્ વિજયઅમૃતસૂરીશ્વરજી મહારાજાના પટ્ટધર

પૂ. આચાર્યદેવ શ્રી

**વિજય જિનેન્દ્રસૂરીશ્વરજી મહારાજ**

■ ચિત્રકાર ■

પ્રીતમલાલ હરિલાલ ત્રિવેદી (G.D. Art)

**શ્રી હર્ષપુષ્પામૃત જૈન ગ્રંથમાળા**

લાખાબાવળ

શાંતિપુરી (સૌરાષ્ટ્ર)

મૂલ્ય રૂ. ૫૦-૦૦

● પ્રકાશિકા ●
શ્રી હર્ષપુષ્પામૃત જૈન ગ્રંથમાળા
લાખાબાવળ - શાંતિપુરી
C/o. શ્રુતજ્ઞાન ભવન,
૪૫, દિગ્વિજય પ્લોટ,
જામનગર (સૌરાષ્ટ્ર)

● સંસ્કરણ ●

| | | |
|---|---|---|
| પ્રથમ | નકલ | ૨૦૦૦ |
| દ્વિતીય | નકલ | ૨૦૦૦ |
| તૃતીય | નકલ | ૧૦૦૦ |
| ચતુર્થ | નકલ | ૨૦૦૦ |
| પંચમ | નકલ | ૨૦૦૦ |
| ષષ્ટ | નકલ | ૩૦૦૦ |
| સપ્તમ | નકલ | ૨૦૦૦ |

| વીર સંવત | વિક્રમ સંવત | સને |
|---|---|---|
| ૨૫૨૮ | ૨૦૫૮ | ૨૦૦૨ |

મૂલ્ય રૂા. ૫૦-૦૦

પ્રાપ્તી સ્થાન

૧. શ્રી હર્ષપુષ્પામૃત જૈન ગ્રંથમાલા — C/o. શ્રુતજ્ઞાન ભવન, ૪૫, દિગ્વિજય પ્લોટ, જામનગર (સૌરાષ્ટ્ર)
૨. સેવંતીલાલ વી. જૈન — ૨૦, મહાજન ગલી, મુંબઈ-૨.
૩. સરસ્વતી પુસ્તક ભંડાર — હાથીખાના, રતનપોળ, અમદાવાદ.
૪. અશ્વિન એસ. શાહ — શેખનો પાડો, અમદાવાદ
૫. જૈન ઉપકરણ ભંડાર — ૧, વર્ધમાનનગર, રાજકોટ.

મુદ્રક : ગેલેક્સી પ્રિન્ટર્સ
અલંકાર ચેમ્બર્સ, ઢેબર ચોક, રાજકોટ - ૩૬૦ ૦૦૧.
ફોન : O. ૨૨૭૩૩૪ F.૩૮૯૩૯૧

'નારકી ચિત્રાવલી' માટે

પરમ પૂજ્ય વ્યાખ્યાન વાચસ્પતિ શાસન પ્રભાવક

**આચાર્યદેવ શ્રીમદ્ વિજય રામચંદ્રસૂરીશ્વરજી મ.**


તરફથી પ્રાપ્ત થયેલ

# મંગલ વચન

"નારકી ચિત્રાવલી" ઉપર ઉપરછલ્લી નજર નાખી જતાં લાગે છે કે- એના સંયોજક મુનિશ્રીએ સારો એવો પરિશ્રમ કર્યો છે. તીવ્ર વિષયાશક્તિમાંથી તીવ્ર કષાયશીલતા પેદા થાય છે અને વિષયને અતિશય આધીન બનેલા જીવો હિંસાદિક પાપોને તીવ્ર ભાવે આચરે છે. એ પાપ આચરવા માટેની યોજના ઘડવામાં એ પાપને આચરતી વેળાએ અને એ પાપ આચર્યા પછીથી એ જીવો ભારે આનંદ અનુભવતા હોય છે. એથી પરિણામોમાં ભારે કલુષિતપણું આવ્યા વિના રહેતું નથી. એથી બંધાએલા કર્મ જીવને નરકગતિમાં ઘસડી જાય એમાં નવાઈ નથી.

આ ચિત્રાવલી જોતાં અને વાંચતા જીવ પોતાનું પાપ જુએ અને વાંચે તો પાપ તરફનો એનો ઘસારો મંદ બની ગયા વિના રહે નહિ અને એમાંથી પાપ વિમુખતા પણ સર્જવા પામે - એજ આ ચિત્રાવલી જોયા - વાંચ્યાની સાર્થકતા છે, જીવ માત્ર દુઃખનો દ્વેષી તો છે જ, એમાં જો એના ધ્યાન ઉપર એમ આવી જાય કે- આવાં આવાં પાપકર્મો આચરવાથી હું ભયંકર કોટિનાં દુઃખોનો ભોગ બનીશ, તો એ પાપકર્મોથી પાછા હઠવાનો ભાવ પેદા થવો એ સ્વાભાવિક છે. એ કામ ચિત્રાવલી દ્વારા પણ શક્ય છે. આ ચિત્રાવલીની યોજના પાછળ એજ ભાવ રહેલો છે.

અનંત ઉપકારી મહાપુરૂષોએ પંચેન્દ્રિય પ્રાણિવધ, મહારંભ, મહાપરિગ્રહ, માંસાહાર, નિરનુગ્રહશીલતા વગેરેનું નરકનાં કારણો તરીકે વર્ણન કરેલું છે. હિંસાદિક કોઈ પણ પાપ જો તેના તીવ્ર રસપૂર્વક સેવાય તો તે નરકગતિની પ્રાપ્તિનું કારણ બને એમાં આશ્ચર્ય પામવા જેવું નથી. ગાઢ રાગ અને ગાઢ દ્વેષને લીધેજ હિંસાદિક પાપો તીવ્ર રસે સેવવાં એ શકય છે, અને ગાઢ રાગ - દ્વેષ ગાઢ મિથ્યાત્વ વિના સંભવે નહિ. નરકનું બ્યાન વાંચીને અગર નરકમાં જીવને ભોગવવાં પડતાં દુઃખોનું વર્ણન સાંભળીને માત્ર દુઃખથી ડરનારા નહિ બનતાં પાપથી ડરનારા બનવું જોઈએ. જે અઃતકરણમાં પાપના ડરનો વાસ છે, તે અન્તઃકરણનો સ્વામી કદી પણ નરકગતિને પામે નહિ અને દુઃખનો ડર ગાઢ રાગદ્વેષ પેદા કરે એ પણ શકય છે. આથી સૌ કોઈ પાપથી ડરનારા બનો અને હિંસાદિક પાપોથી દૂર રહેવાને પ્રયત્નશીલ બનો એજ એક - શુભાભિલાષા.



પરમ પૂજ્ય પરમશાસન પ્રભાવક વ્યા. વા. શાસન દિવાકર આચાર્યદેવ શ્રીમદ્ વિજય રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજાએ મારા પર અનહદ કૃપા કરી "મંગલ-વચન" લખી આપેલ છે તે માટે તેઓશ્રીનો ખૂબ ખૂબ આભાર માનું છું.

- સંયોજક

# સમર્પણ

પરમ પૂજ્ય પ્રશાંતમૂર્તિ પ્રકૃષ્ટવક્તા કવિરત્ન
પ્રવચન પ્રભાવક હાલારદેશોદ્ધારક
પરમ ઉપકારી ગુરૂદેવ
પૂજ્યપાદ આચાર્યદેવ

## શ્રીમદ્ વિજયઅમૃતસૂરીશ્વરજી મહારાજા

જેઓશ્રીએ
પ્રભુ મહાવીર દેવના શાસનનો
ભવ્ય જીવોના હિત માટે પ્રચાર અને પ્રસાર કરતાં અનેક આત્માઓને મોક્ષ માર્ગના યાત્રિક બનાવ્યા છે તે સાથે મને પણ અજ્ઞાન અને મિથ્યાત્વના ઘેરા વમળમાંથી ખેંચી, સંસાર પારાવાર પાર કરવા યાનપાત્ર સમ સંયમધર્મમાં સ્થાપન કર્યો છે અને શિવ સાધનાની સફળતા માટે જેઓશ્રીએ સતત હિતચિંતા કરી છે તેઓશ્રીના મહદુપકારની યત્કિંચિત સ્મૃતિમાં તેઓશ્રીને

## નારકી ચિત્રાવલી

સાદર સમર્પણ કરૂં છું

ગુરુદેવ કૃપાભિલાષી
**જિનેન્દ્રસૂરિ**

# સ્તુત્ય પ્રયાસ

શાસ્ત્રોમાં નરકભૂમિનું વર્ણન જોવા મળે છે. શ્રદ્ધાસંપન્ન જીવોને નરકભૂમિના અસ્તિત્વમાં સંદેહ નથી જ. શ્રદ્ધા વિનાના જીવોને પણ નરકભૂમિના નાસ્તિત્વમાં સંદેહ ઉપજાવનાર કોઈપણ ગ્રંથ કે વચન, અનુશાસનહીન આ (વર્તમાન) યુગમાં અતીવ ઉપાદેય છે. એટલે કે, શ્રદ્ધાસંપન્ન બની પોતાની ધર્મકરણીથી, બાહ્ય - સુખ - સામગ્રીના અભાવે પણ સંતુષ્ટ રહી શકશે. કારણ કે- ભવિષ્યમાં ચિત્રસ્થ દુઃખો નહિ મળે તેવી તેને હૈયાધારણ થશે. જ્યારે શ્રદ્ધારહિત જીવ આવા ગ્રંથને જોઈને બે ઘડીને માટે પણ જરૂર સાંશક બનશે... અને ભવિતવ્યતા યોગે પરિણામનો પલટો થવા સંભવ ખરો ! આ રીતે આ (નારકી ચિત્રાવલી) ગ્રંથ ઉભયકોટિના આત્માને વાસ્તવિક દ્રષ્ટિ આપનારો બની શકે તેમ છે.

પૂ. આ. શ્રી વિજય જિનેન્દ્ર સૂ. મહારાજશ્રીનો આ નિર્માણ પાછળનો સદાશય સૌ કોઈને આદરપાત્ર બની જાય તેવો છે. અસ્તુ

**પં. વૃજલાલ વાલજી ઉપાધ્યાય**
વેદાન્તાચાર્ય
પ્રાધ્યાપક - **શ્રી શાંતિદાસ ખેતશીભાઈ**
શ્રમણ સંસ્કૃત પાઠશાળા - જામનગર

સાતમી આવૃત્તિના

# પ્રકાશન અંગે થોડુંક

અમારી આ હર્ષપુષ્પામૃત જૈન ગ્રંથમાળા તરફથી 'નારકી ચિત્રાવલી'ની સાતમી આવૃત્તિ પ્રકાશિત કરતાં અમે ઘણો આનંદ અનુભવીએ છીએ.

આ નારકી ચિત્રાવલીની સં. ૨૦૧૭માં પ્રથમ આવૃત્તિ અને સં. ૨૦૨૭ માં બીજી આવૃત્તિ અને સં. ૨૦૩૩ માં ત્રીજી આવૃત્તિ ૨૦૩૬ માં ચોથી આવૃત્તિ સં. ૨૦૪૧માં પાંચમી આવૃત્તિ સં. ૨૦૪૮માં છઠ્ઠી આવૃતિ પ્રગટ થઈ છે. આ સાતમી આવૃત્તિ પ્રગટ થાય છે. આ એક અનુપમ અને બેનમુન પ્રકાશન છે. આજના યુગમાં જ્યાં હિંસા વગેરે પાપો તરફ લોકપ્રવાહ વહી રહ્યો છે ત્યારે તે પ્રવાહને જાગૃત કરવા, તેના એ અયોગ્ય વહેણને ડામવા, પાછો વાળવા આ ચિત્રાવલી જેવા પ્રકાશનની અગત્યતા કોઈ પણ સ્વીકારશે જ, અને છ આવૃત્તિના આવકારે એ સ્પષ્ટ કર્યું છે કે આ પ્રકાશન ખૂબ જરૂરી અને ઉપયોગી છે.

તપોમૂર્તિ પ. પૂ. આચાર્યદેવ શ્રીમદ્‌વિજય કર્પૂરસૂરીશ્વરજી મહારાજાના પટ્ટધર પ્રશાંતમૂર્તિ કવિરત્ન હાલારદેશોદ્ધારક પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજયઅમૃતસૂરીશ્વરજી મહારાજાના પટ્ટધર પૂ. આ. શ્રી વિજય જિનેન્દ્રસૂરીશ્વરજી મ. એ આ મહાન કાર્ય પોતાના ઘણાં ઉત્સાહ અને ચીવટથી ઉપાડીને પૂર્ણ કરેલું. આ પ્રકાશન જનતા સમક્ષ મુકાયું છે તે તેમને આભારી છે.

આ ચિત્રાવલીની હિન્દીમાં બીજી આવૃત્તિ પ્રગટ થઈ છે અંગ્રેજીમાં પણ તેની આવૃત્તિ પ્રગટ થઈ છે. આ પ્રકાશનની માંગ ઘણી ઘણી છે જેથી ગુજરાતીમાં આ સાતમી આવૃત્તિ પ્રગટ થાય છે. મુદ્રણ માટે ગેલેકસી પ્રિન્ટર્સ (રાજકોટ)નો આભાર માનીએ છીએ.

**'નારકી ચિત્રાવલી'** પછી **'સત્કર્મ ચિત્રાવલી'**ની પણ ત્રણ આવૃત્તિ પ્રગટ થયેલી છે. હિન્દી - અંગ્રેજી પણ પ્રગટ થઈ છે.

લિ.

તા. ૧-૩-૨૦૦૨
લાખાબાવળ

**દેવચંદ પદમશી ગુટકા**
વ્યવસ્થાપક
શ્રી હર્ષપુષ્પામૃત જૈન ગ્રંથમાલા

# આદિ વચન

## જૈન દર્શનની પ્રધાનતા

સમસ્ત સંસારના ત્રિવિધ તાપો ને અનેકવિધ પાપોથી આત્માને દૂર રાખી તેને ઉર્ધ્વગતિ પ્રાપ્ત કરાવનારને આત્માને અધ પતનમાંથી ઉગારનાર જો કોઈપણ શક્તિ હોય તો તે ધર્મ છે. જગતના સર્વ દર્શનોમાં આત્માનાં ઉર્ધ્વગમન માટે અનંત સંસારના પરિભ્રમણથી આત્માને દૂર રાખવા માટે, ને કેવળ મોક્ષની પ્રાપ્તિ માટે જ મથતું કોઈ પણ ધર્મદર્શન હોય તો તે શ્રી જૈન દર્શન જ છે. જૈન દર્શનની મૌલિક્તા, મહત્તા તથા અસામાન્યતા એ કારણે છે કે તે ધર્મ દર્શનમાં આચારે અહિંસાનું સર્વ સામાન્ય મહત્ત્વ સ્વીકારવામાં આવેલ છે, ન્હાની પ્રવૃત્તિમાં પણ કેવળ ન્હાનામાં ન્હાના જીવને બચાવવાની, તેના પ્રાણને રક્ષવાની ને તેને અભય આપવાની આ ચાર વ્યવસ્થા, વ્યવહાર પ્રણાલી ને રહેણી - કહેણીમાં જે સૂક્ષ્મતા જૈન દર્શનમાં ઉપદેશાઈ છે તેવી અન્યત્ર કોઈ પણ દર્શનમાં નથી એ સ્પષ્ટ દીવા જેવી હકીકત છે- મહાવ્રતો, વ્રતો, નિયમો, યમો ઈત્યાદિ જે ધાર્મિક આચારો જૈન ધર્મે પ્રબોધ્યા છે, તે બધાયનો પ્રધાનસૂર સર્વ જીવોને અભય આપવામાં રહેલો છે. આમ આચારમાં અહિંસાની સૂક્ષ્મતા જૈન ધર્મમાં જે રીતે રહી છે તે કારણે જીવ - અજીવ આદિ તત્ત્વોનું સૂક્ષ્માતિસૂક્ષ્મ નિરૂપણ જે જૈન દર્શનમાં દર્શાવ્યું છે તે ખરેખર અદ્વિતીય તથા લોકોત્તર છે.

## જૈન દર્શનનો સ્યાદ્વાદ સિદ્ધાંત

તદુપરાંત, વિચારોમાં સ્યાદ્વાદદૃષ્ટિ જૈન દર્શને પ્રબોધી છે, વાણીનો વ્યવહાર તથા પ્રત્યેક વ્યક્તિ કે વસ્તુ પરત્વેનો વિચારકોણ સાપેક્ષ દૃષ્ટિનો હોવો આવશ્યક છે. વાદો કે વિવાદો જ્યારે વસ્તુને જોવાની દૃષ્ટિ, વસ્તુતત્ત્વને વિચારવાની દૃષ્ટિ એકાંગી બને છે, ને વસ્તુમાં રહેલા બીજા અંગોથી નિરપેક્ષ બને

છે તેમાંથી જ ઉભા થાય છે. આ કારણે જૈનતત્ત્વજ્ઞાનનો પ્રાણ સ્યાદ્‌વાદ સાપેક્ષવાદ કે અનેકાંતવાદ છે.

વસ્તુમાં રહેલા અનંતા ધર્મોને પરસ્પર સાપેક્ષ દૃષ્ટિએ જોવા સમજવા, વિચારવા, સ્વીકારવા એનું નામ સ્યાદ્‌વાદ. દૂધ ધોળું છે, પ્રવાહી છે, મીઠું છે ઈત્યાદિ દૂધમાં રહેલા દરેક અંશોની જે વસ્તુમાત્રમાં દરેક અંશોને સદ્દહવા, એક પણ તેના ધર્મનો અપલાપ નહિ કરવો તે સ્યાદ્વાદનો મૂળભૂત પ્રાણ છે. જૈન ધર્મના આત્મવાદ તથા કર્મવાદની તુલના સમતોલ રાખનાર ધરી આ સ્યાદ્વાદ છે. જૈનદર્શનનું તત્ત્વજ્ઞાન સ્યાદ્વાદથી સભર છે. જૈન દર્શનનો આત્મવાદ, સ્યાદ્વાદદૃષ્ટિએ વિચારતાં જ વાસ્તવિક બને છે. નિત્ય અનિત્ય, બદ્ધ, મુકત, કર્તા, અકર્તા ઈત્યાદિ આત્મા વિષેની જે યથાર્થ હકીકત છે તે સ્યાદ્વાદદૃષ્ટિએ વિચારતાં જ ઘટી શકે છે.

## ઈતર દર્શનોનો એકાન્તવાદ

જૈન ધર્મ સિવાયના ઈતર ધર્મદર્શનો અહીં જ મૂંઝાયા છે. કાં તો આત્માને એકાંત નિત્ય, કાં એકાંત અનિત્ય, કાં આત્માને એકાંતે કર્તા કાં એકાંતે અકર્તા, કાં આત્માને એકાંતે બદ્ધ ને કાં એકાંતે અબદ્ધ. આમ એકાંકિત દૃષ્ટિને પ્રાધાન્ય આપવા વડે આત્માનું યથાર્થ સ્વરૂપ ઓળખવાથી ઈતર દર્શનો વંચિત બને છે.

## જૈન દર્શનનો સૂક્ષ્મ કર્મવાદ

કર્મવાદનું પણ તત્ત્વજ્ઞાન એટલું જ સૂક્ષ્મ - અતિસૂક્ષ્મ જૈન દર્શને પ્રબોધ્યું છે, આત્મા કર્મોને મિથ્યાત્વ, અવિરતિ, વિષય, કષાય તથા પ્રમાદના કારણોથી બાંધે છે ને એના ઉદય કાલમાં પરાધીનપણે રાગ-દ્વેષ પૂર્વક ભોગવવામાં નવાં ને નવાં કર્મોને આત્મા બાંધતો રહે છે. આમ સંસારમાં અનાદિ કાલથી આત્મા મોહ મિથ્યાત્વાદિને પરાધીન બની કર્મોને બાંધતો આવે છે ને તેના યોગે સંસારમાં ચારે ગતિઓ દેવ, મનુષ્ય, તિર્યંચ તથા નારકીમાં ભટકતો રહે છે. આ ક્રમ શૃંખલાબદ્ધ ચાલુ છે મન,

વચન તથા કાયાની જેટલી આસક્તિ, રસ અને તીવ્રતા કર્મોને બાંધતી વેળા આત્મા રાખે છે, તેટલા જ તીવ્રપણે ઉત્કૃષ્ટ રીતે કર્મ બંધના પરિણામે આવતાં ફળોને આત્માએ ભોગવવાં પડે છે. આત્મા પોતે કરે છે અને પોતે ભોગવે છે આ સિદ્ધાંત જૈન દર્શને મૌલિક રીતે ઉપદેશ્યો છે.

ઈશ્વર, કાલ કે કોઈ ઈતર વ્યક્તિ, આપણને કે અન્ય વ્યક્તિને, સુખ કે દુઃખ આપે છે એ માન્યતાને જૈન દર્શન નકારે છે. આપણે જે કાંઈ કર્મો ઉપાર્જીએ છીએં તે તે કર્મોના વિપાક પરિણામ રૂપે આવતા સુખદુઃખ આપણે ભોગવવાનાં રહે છે. એટલે એ હકીકત ફલિત થાય છે કે, આત્મા પોતે જે કાંઈ શુભ કે અશુભ કર્મોને બાંધે છે તેના પરિણામ તેને પોતાને ભોગવવાના રહે છે. સિવાય અન્ય વ્યક્તિ નિમિત્ત રૂપે તે વ્યક્તિના સુખદુઃખમાં રહે છે. આથી કોઈ એમ ન માની લે કે, જ્યારે પોતાના કરેલાં કર્મો પોતાને જ ભોગવવાનાં રહે છે. તો પછી એક વ્યક્તિ બીજી વ્યક્તિને દુઃખ આપતી નથી કે સુખ આપતી નથી તો અહિંસા, અભય કે હિંસા આદિનો તથા હિંસક કે અહિંસકનો વ્યવહાર કઈ રીતે રહે ? આનો ઉત્તર સ્પષ્ટ છે. સામી વ્યક્તિના અશુભ કર્મોનો ઉદય જ્યારે વર્તતો હોય છે કે વર્તવાનો હોય છે ત્યારે બીજી વ્યક્તિ તેને કોઈ ને કોઈ રીતે દુઃખ, પીડા, હિંસા કે પરિતાપ આપવામાં તે વ્યક્તિ જે હિંસા આપવાના મનના સંકલિષ્ટ પરિણામ રાખે છે, ચિત્તને કલુષિત્ બનાવે છે ને હું આને દુઃખ આપું તે રીતે જે અધ્યવસાય રાખે છે ને પ્રમાદાદિના કારણે આ બધું જ કરે છે, તે દૃષ્ટિએ તેને હિંસા લાગે છે. એ જ રીતે ઉપયોગપૂર્વક કોઈપણ જીવના પ્રાણોને અભય આપવાની મનોવૃત્તિથી વિરતિમાં રહેનારો આત્મા અહિંસક રહે છે, ને તે દ્વારા તે અહિંસા ધર્મની આરાધના કરનારો બને છે, એટલે જીવ પોતાનાં શુભાશુભ કર્મના પરિણામ રૂપ સુખ-દુઃખ પામે છે, પણ તેમાં નિમિત્ત બનનાર વ્યક્તિ પોતાના અધ્યવસાય, મનના પરિણામ તથા પ્રમાદ, અવિરતિ અને અપ્રમાદ વિરતિ આદિથી તે

સુખ દુઃખ હિંસા અહિંસાનો પોતે ભાગીદાર બને છે. માટે જ જૈન દર્શન પરિણામમાં આત્માના અધ્યવસાયમાં બંધ માને છે.

## જૈન દર્શનનો પ્રધાન ઉદ્દેશ

આથી એ હકીકત સ્પષ્ટ છે કે જૈન દર્શનનું કર્મવાદ વિષેનું તત્ત્વજ્ઞાન એટલું સુસંવાદી તથા સંગીન છે કે જગતની દેખાતી તમામ વિચિત્રતાઓ આનાથી સંગત બની શકે છે. સંસારમાં જણાતી વિષમતાઓની વચ્ચે કર્મવાદની ફીલોસોફીને પરિણમાવનાર સમાધિપૂર્વક રહી શકે છે. તે નિરર્થક અકળાતો નથી કે ઉકળતો નથી. જગતની ગમે તેવી પણ પરિસ્થિતિમાં કર્મવાદના તત્ત્વજ્ઞાનનો શ્રદ્ધાળુ પોતાની જાતને નિર્લેપ રાખી શકે છે. શુભ કે અશુભ કર્મના વિપાકોને ધૂપ-છાવની રમત સમજીને તે શુભ કર્મના ઉદય વેળાએ હર્ષઘેલો ન બને, ને અશુભ કર્મના ઉદય વેળાયે તે દીન ન બને, પણ પોતાની જાતને સમચિત્ત રૂપે રાખી શકે. ખરેખર જૈન દર્શનના કર્મવાદનું તત્ત્વજ્ઞાન સંસારમાં વિવેકી આત્માઓને નવો રાહ ચિંધે છે. આત્મા કર્મથી નિર્લેપ કેમ રહે ? ને કર્મ બંધના કારણોથી દૂર કેમ રહે ? તે વસ્તુ આ કર્મવાદનું તત્ત્વજ્ઞાન આપણને સમજાવે છે. કર્મના કારણે જ આત્મા ચારે પ્રકારની ગતિઓમાં પરિભ્રમણ કરી રહ્યો છે, ને જન્મ-મરણની અનંત પરંપરામાં અટવાઈ રહ્યો છે. તે વસ્તુ જૈન ધર્મે આ કર્મવાદનું તત્ત્વજ્ઞાન ઉપદેશી ફરમાવી છે. ને તેના નિષ્કર્ષ તરીકે એ વસ્તુ ફલિત થાય છે કે, આત્માએ - પ્રત્યેક સંસારી જીવે સર્વથા કર્મના બંધનથી મુકત થવા એટલે કે મોક્ષ પ્રાપ્ત થાય એ રીતે મથ્યા કરવું અને જ્યાં સુધી કર્મ બંધનોથી સર્વથા દૂર ન થવાય ત્યાં સુધી અશુભ કર્મના બંધનથી સર્વથા દૂર રહેવું એ ક્રમે શુભમાં આવતો આત્મા ક્રમશઃ સર્વથા કર્મ બંધનથી છૂટી જશે ને સર્વથા કર્મથી મુકતદશા સિદ્ધપદને પ્રાપ્ત કરશે.

આ જ જૈન દર્શનનો પ્રધાન ઉદ્દેશ છે.

### પ્રસ્તુત પ્રકાશનની ઉપયોગિતા :

આ જ ઉદ્દેશને નજર સમક્ષ રાખીને સંસારમાં રહેલા જીવો અશુભ તથા દુષ્ટ કર્મોને બાંધીને દુર્ગતિમાં - નારકાદિમાં ન પડે તે કારણે નરકનું સ્વરૂપ દર્શાવતું આ પ્રકાશન આજે પ્રસિદ્ધિને પામે છે, પ્રત્યેક જીવ શુભ પ્રવૃત્તિઓમાં જોડાય છે અને અશુભ પ્રવૃત્તિઓથી પાપ પ્રવૃત્તિઓથી પાછો હઠે છે, તેમાં સમજણ, સંસ્કાર, ભય, લજ્જા, શરમ, સંકોચ, શિક્ષણ તથા પ્રેરણા અને પ્રીતિ કારણ તરીકે રહેલા હોય છે. આ બધાયમાં સંસ્કાર કે સમજણ સર્વને હોતાં નથી શિક્ષણ તથા પ્રેરણા પરિચયથી પ્રાપ્ત થાય છે. જ્યારે લજ્જા, શરમ અને સંકોચ તો યોગ્ય વ્યક્તિને પ્રેરક બને છે. પ્રીતિ બધાને પ્રેરણા ન આપે, પણ ભય એવી વસ્તુ છે કે એનાથી જ્ઞાની કે અજ્ઞાની સ્હેજે અશુભ પ્રવૃત્તિઓથી પાપ પ્રવૃત્તિઓથી તથા દુષ્ટ કર્મબંધનોથી દૂર રહે તેમ બને તે વધુ સ્વાભાવિક છે. આ જ કારણે આજે જ્યારે ચોમેર જડવાદ, નાસ્તિકતા તથા સ્વચ્છંતાનો નિરંકુશ પવન જોરશોરથી ફૂંકાઈ રહ્યો છે, તેવા અવસરે આત્માર્થી બાળજીવોને પાપ કર્મોના દારૂણ વિપાકો તેમની મનઃચક્ષુ સમક્ષ મૂકી તેનાં કારણ અશુભ - દુષ્ટ કર્મો પ્રત્યેનો ભય ઉત્પન્ન કરવો વિશેષ રીતે ઈચ્છનીય તથા હિતાવહ છે. આ જ એક કરુણાબુદ્ધિથી જૈનશાસનમાં - જૈનસિદ્ધાંતમાં દર્શાવેલા પાપકર્મો નરકગતિમાં જઈને આત્માને ભોગવવા પડતાં કટુફલો સ્પષ્ટ સુરેખ તથા ભાવવાહી ચિત્રો દ્વારા આ પ્રકાશનમાં જે રીતે પ્રદર્શિત કરવામાં આવ્યા છે તે સર્વ રીતે ઉપકારક છે.

### પ્રકાશનની વિશિષ્ટતા અને પ્રયોજકનો વિશિષ્ટ પ્રયત્ન :

એક - એક ચિત્ર અસરકારક તથા હૃદયસ્પર્શી છે સાથે કારણ તથા કાર્યનો સુમેળ સધાયો છે. એક બાજુ તે દુષ્ટ કર્મોને આચરતા આત્માની તે કારવાઈ બતાવી છે ને બીજી બાજુ તેનું નરકગતિમાં આત્માને ભોગવતું પડતું દારૂણ પરિણામ બતાવ્યું છે.

અને સાક્ષી રૂપે જૈન સિધ્ધાંતોના પ્રમાણો તેમજ ઈતર ધર્મદર્શનોનાં પ્રમાણો મુકયાં છે એકંદરે આ પ્રકાશન આ વિષયનું સર્વ પ્રથમ તથા અપૂર્વ છે. યોજક મુનિરાજ **શ્રી જિનેન્દ્રવિજયજી** ની દ્રઢ ચીવટ, અતુલ પરિશ્રમ તથા અનુપમ ખંત તેમજ તે વિષેની સાહિત્ય સામગ્રી મેળવવાની ઊંડી ધગશ આ વિષયના જિજ્ઞાસુઓને માટે ખરેખર ઉપકારક છે. આપણા સર્વની તે પ્રશંસા માગી લે છે. ગ્રંથને સર્વાંગ સુંદર બનાવવા યોજક તથા સંપાદક મુનિરાજશ્રીની કાર્યકુશળતા પાને પાને દૃષ્ટિગોચર થાય છે. શાસ્ત્ર પ્રમાણો ઉપરાંત ચિત્રો વિષે ગુજરાતી સરલ કાવ્યોની ગૂંથણી પણ પુસ્તકની ઉપયોગિતામાં વધારો કરે છે. અસાધારણ પરિશ્રમ વિના તથા તે વિષયના તલસ્પર્શી અભ્યાસ વિના આવું સુંદર પ્રકાશન તૈયાર થવું શકય નથી.

### વર્તમાન જગત પર આની અસર :

શ્રદ્ધાશીલ બાળ, યુવાન, પ્રૌઢ તથા વૃદ્ધ સર્વ કોઈ વર્ગને, શાસ્ત્રોએ દર્શાવેલા પાપકર્મોના વિપાકોને વધુ સ્પષ્ટતાથી સમજાવવા માટે આ પ્રકાશન સવિશેષ ઉપકારક છે. ધર્મશાસ્ત્રોમાં જેઓને શ્રદ્ધા નથી તેવો વર્ગ પણ આ એક વાર હાથમાં લેશે તો તેને પણ સમજાશે કે આ દેખાતા લોકમાં કરેલાં કર્મો કઈ રીતે આત્માએ પોતે ભોગવવાનાં રહે છે ? આ લોકમાં કદાચ ઉગ્ર પાપાનુબંધી પુન્યતાના ઉદયે આત્માએ કરેલા ઘોર પાપોનું ફળ તેને ન મળે, પણ આત્માએ સ્વયં ઉપાર્જેલ એ ઘોરતમ પાપોનું ફલ અન્યત્ર કોઈ સ્થળે તેને અવશ્ય ભોગવવાનું છે તે વસ્તુ આ ગ્રંથ સરલપણે જેને હૈયાની આંખો ઉઘાડી છે તેને સમજાવે છે.

તદ્દુપરાંત આ જે મોજશોખ માટે, ખાન-પાનના વિવેકને જેઓ ભૂલ્યા છે, સંયમકુલની મર્યાદા કે નિષ્કારણ ઉપકારી પરમ કરૂણા સાગર શાસ્ત્રકાર ભગવંતોએ દર્શાવેલા સદ્ધર્માચારોને જેઓ નેવે મૂકીને વિનય, વિવેક, ઔચિત્ય, લજ્જા, પાપભય, સંસ્કાર તથા સહિષ્ણુતા, તપ, જપ, ત્યાગ, વૈરાગ્ય, ઈત્યાદિ સુંદર

કોટિના ગુણોને ત્યજીને જેઓ હિંસા, જુઠ, ચોરી, પરિગ્રહ, કુશીલતા, સાત વ્યસનો, અપ્રમાણિકતા, અનીતિ, છળ, પ્રપંચ, વિશ્વાસઘાત, દેવગુરુધર્મની આશાતના, ધર્મ આચરનારની હાંસી, ગુણીજનોના અવર્ણવાદ, નિંદા, કુથલી, રાત્રિભોજન, કંદમૂળ, ભક્ષણ, વડિલોનું અપમાન, પરિગ્રહ પાપારંભો ઈત્યાદિ દુષ્ટ પાપોને સેવે છે. તેઓને તે બધા પાપોના પરિણામે કેવાં કારમાં દુ:ખોની વેદના ભોગવવી પડે છે તે હકીકત સ્પષ્ટ રૂપે આ ચિત્રાવલી દર્શાવે છે.

ખરેખર આ પ્રકાશન હાથમાં લેતાં ને નજર ફેરવતાં જરૂર લાગે છે કે, "હસતાં બાંધ્યા કર્મ તે રોતા પણ ન છૂટે" આ શાસ્ત્રીય ઉકિતનું રહસ્ય યથાર્થ છે.

આજના યુગમાં વધતા પાપાચારો તથા તેના પ્રત્યેની ઘટતી ધૃણા કે પાપ પ્રત્યે નિર્ભયતા, નઠોરતા ને ધર્માચરણો પ્રત્યેનો અણગમો વગેરે દુષ્ટ તત્ત્વોને આ પ્રકાશન સાવચેતીના લાલ સિગ્નલ ધરે છે. એકંદરે પ્રકાશન પ્રસિદ્ધિ થતાં ૨૧૫ ચિત્રો સંસારના અનેક દારૂણ તથા સામાન્ય પાપોને મનના કિલષ્ટ પરિણામથી આત્મા જે રીતે બાંધે છે, તે પાપકર્મોના વિપાકોને સ્પષ્ટ કરે છે. ને તે દ્વારા વાચકવર્ગના માનસપટ પર પાપોના ભયથી ધૃણા પેદા કરવામાં આ પ્રકાશન અવશ્ય સફળ બનશે, તે નિ:શંક છે.

## સુંદર સમૃદ્ધ અદ્વિતીય પ્રકાશન :

ચિત્રોનું આ પ્રકાશન સારા, સ્વચ્છ આર્ટ પેપર પર ત્રિરંગી કલરોમાં જે રીત પ્રસિદ્ધ થઈ રહ્યું છે તે કલાની દૃષ્ટિએ તથા શાસ્ત્રીય દૃષ્ટિએ સમૃદ્ધ તથા સુંદર પ્રકાશન છે. એક એક ચિત્રની સમજણ ગુજરાતીમાં રજૂ કરીને આ પ્રકાશનની ઉપયોગિતામાં સંયોજક તથા સંપાદક મુનિરાજશ્રીએ ઓર વધારો કર્યો છે. આવું અદ્વિતીય પ્રકાશન આજે પ્રસિદ્ધિને પામે તે માટે જરૂર તેઓના પરિશ્રમ, સંયોજન-સંપાદન શકિતને ધન્યવાદ આપવાનું મન થાય છે.

## પ્રકાશનની સફળતા :

આ પ્રકાશનની પાછળ તન, મન તથા ધનનો જે સદ્વ્યય થયો છે તે અવશ્ય અનુમોદનીય છે. આવકાર પાત્ર છે. જૈન દર્શનના કર્મવાદના તત્ત્વજ્ઞાનને અશુભ કર્મો તથા દુષ્ટ કર્મોના જૈન ધર્મે દર્શાવેલા દારૂણ વિપાકોને તેમજ પાપકર્મને આચરતા આત્માની મોહમૂઢતાના કારણે થતા સંકલિત પરિણામને સમજવા માટે આ પ્રકાશન સર્વ રીતે ઉપયોગી તથા મહત્વનું છે. સર્વ કોઈ આ પ્રકાશનના ઉદ્દેશને સમજી પાપકર્મોના દારૂણ વિપાકોથી ઉદ્વિગ્ન બની પાપકર્મનાં બંધનોથી જ તેમજ પાપોને આચરતી વેળાએ મન, વચન તથા કાયાની પ્રમાદ દશા તથા ચિત્તની સંકલિષ્ટતા ઈત્યાદિથી આત્માને દૂર - સુદૂર રાખવા ઉજમાળ બને, જેથી પ્રકાશન પાછળ તેના સંયોજક તથા સંપાદકનો તેમજ સહાયક શ્રાવકવર્ગ આદિ સર્વ કોઈના પરિશ્રમ સફળ બને, એ શુભ અભિલાષા સહ આ પ્રકાશનની સફળતા ઈચ્છતો હું વિરમું છું.

જૈન તપાગચ્છ ઉપાશ્રય
અંજાર (કચ્છ)
વીર સં. ૨૪૮૭
તા. ૨૮-૭-૬૧
અષાડ સુદી ૧૫

પૂ. પાદ પરમશાસનપ્રભાવક વ્યાખ્યાન વાચસ્પતિ
આચાર્યદેવ શ્રીમદ્ વિજયરામચંદ્રસૂરીશ્વર
શિષ્યાણુ પં. કનકવિજય ગણિ.
(હાલ સ્વ. પૂ. શ્રી વિજયકનચંદ્રસૂરીશ્વરજી મ.)

# સંપાદકનું નિવેદન

ચાર ગતિ રૂપ સંસારમાં જીવો અનાદિકાલથી ભમી રહ્યા છે. મિથ્યાત્વ, અવિરતિ, કષાય અને અશુભ યોગ એ, અનાદિથી આત્માની ભવભ્રમણની સ્થિતિનાં કારણ છે. મિથ્યાત્વ એટલે સ્વમાં પર બુદ્ધિ, પરમાં સ્વબુદ્ધિ. સ્વ એટલે આત્મા તેના જ્ઞાનાદિ ગુણો અને તે ગુણોને પ્રકટાવવામાં સહાયક દેવગુરુ આદિ. પર એટલે તે સિવાયનો કંચન કાયાદિ સારોય સંસાર. અવિરતિ એટલે હિંસાદિ અપરિત્યાગ. કષાયો. 'અવિરતિમાં સહાયક ક્રોધ, માન, માયા અને લોભ. અશુભ યોગો એટલે અવિરતિમાં વર્તતા મન, વચન અને કાયા.

આ ચર્ચેલા ચાર કારણો દ્વારા આત્મા અશુભ કર્મને બાંધે છે, અને દુર્ગતિના દુઃખને દીનતાથી ભોગવે છે. અશુભ કર્મની પરાકાષ્ઠા, તીવ્રતા, આત્માને ઘન દુઃખોના નિકેતન સમ નરકમાં કષ્ટોના ભોગ બનાવે છે.

દેવ, મનુષ્ય, તિર્યંચ અને નરક, આ ચાર ગતિમાં પણ નરકમાં અત્યંક દુઃખ હોય છે, જે દુઃખ આત્મા પોતે કર્મને યોગે ભોગવે છે. આત્માને સુખની ઈચ્છા હોવા છતાંય અજ્ઞાન અને મિથ્યાત્વ આદિના યોગે આત્મા પાપના પુંજ ભેળા કરે છે, અને નરકાદિમાં તેને વેદે છે, આત્મા પાપથી પાછો હઠે, મિથ્યાત્વને છોડે અને ધર્મ તરફ વધે, સમ્યક્ત્વ, વિરતિ, કષાયત્યાગ અને શુભ યોગ સાધે તો અંતે તેનું ભવભ્રમણ પણ ભેદાય જાય.

વર્તમાનના વિષમ વાતાવરણમાં એ અંગેનો વિવેક ઘણો વિસરાયેલો જણાય છે. માનવ પ્રવાહ આજે ભૌતિક સ્વાર્થ તરફ ભારે ઢળી ગયો છે અને તે તેમાં પુન્ય પાપનો વિવેક વેગડો મુકી, મોહમાં અંધ બની, સ્વાર્થપૂર્તિ માટે મથતો તે, સચેતન આત્માને સળગાવીને પ્રગતિની ગુલબાંગ ગગડાવી રહ્યો છે.

પૂર્વના મહાનપુરુષોએ જીવોને સભાનતા પ્રાપ્ત કરાવવા ઉપદેશોના ધોધ વહેવડાવી બોધ આપવા પ્રયત્ન કર્યો છે. કરૂણાભાવે અનેકાનેક તત્ત્વનાં વિવેચનો અને વિસ્તરણો જગત માટે વહેતા મૂકયાં છે, પરંતુ એ તરફ આજે લક્ષ આપવા જેટલોય અવકાશ આજનો પ્રગતિશીલ ગણાતો માનવ મેળવતો નથી તો પછી તેના ઉપર વિવેકપૂર્વકની વિચારણાની વાત કયાં વદવી ?

પરંતુ બાલજીવોને જ્ઞાનીઓનો ઉપદેશ સરળ સ્વરૂપમાં મળી જાય તો જ્ઞાન પ્રાપ્ત થાય અને સહજભાવે તે ઉપદેશ દ્વારા પાપથી વિરામ પામી ધર્મ તરફ ધસે. જ્ઞાનીઓએ બતાવેલા માર્ગને ઓળખી મોક્ષ માર્ગે આગળ વધે.

આજ આશયથી આ નારકી ચિત્રાવલીનો વિચાર, વિસ્તાર અને વિવેચન તથા પ્રકાશન કરાયેલ છે. ચિત્રાવલી અંગે મને ઘણીવાર પ્રયત્ન કરવા ઈચ્છા થતી. પરંતુ વિ. સં. ૨૦૧૩માં પહેલાં શ્રાવક ભીમસિંહ માણેક તરફથી પ્રકાશિત થયેલા ચિત્રો મેં જોયેલાં. કેટલીક પ્રેરણા તેમાંથી મેળવી આ કાર્ય શીઘ્ર કરવાનું મને ગમ્યું.

આજના યુગમાં આવાં સરળ બોધક ચિત્રો જીવોને જરૂર પાપથી પાછા ફરવાની ભાવના જગાડી દે, તે માટે સારા ચિત્રકારની પ્રતિક્ષા કરતો સંવત ૨૦૧૫માં જામનગર પ્લોટના શ્રી વિમલ દરબારના ચિત્રકામ માટે ચિત્રકાર પ્રીતમલાલ હરિલાલ ત્રિવેદી આવ્યા. તેમણે કરેલ દહેરાસરજીના પટ્ટ વિગેરેના ચિત્રકામ જોતાં આ કાર્ય તેમની પાસે કરાવવાનું વિચાર્યું અને તેમણે પણ આ ચિત્રો ઘણી જ ખંતથી આલેખ્યાં અને આ રીતે કાર્યનો આરંભ થયો.

ચિતરાયેલાં ચિત્રોનાં ઘણાનાં ચિત્ત આકર્ષ્યાં અને શીઘ્ર પ્રસિદ્ધ કરવાની માંગણીઓ થવા લાગી. પરંતુ આવું વિશાળ કાર્ય એમ શીઘ્ર હાથ ધરવું શકય ન હતું. નકલો નોંધવાની ચાલુ થઈ

અને સારો પ્રચાર થયો. સં. ૨૦૧૬ માં દિવાળી પછી લગભગ કાર્ય શરૂ થયું. સારા આવકારને કારણે સફળતાપૂર્વક ચિત્રાવલીની ૧લી આવૃત્તિ પ્રસિદ્ધ થઈ. પછી ૨૦૨૭ માં બીજી ૨૦33માં ત્રીજી અને ૨૦3૬માં ચોથી અને ૨૦૧૪૧ માં પાંચમી અને આ ૨૦૪૮ માં છઠી આવૃત્તિ અને આ સં. ૨૦૫૮માં સાતમી આવૃત્તિ પ્રગટ થાય છે.

હવે ગ્રંથ અંગે થોડું જોઈએ.

ચિત્રાવલીમાં કુલ ૨૧૫ ચિત્રો છે. અશુભ કર્મ અને તેના ફળને દર્શાવતા ૧૫૦ ઉપર ચિત્રો છે, જ્યારે બાકીના ચિત્રો નરકમાં પ્રાપ્ત થતી અનેકવિધ વેદનાનાં છે. સામાન્ય રીતે અમુક પાપકર્મ કરીને નરકમાં જીવ પ્રાપ્ત થયો પણ ત્યાં લાંબા કાળ સુધી તેને એક જ પ્રકારનું દુઃખ ન હોય પરંતુ અનેક પ્રકારના દુઃખો તેને સતત ભોગવવા પડે છે એટલે મુખ્યતાએ શરૂઆતમાં કાર્યને ઉદ્દેશીને ચિત્રો અપાયા છે અને પાછળ માત્ર વેદનાનાં ચિત્રો આલેખાયાં છે. દરેક ચિત્રમાં નંબર આપેલા છે અને એ મુજબ ચિત્ર નીચે ટુંકમાં અને ચિત્ર સામેના પેજમાં કાવ્યો દ્વારા સમજણ આપી છે.

નારકી છે કે નહિ ? નારકીના દુઃખો છે કે નહિ ? એવી કદાચ શંકા ઘણાને ઉભી થાય ! પરંતુ આખી ચિત્રાવલીના પાને પાને પ્રકાશતા, શાસ્ત્રીય પ્રમાણોના અક્ષરે અક્ષર વાંચતા એ શંકા દૂર થશે. જૈન તેમજ જૈનેતર શાસ્ત્રોના અનેકવિધ પ્રમાણોથી આ ચિત્રાવલી અંકિત કરાયેલી છે.

ચિત્રાવલીમાં નાના પાપથી માંડીને મોટા પાપ સુધી બધા ચિત્રો આલેખ્યા છે, તેથી તે બધાને નરક કેમ મળે ? તેવું કદાચ કોઈને પ્રથમ દૃષ્ટિએ લાગશે. પરંતુ તે અંગે સમાધાન સહજ છે. આત્મા કોઈ પણ પાપ કરતો હોય ત્યાં તેની પાસે રહેલા રૌદ્રધ્યાન આદિ તીવ્ર અશુભ પરિણામો તેને નરક ગતિના અનુબંધના હેતુભૂત થાય છે. તેનાથી વિપરીત અશુભ કર્મ કરતાં પણ ખેદ,

ડંખ, ભૂલનું ભાન અને પોતાની કમનશીબી દેખાતી હોય તો તે અશુભ કર્મ કરવા છતાંય કર્મનો બંધ તીવ્ર ન પડે અને તેથી તીવ્ર દુઃખના સ્થાન રૂપ નરકાદિનું દુઃખ મલે તેવું કર્મ ઉપાર્જન ન થાય. ભયંકર પાપ કર્મો કરનાર પણ પશ્ચાત્તાપ, પ્રાયશ્ચિત તપ અને સંયમ સાધી લે તો પાપથી મુકત થઈ, સદ્ગતિ પામી જાય છે.

એ કારણે એક કાર્યના પરિણામ વિશે અનેક ફલ આવી શકે છે, તેમ શાસ્ત્રો વર્ણવે છે. થોડાં ઉદાહરણ જોઈએ.

(૧) नपुंसकत्वं तिर्यक्त्वं, दौर्भाग्यं च भवे भवे ।
भवेन्नराणां स्त्रीणां, चान्यकान्तासक्तचेतसाम् ॥

જે પુરુષો પરસ્ત્રીને વિષે અને જે સ્ત્રીઓ પરપુરુષને વિષે આસકત હોય તેને નપુંસકપણું, તિર્યંચપણું અને દુર્ભાગ્યપણું ભવેભવે પ્રાપ્ત થાય.

भक्खणे देवदव्वस्स, परत्थीगमणेण य ।
सत्तमं नरयं जंति सतवाराउ गोअमा ॥

દેવદ્રવ્યનું ભક્ષણ કર્યે છતે તથા પરસ્ત્રીગમન કરવા વડે હે ગૌતમ ! તે જીવ સાતમી નરકમાં સાત વાર જાય છે.

અહિં પરસ્ત્રીગમન પાપના ફલની ભિન્નતા ભાળી શકાય છે.

(૨) कुटमानतुलावन्तो मिथ्याभाषणतत्पराः ।
मायाविनो जना यान्ति तैरश्चे जन्म निश्चितम् ॥

ખોટા પ્રમાણ અને વજન રાખનારા, જુઠ બોલવામાં તત્પર અને માયાવી લોકો તિર્યંચપણાને પામે છે.

अलिअं सइंपि भणिअं विहणइ बहुआइं सच्चवयणाइं ।
पडिओ नरयंमि वसू इक्केण असच्चवयणेणं ॥

એક જ વખત બોલેલું અસત્ય વચન ઘણાં સત્ય વચનોનો નાશ કરે છે, એક અસત્ય વચન વડે વસુરાજા નરકમાં ઉત્પન્ન થયો.

અહિં અસત્ય વચનના ફલની જુદાઈ જણાય છે.

(૩) उलुककाकमार्जारगृध्रशम्बरशुकरा: ।
अहिवृश्चिकगोघाश्च जायंते रात्रिभोजनात् ॥

રાત્રિભોજન કરવાથી ઘુવડ, કાગ, નાગ, જરિ, ગીધ, શમ્બર, સૂવર, સર્પ, વીંછી, ગોધાના ભવ પ્રાપ્ત થાય છે.

चत्वारो नरकद्वारा: प्रथमं रात्रिभोजनम् ।
परस्त्रीगमनं चैव सन्धानान्तकायिके ॥ (पृ.३४)

નરકના ચાર દરવાજા છે, પહેલું રાત્રિભોજન, બીજું પરસ્ત્રીગમન, ત્રીજું બોળ અથાણું, ચોથું અનંતકાય ભક્ષણ.

जे सव्वरीसु पुरिसा, भुज्जन्तिह सीलसंजमविहुणा ।
महुमज्जमंसनिरया, ते जन्ति मया महानरये ॥

જે લોકો રાત્રિભોજન કરે છે, શીલ સંયમ હીન છે, મધ, દારૂ, માંસનું ભક્ષણ કરવામાં તત્પર છે. તે મરીને મહાનરકમાં જાય છે.

અહિં રાત્રિભોજનના ફલની વિભિન્નતા દેખાય છે.

ઉપર પરસ્ત્રીગમન, અસત્યવચન અને રાત્રિભોજન પાપનાં ત્રણ ઉદાહરણ જોયાં. જે ભિન્નતા જણાય છે તે તેવા પ્રકારના અધ્યવસાયને આભારી છે. કોઈપણ પાપ કરતા તીવ્રતમ અશુભ પરિણામી બને તો તે પાપનું અંતિમ ફલ જે નરક વિગેરે છે તેનો તે ભોકતા બને, એટલે ચિત્રાવલીમાં વર્ણવેલા દરેક કર્મ અને તેના ફલ અંગે આ વિચારણા સુસંગત થશે.

ચિત્રાવલીમાં જૈન જૈનેતર અનેક શાસ્ત્રોનાં અનેક પ્રમાણો આપેલા છે એ અંગે થોડું જોઈએ.

જૈન આગમ ગ્રંથોમાં આચારાંગાદિ અગ્યાર અંગસૂત્ર ઔપપાતિકાદિ બાર ઉપાંગસૂત્ર, ચઉશરણાદિ દશ પયન્નાસૂત્ર, આવશ્યકાદિ ચાર મૂલસૂત્રો છે. છ છેદસૂત્રો અને બે ચૂલિકા નંદી અને અનુયોદ્વાર સૂત્રો, એમ કુલ પીસ્તાલીશ સૂત્રો મુખ્ય છે. તેના

ઉપર નિર્યુક્તિ ચૂર્ણિ ભાષ્ય ટીકા વગેરે પ્રસિદ્ધ છે તેમાંથી આચારાંગાદિ અનેક પ્રમાણો લીધાં છે જે પ્રમાણ ગ્રંથ અનુક્રમ જોવાથી જણાશે.

ઉપરાંત અનેક પ્રકરણ અને ચરિત્રગ્રંથો પ્રસિદ્ધ છે તેમાંથી પણ પ્રમાણો અવતર્યા છે. ચરિત્રગ્રંથોમાં 'પઉમ ચરિયં' જેની રચના પ્રભુ મહાવીરદેવના નિર્વાણથી ૫૨૦ વર્ષે થયેલ છે. તે સૌથી પ્રાચીન જણાયું છે.

શાસ્ત્રોમાં નારકી અંગે વિસ્તારપૂર્વક વિવેચનો છે એ બધાનું અવતરણ આ ગ્રંથમાં લેવું શકય જ નથી. શ્રી ભગવતી સૂત્ર શ્રી પ્રશ્નાવ્યાકરણ, શ્રી જીવાભિગમ સૂત્ર શ્રી ભવભાવના વિગેરેમાં મોટા વર્ણનો છે. દિગમ્બર ગ્રંથોમાં કષાયપાહુડ ધવલાદિ તથા શ્વેતાંબર દિગમ્બર માન્ય શ્રી તત્ત્વાર્થ સૂત્રમાં વિવેચનો છે.

જૈનેતર ગ્રંથોમાં ગીતા પુરાણના ઉલ્લેખો અવતાર્યા છે. ગરૂડ પુરાણ અને ભાગવત મહાપુરાણમાં નારકીના દુઃખનું વિસ્તારથી વર્ણન છે. જેમાં ગરૂડ પુરાણના ઘણા પદ્યો આ ગ્રંથમાં લીધાં છે.

ક્રિશ્ચન બાઈબલમાં હેલ (Hell) - નારકીનો ઉલ્લેખ છે. તેમને ત્યાં પ્રચલિત નારકીનાં દુઃખોનાં ચિત્રો પણ મારા દૃષ્ટિપથમાં આવી ગયાં છે. લંડન (ઈંગ્લાંડ) થી આવેલ શ્રી બિશપે આ નારકી ચિત્રાવલીના કેટલાંક ચિત્રો જોયા પછી નકલોની ખાસ માંગણી કરેલી.

કુરાનમાં જહન્નમ - નરકમાં દુઃખ ભોગવવાનું જણાવ્યું છે.

જૈનેતર ગ્રંથોના અવતરણોના ઉતારાનો આશય એ છે કે આ રીતે ચાર્વાક સિવાય સર્વ કોઈ પાપનું ફળ માને છે અને અતિપાપ નારકાદિના દુઃખને દેનારું છે માટે પોતપોતાના ધર્મશાસ્ત્રો પણ કહે છે કે આત્માએ અધર્મથી આઘા રહી ધર્મમાં ધપ્યે જવું.

નારકી અંગેનું ઉપયોગી સ્વરૂપ અને દુઃખ વિગેરેનું વર્ણન ચિત્રાવલીમાં પ્રમાણો દ્વારા રજૂ કર્યું છે. વિશેષ જાણવાની ઈચ્છાવાળાએ ગુરૂગમથી અન્ય ગ્રંથો દ્વારા જાણવા પ્રયત્ન કરવો.

શાસ્ત્રીય પ્રમાણો દ્વારા નારકીનું વર્ણન કર્યું. હવે યુક્તિ પ્રયુક્તિ દ્વારા નારકી અંગેની પ્રમાણિકતા જોઈએ. કેટલાક કહે કે આ લોકમાં જ જ્યાં અતિ દુઃખ દેખાય છે તે જ નરકો છે, તે સિવાય બીજી નરકો નથી, કહ્યું છે કે-

*कुग्रामवासः कुनरेन्द्रसेवा, कुभोजनं क्रोधमुखी च भार्या ।*
*कन्याबहुत्वं च दरिद्रता च षड्जीवलोके नरका भवन्ति ॥*

કુગ્રામમાં વસવું, કુરાજાની સેવા કરવી, કુભોજન કરવું, ક્રોધી પત્ની મળવી, કન્યાની બાહુલ્યતા પ્રાપ્ત થવી અને દરિદ્રતા મળવી એ છ આ જીવલોકમાં નરકો છે.

આ પ્રમાણે કોઈ કહે છે પરંતુ આ સુભાષિત દ્વારા આ લોકમાં જે આ દુઃખો છે તે નરક જેવાં છે એમ જાણવું.

મનુષ્યલોકમાં અતિ દુઃખ છે તે પાપનું ફળ છે તેમ તિર્યંચ ગતિમાં પ્રાણીઓને અસહ્ય કષ્ટ પડે છે તે નજર સમક્ષ છે. પાપ કરનારાની પરાકાષ્ટા દુઃખોની અંતિમ કક્ષા, ઉપરના ફળથી સમાપ્ત થતી નથી એ દુઃખો ઉપરાંત આ અધિક પાપના ફળને લીધે ભોગવવાનાં દુઃખો નરકમાં છે, અને તેનું સ્વરૂપ આ ચિત્રાવલી રજૂ કરે છે.

સારા કાર્યનું સારું ફળ અને અશુભ કાર્યનું અશુભ ફળ મળે છે એ સર્વ સંમત વાત છે સારું ફળ એટલે સુખ અને અશુભ ફળ એટલે દુઃખ.

જીવન પર્યંત સારાં કાર્ય કરનારા ઘણી વાર દુઃખી જણાય છે, તેનું કારણ શું ? પૂર્વ ભવના અશુભ કર્મના ઉદયે આ ભવમાં શુભ કર્મો કરવા છતાં દુઃખ આવે અને પૂર્વભવના શુભ કર્મના ઉદયે આ ભવમાં અશુભ કર્મ કરવા છતાં સુખ મલે, આ તત્ત્વદ્રષ્ટિ આવી જાય તો 'સારા કર્મથી સુખ એ ખરાબ કર્મથી દુઃખ નથી મલતું'

એ વાત ટકશે નહિ. કરેલા કર્મ નિષ્ફળ જતાં નથી મનમાં લાવેલો એક નાનો શો વિચાર પણ ફલિત થાય છે તો બીજા કર્મોની શી વાત કરવી ?

શાસ્ત્રો સમજાવે છે કે કોઈ પણ શુભ કે અશુભ કર્મ કરતાં તેનું ફળ દશગણું, સોગણું, હજારગણું, લાખગણું, કોટિગણું અને અનંતગણું પણ મલે છે. પોતાની શુભાશુભ ભાવનાની બલાબલતા ઉપર એ ફળનો આધાર છે. એક કાર્યના અનેકવાર અનેક ફળ મળે છે કેરીની એક ગોટલી સહકાર વૃક્ષ બની અનેકશઃ અનેક કેરીની લ્હાણી કરે છે. વટવૃક્ષનું નાનું બીજ પુષ્ટિ મેળવી મહાકાય બને છે.

આથી કરેલું કર્મ નિષ્ફળ જતું નથી. એમ સિદ્ધ થાય છે. અને તે આ ભવમાં ન ફળે તો બીજા ભવોમાં ફલિત થાય છે. શાસ્ત્ર સિદ્ધ ઉપરાંત આજે પૂર્વભવના જ્ઞાનરૂપ જાતિસ્મરણ જ્ઞાન વિગેરેથી તેમજ સુખી, દુઃખી, તવંગર, ગરીબ, રોગી-નિરોગી લોકદર્શનથી પણ બીજા ભવની સિદ્ધિ યુક્તિ અને પ્રત્યક્ષ સિદ્ધ છે.

પાપ કરનારને અહિં દુઃખ ન મળે તો તેનું પાપ માફ થઈ જાય છે તેવું નથી. બીજા ભવમાં એ વેદવું પડે છે.

એવા ઘણાં દૃષ્ટાંત આજે પ્રસિદ્ધ છે કે જેમાં અનેક ખૂન કરનારને ફાંસીની સજા અપાયેલ છે. અને એકાદ ખૂન કરનારને પણ ફાંસીની સજા ફરમાવી છે.

ઘણાં ખૂનની શિક્ષા ફાંસી અને એકાદ ખૂનની શિક્ષા પણ ફાંસી ! એ ન્યાય છે ? નહિ જ, પરંતુ ન્યાયદાતાઓ પાસે વધારે સજા આપવાની સગવડતા નથી, એક ગુન્હેગારને અનેકવાર ફાંસી આપી શકાતી નથી. એક ખૂન કરનાર બચાવમાં એવું જણાવતો પણ નથી કે અમુક વ્યક્તિને ૧૫ ખૂન માટે ફાંસી આપી, મને એક ખૂન માટે ફાંસી આપો છો તો પેલાના ચૌદ ખૂન માફ કર્યા તો મારા આ એક ખૂનની માફી બક્ષો.

આથી જ અધિક પાપનું ફળ ભોગવવા લાંબુ આયુષ્ય અને વધારે દુઃખના સ્થાને જવું પડે છે. અને એ સ્થાનો તરીકે નરકો છે અને ત્યાં અતિશય દુઃખનો ઉદય હોય છે.

આ રીતે યુક્તિથી પણ અન્ય ભવ તેમજ અતિ દુઃખને ભોગવવા માટેના સ્થાનનો નિર્ણય થઈ શકે છે. એ સ્થાનોને શાસ્ત્રોએ લોકસ્વરૂપ ભાવના તથા સંસારની દુઃખમયતા વર્ણવતાં અનેક સ્થળોએ નારક સ્થાનોનાં બ્યાનો આપી ઘણા જ વિશદ્ છણાવટ તથા સ્વરૂપ દર્શન કરાવેલ છે.

નારકી ચિત્રોની પ્રાચીનતા પણ ઘણી જ છે, જાવામાં એક સ્તુપ છે. જેની પ્રથમ જગતીના ભાગમાં, હિંસા કરનાર મત્સ્યાદિનો વધ કરનારા વિગેરેનાં ચિત્રો અને તેમને પડતાં નરકનાં દુઃખોના ચિત્રો કંડારવામાં આવ્યાં છે જે સ્તૂપની રચના ઈ.સ. ૮૦૦ આસપાસ છે. કમ્બોળીઆ (પ્રાચીન કમ્બુજ) ના બૌદ્ધ મંદિરમાં ભીંતો પર અર્ધ ભાસ્કર્યમાં સ્વર્ગ અને નરકના દ્રશ્યો કંડારેલા છે. મંદિર તેરમી સદીનું છે. આ હકીકત રાજકોટ પુરાતત્ત્વ ખાતાના ટેકનીકલ ઓફીસર શ્રી મધુભાઈ ઢાંકી દ્વારા જાણવા મળી છે.

મુંબઈમાં એક ભાઈ પાસે બૃહત્સંગ્રહણીની પ્રાચીન હસ્તપ્રત સાથે નારકીના ચિત્રો છે. પ્રાચીન રંગીન હસ્તચિત્રો છે. ચિત્ર પાછળ પૂ. રતનમુનિ મહારાજ નામ લખેલ છે. એ ચિત્રોના ૨૧ પાના પૂ. આ. શ્રી ક્ષમાભદ્રસૂરીશ્વરજી મ. ના શિષ્ય તપસ્વી પૂ. મુનિરાજશ્રી ભાવવિજયજી મહારાજ મારફત નાણા (મારવાડ) થી જોવા માટે પ્રાપ્ત થયાં હતાં. સમયનો ઉલ્લેખ નથી છતાં જીર્ણપ્રાય કાગળ થયેલાં છે એટલે ઠીક ઠીક પ્રાચીન કહી શકાય. બીજા પણ તેવા અનેક ચિત્રો જોવા મળ્યા છે.

આ રીતે નરકનું સ્વરૂપ શાસ્ત્ર, યુક્તિ અને ઈતિહાસથી સુસંગત છે. આ ચિત્રાવલીમાં શકય તેટલી સુંદરતા અને સચોટતા લાવવા પ્રયત્ન કર્યો છે; જે કંઈ ક્ષતિ જણાય તે અમને જણાવશો જેથી યોગ્ય સુધારો કરી શકાય.

આ ચિત્રાવલીનું નિરીક્ષણ કર્યા પછી ભદ્રિક અને ભવભીરુ આત્માઓ પાપના ફળને પીછાણશે અને પાપથી દૂર રહેશે તથા ધર્મનું સ્વરૂપ સમજી શકય તેટલા ધર્મમાં, વિરતિમાં, સંયમમાં ઉદ્યમશીલ બનશે એજ મંગલ અભિલાષા સેવું છું.

काञ्चनं कामिनी काया कुटुंबश्च चतुर्थकम् ।
संसारवटवृक्षस्य बीजान्येतानि तत्यज ॥

કંચન, કામિની, કાયા અને કુટુંબ આ ચાર સંસાર રૂપી વટવૃક્ષના બીજ છે તેને તથા તેની મમતાને ત્યજો.

दानं शीलं तपो भावस्तैर्युतं धर्ममार्हतम् ।
आर्हताः ! यूयमादध्व शिवं वः स करिष्यति ॥

દાન, શીલ, તપ અને ભાવ આ ચારથી યુકત એવો શ્રી અરિહંત પરમાત્માનો ધર્મ હે સદ્ધર્મપ્રેમીઓ ! તમે આદરો, તે તમારું કલ્યાણ કરશે.

ચિત્રાવલીનાં સંપાદનમાં શાસ્ત્રીય પ્રમાણોના અર્થવિવેચનાદિમાં શાસ્ત્રના આશયથી પ્રતિકૂળ કંઈ લખાયું હોય તો તે માટે ક્ષમા યાચું છું.

આ ગ્રંથ પરમદયાળુ ગુરુદેવ પૂજ્યપાદ આચાર્યદેવ શ્રીમદ્ વિજય અમૃતસૂરીશ્વરજીની કૃપાથી કૃપા અને માર્ગદર્શનથી તૈયાર થયો છે.

આ ગ્રંથ માટે વ્યા. વા. પરમ પ્રવચન પ્રભાવક પૂ. પા. આચાર્યદેવેશ શ્રીમદ્ વિજયરામચંદ્રસૂરીશ્વરજી મહારાજશ્રીએ મંગલ વચન લખી આપવા પરમ કૃપા કરી છે તથા તેઓશ્રીના વિદ્વાન શિષ્યરત્ન સિદ્ધહસ્ત લેખક પૂ. પા. પંન્યાસ શ્રી કનકવિજયજી ગણિવરશ્રી (હાલ સ્વ. પૂ. આ. શ્રી વિજયકનકચંદ્રસૂરીશ્વરજી મહારાજશ્રી) એ આદિવચન લખી આપવા કૃપા કરી છે તે માટે તેઓશ્રી પ્રત્યે ખૂબ ખૂબ આભાર વ્યકત કરું છું.

નારકી ચિત્રાવલીની બે હિન્દી તથા અંગ્રેજી આવૃત્તિ પણ પ્રગટ થઈ છે. આ ગુજરાતી સાતમી આવૃત્તિથી અનેક પિપાસુઓની પિપાસા છીપશે એ જ.

ભોયણી તીર્થ
વિ. સં. ૨૦૫૮
મહા વદ ૧૨, રવિવાર
તા. ૧૦-૩-૨૦૦૨

પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્
વિજય અમૃતસૂરીશ્વરજી મહારાજાના પટ્ટધર
**જિનેન્દ્રસૂરિ**

હાલારદેશોદ્ધારક

# પૂ. આ. શ્રી વિજય અમૃતસૂરીશ્વરજી મ. નું ટુંક જીવન

પૂજ્યપાદ આચાર્યશ્રીનો જન્મ **સોજીત્રા** (જિ. ખેડા) ગામે વિ. સં. ૧૯૫૫ **આસો** સુદ ૨ ના થયેલો. તેમના **પિતા માણેકચંદભાઈ** માતા **પરશનબેન** તેમનું નામ **અંબાલાલ** હતું. તેમના પિતાશ્રી **ઉદેલ** (ખંભાત) રહેવા ગયા અને ત્યાંથી વ્યાપાર અર્થે **ખંભાત** આવવાનું થયું અને પૂ. ગુરુદેવોના પરિચયમાં વધુ આવવાનું થયું. વિ.સં. ૧૯૭૮ ની સાલમાં જેઓ શ્રી યોગશાસ્ત્રનું અધ્યયન કરતા હતા. તેનો અર્થ પણ તે વખતે લખેલો.

એક વાર ખાટલા નીચે પાણી મૂકેલું અને રાત્રે જાગ્યા, તૃષાને કારણે ઉપાડીને પી ગયા પણ છેલ્લે ખ્યાલ આવ્યો તેમાં ખૂબ કીડીઓ હતી. ભારે વિરાધના થવાથી તે પાપ ધોવા વધુ જાગૃત બન્યા અને સંયમનો ભાવ જાગ્યો.

વિ.સ. ૧૯૭૯માં પૂ. પાદ **અમીવિજયજી** મહારાજની સાથે વેરાવળ ગયા ત્યાંથી સંબંધીઓ પાછા લાવ્યાં. જુનાગઢની યાત્રા કરી ઘેર આવવા કહ્યું - પણ જાત્રા પછી કહ્યું ઘેર નહીં આવું, કાં તો મહારાજ પાસે રહીશ કાં મહેસાણા પાઠશાળામાં ભણવા જઈશ.

સંબંધીઓ સંમત થયા અને મહેસાણા પાઠશાળામાં ભણવા ગયા. તેમના મોટાભાઈ **છોટાલાલભાઈ** ને ઘરમાંથી કોઈ દીક્ષા લે તો રોકવા નહીં તેવો નિયમ હતો. પરંતુ ઘરમાં બીજા રજા આપતા નહીં.

ચોમાસું આવ્યું અને મહેસાણામાં પૂ. પાદ **હર્ષવિજયજી** દાદા તથા પૂ. પાદ **કર્પૂરવિજયજી મ.** ચાતુર્માસ રહ્યા હતા, તેમના સાનિધ્યમાં ચારે માસ અધ્યયન સાથે પૌષધ કર્યા અને દીક્ષા માટે મહારાજશ્રીને વિનવણી કરી. છેવટે ૧૯૮૦ માં કારતક સુદ ૧૫ ને દિને પૌષધ પારીને ગામ બહાર જઈને દીક્ષા લીધી.

પાછળથી સંબંધીઓ આવ્યા. પણ દીક્ષિતની ભાવના તથા દ્રઢતા જોઈ ઠંડા પડયા ૧૯૮૦ કા. સુ. ૧૫ ની દીક્ષા થઈ અને **પૂ. કપૂરવિજયજી મ.** ના શિષ્ય તરીકે મુ. **શ્રી અમૃતવિજયજી** નામ રાખેલું.

ક્ષયોપશમ જોરદાર નહીં પણ ઊંડાણથી અભ્યાસ કરે. આઠ કલાક ગોખે ત્યારે ચાર ગાથા આવડે. પણ પછી જાય નહીં.

કચ્છ તરફ રાયપુર (અમદાવાદ)ના પોપટલાલને દીક્ષા આપવા જતાં ચાણસ્મામાં પૂ. મુ. **શ્રી પ્રેમવિજયજી મ.**, પૂ. મુ. **શ્રી રામવિજયજી મ.** પૂ. મુ. **શ્રી ભુવનવિજયજી મ.** ઠાણા ત્રણ મળ્યા અને પૂ. મુ. **શ્રી રામવિજયજી** મ. નું પ્રવચન પહેલીવાર સાંભળ્યું. પણ પૂ. શ્રી કહેતા કે છ માસ એ પ્રવચનના તમરા બોલ્યા હતાં.

કચ્છમાં જતા પાટડી બજાણા વચ્ચે **પોપટલાલ** ની દીક્ષા કરી મુ. **શ્રી પાર્શ્વવિજયજી** નામ રાખી **પૂ. હર્ષવિજયજી** દાદાના શિષ્ય પૂ. પં. **શ્રી પુષ્પવિજયજી** મ. ના શિષ્ય કર્યા. કચ્છમાં ૩ ચોમાસા કર્યા અને બાદ ૧૯૮૩નું ચોમાસું **જામનગર** હરજી જૈનશાળામાં કર્યું. જ્યાં પૂ. પં. **શ્રી પુષ્પવિ.** મ. કાલધર્મ પામ્યા જેઓ વિદ્વાન હતા જ્ઞાતિએ પાટીદાર હતા અને **પૂ. સાગરજી** મ. ની આગમ વાંચનાનો લાભ લીધો હતો.

વ્યાખ્યાન હવે મુ. શ્રી **અમૃતવિજયજી** મ. ને વાંચવાનું થયું. ૧૯૮૪માં **સાણંદ** ના ચોમાસામાં **વંદિતાસૂત્ર** ની અર્થ દીપિકા ટીકા વ્યાખ્યાનમાં વાંચી. ૧૯૮૫માં **પૂ. સાગરાનંદ** સૂ. મ. સાથે ચાતુર્માસ કરવા જામનગર તરફ પધાર્યા. **ધુંવાવ** માં તેમના પરિચિત ખંભાતના ૫૦ વર્ષની ઉંમરના શ્રાવક **નેમચંદભાઈ** ને દીક્ષા આપી મુ. શ્રી **નેમવિજયજી** નામ રાખ્યું. જામનગર આવ્યા. અને ત્યાં સુધારક વર્ગે અને સંઘસત્તામાં માનનાર વર્ગે કહ્યું કે અમને પૂછ્યા વિના દીક્ષા કેમ આપી ?

બાદ પૂ. સાગરજી મ. પધાર્યા અને પોતાની સાથે આવેલ મુનિ પાસે માફી માંગવાની પ્રવૃત્તિ સામે તેમણે જેહાદ ઉપાડી.

સુધારકો અને તેમના વર્તુળે **પૂ. સાગરજી** મ. ને સંઘ બહાર મુકવા સુધી આગળ ગયા પણ પૂ. સાગરજી મ. મચક ન આપી. પૂ. સાગરજી મ. ની આ 'સંઘ સત્તા' સામેની જેહાદને **પૂ. રામવિજયજી** મ. મુંબઈ હતા તેમણે અનુમોદન આપ્યું અને **પૂ. રામવિજયજી મ.** એ વ્યાખ્યાનમાં ભક્ષ્યાભક્ષ્યના નિરૂપણ અંગે કરેલા વિધાન સામે ત્યાં પણ સુધારકોએ ઉપાડેલ ખોટા વિરોધ સામે પૂ. સાગરજી મ. એ સુંદર પ્રતિપાદન કર્યું હતું.

**પૂ. અમૃતવિજયજી મ.** અભ્યાસમાં આગળ વધતા હતા. તેમાં સુધારકોના લખાણ સામે તેમણે સિદ્ધાંત રક્ષાના લેખો લખ્યા અને જૈનસંઘમાં જાહેર થયા. ૧૯૯૦ માં પૂ. આ. શ્રી વિજયરામચંદ્રસૂરીજી મ. એ કહેલું કે, આ અમૃતવિજયજી કોણ છે ? આવા સરસ સિદ્ધાંતરક્ષાના લેખ લખે છે ?

પૂજ્યશ્રીને પૂજા ભણાવવાની અને બાલજીવોને ધર્મમાં જોડવાની કળા સુંદર હતી. જેથી અનેક શહેરોમાં અને ગામડાઓમાં તેમનો વિહાર હોય કે સ્થિરતા હોય તો જિનભકિતનો રસ જાગતો અને બાળજીવો સારી રીતે ધર્મમાં જોડાતા.

**પૂ. હર્ષવિજયજી** દાદા તથા પૂ. પં. **શ્રી કપૂરવિજયજી** ગણિવરની નિશ્રામાં **ખેડા** માં ૧૯૯૧ અષાડ સુદ-૯ ના ગણિપદ અને અષાડ સુદ ૧૦ ના **પંન્યાયસપદ** આપવામાં આવ્યું.

તેઓશ્રીના ઉપદેશથી સં. ૧૯૮૯માં **શ્રી હર્ષપુષ્પામૃત જૈન ગ્રંથમાલાની** સ્થાપના થઈ અને પ્રકાશન શરૂ થયું જેમાં **પૂ. સાગરાનંદસૂરીજી મ.** સંકલિત **'દીક્ષાનું સુંદર સ્વરૂપ'** સૌ પ્રથમ પ્રકાશિત થયું. ત્યાર પછી ઘણાં ગ્રંથો પ્રગટ થયા અને આજે તો ૪૫ આગમ મૂળ સંશોધન કરાવીને આ સંસ્થાએ પ્રગટ કર્યા છે. આગમ પંચાંગીનું કામ ચાલે છે.

સં. ૧૯૯૨માં ખંભાતમાં જૈનશાળામાં ચોમાસું કર્યું અને જૈનશાળાની રક્ષા કરી ખંભાતસકલ શ્રી સંઘને આરાધનામાં દૃઢ બનાવ્યો.

તેઓશ્રી શાસ્ત્રના સારા અભ્યાસી હતા, અને સંસ્કૃતમાં **સંક્ષિપ્ત શ્રાદ્ધધર્મ, ચતુર્વિંશતિ ચૈત્યવંદનસ્તુતયઃ જયવિજય કથાનકમ્** વિગેરે ગ્રંથો લખ્યા છે. ન્યાયના વિષયમાં તર્કસંગ્રહ ઉપર પ્રભા નામની ટીકા લખેલી છે જે અપ્રગટ છે. અનેક ગુજરાતી પુસ્તકો લખ્યા છે અમૃતબિંદુ લખ્યા છે, સ્તવનો સજ્ઝાયો અને પૂજાઓ રચી છે.

તેમની જૈન દર્શનને સમજાવવાની સરળ ઢબને કારણે જ્યાં જ્યાં વિચર્યા ત્યાં ત્યાં દૃઢ શ્રદ્ધા ઉત્પન્ન કરી છે

૧૯૯૯માં ફાગણ સુદ - 3 ના પૂ. પાદ **સિદ્ધિસૂરીશ્વરજી દાદા** ના શુભહસ્તે પૂ. પાદ **મનહરસૂરીશ્વરજી** મ. ની તથા પૂ. પાદ **કર્પૂરસૂરીશ્વરજી મ.** ની આચાર્યપદવી તથા પૂ. પાદ **અમૃતવિજયજી મ.** ની ઉપાધ્યાય પદવી થઈ, અને પૂ. ઉ. શ્રી અમૃતવિ. ગણિની ફાગણ સુદ ૧૦ના જૈન વિદ્યાશાળાએ **આચાર્યપદવી** થઈ, એ વખતે અઢી માસનો ભવ્ય મહોત્સવ ઉજવાયો હતો. પૂ. પાદ **સિદ્ધિસૂરીશ્વરજી મહારાજા** ની નિશ્રામાં **પૂ. કર્પૂરસૂરીશ્વરજી** મહારાજે ૧૯૯૨માં અઠ્ઠાઈથી વીશસ્થાનક શરૂ કરેલ ને ૧૯૯૮માં ૧૦૮ અઠ્ઠાઈ થતાં તે નિમિત્તે પણ ભવ્ય મહોત્સવ ઉજવાયો હતો. **પૂ. કર્પૂરસૂરીશ્વરજી** મહારાજ વર્તમાન કાલના ઉગ્રતપસ્વી હતા તેઓશ્રી વિ. સં. ૨૦૦૧માં **પાંચાવાડા** માં સ્વર્ગારોહણ પામ્યા.

પૂ. અમૃતસૂરીશ્વરજી મહારાજ કવિ પણ હતા, અને પૂ. પાદ **લબ્ધિસૂરીશ્વર** મહારાજના પ્રાથમિક માર્ગદર્શનથી સ્તવનાદિ રચ્યા હતા, અને પછી બાળજીવોને ભકિતમાં જોડવા માટે વિ. સં. ૨૦૦૩થી પૂજાઓની રચના શરૂ કરેલ અને ઉપયોગી અનેક પૂજાઓ તેમણે બનાવી છે જેની સરળ ઢાળો હોવાથી ભાવિકો ભકિતપૂર્વક સારા ઉલ્લાસથી ગાઈ શકે છે, અને ભકિતમાં ખૂબ આનંદ પ્રાપ્ત કરે છે.

શાસન સિદ્ધાંતરક્ષા અને ઉત્સૂત્રનો પ્રતિકાર કરવા અંગે તેઓશ્રીને પૂ. પાદ **સિદ્ધિસૂરીશ્વરજી** મહારાજા તથા પૂ. પાદ **રામચંદ્રસૂરીશ્વરજી મહારાજા** ના શુભ આશિષ પ્રાપ્ત થયા હતા અને અનેક પ્રસંગોએ તેમણે એ અંગે પ્રયત્નો કરી આરાધનાને

અખંડ બનાવી હતી. ગુજરાતમાં **બોરસદ, પાંચાવાડા, લોદ્રા** વિગેરે અનેક ક્ષેત્રમાં જાગૃતિ લાવ્યા હતા. સૌરાષ્ટ્રના **હાલાર પ્રદેશ** માં અને છેલ્લે **ઝાલાવાડ** તથા **બોટાદ** વિસ્તારમાં, **વઢવાણ લીંબડી અલાઉ** આદિ ગામોમાં ચાતુર્માસ કરી ત્યાંની ગ્રામ્યપ્રજામાં જાગૃતિ લાવ્યા હતા. **ધ્રાંગધ્રામાં તપગચ્છ ઉપાશ્રય** તેઓશ્રીના ઉપદેશથી થયો હતો.

હાલાર પ્રદેશમાં અનેક દેરાસરો થયા અને **પડાણા** તથા **જામનગર** માં **અંજનશલાકાઓ** થઈ હતી અને આ પ્રદેશમાં મુનિરાજોનું અલ્પ આગમન હોવાને કારણે જૈનો ધર્મમાં પાછળ હતા, તેમાં સારી જાગૃતિ પ્રાપ્ત થઈ હતી. અને પૂજ્યશ્રી તેથી **હાલારદેશોદ્ધારક** કહેવાયા હતા.

જૈન શાસન પ્રચાર અને રક્ષા માટે તેઓશ્રીના ઉપદેશથી **લાખાબાવળ** થી **શ્રી મહાવીર શાસન પત્ર** શરૂ થયું હતું ને અત્યારે પણ જૈન ધર્મ પ્રચાર અને રક્ષાનું કાર્ય કરે છે. પરદેશમાં પણ તેની નકલો સારી સંખ્યામાં જાય છે. તેઓશ્રીની ઈચ્છા શાસન વિરોધનો અને ઉત્સૂત્રનો પ્રતિકાર કરવા વીર શાસનની જેમ અઠવાડિક જોઈએ તે ભાવના મુજબ શ્રી જૈન શાસન ૨૦૪૪માં શરૂ થયું અને તેઓશ્રીની ભાવના મુજબ શાસનરક્ષણ આદિમાં ઉજમાળ છે.

તેઆશ્રી એ અનેક પુસ્તકો, કથાઓ, લેખો તથા પ્રશ્નોત્તરો અને અમૃતબિંદુઓ સારા પ્રમાણમાં લખેલ છે. શાસ્ત્રીય રહસ્યોમાં તેઓ ઉંડા મર્મજ્ઞ હતા અને એક ગ્રંથ અનેકવાર વાંચી રહસ્યો તારવતા હતા.

હાલારમાં **રાસંગપુર, ભાણવડ, લાખાબાવળ, પડાણા, જામનગર પ્લોટ** વિ. મંદિરોની પ્રતિષ્ઠા તેઓશ્રીના વરદહસ્તે થઈ હતી ઉપરાંત **રાજકોટ** મુખ્ય **માંડવી ચોક શ્રી સુપાર્શ્વનાથ દેરાસર** તથા **સદરમાં શ્રી મણીયાર** ના દેરાસરની પ્રતિષ્ઠા તથા **કારીયાણી** (બોટાદ) દેરાસરની પ્રતિષ્ઠા થઈ હતી. તેમજ **બગસરાની** પ્રતિષ્ઠા તેઓશ્રીની નિશ્રામાં થઈ હતી. પ્રખ્યાત **પ્રભાસપાટણ** ના નૂતન મહામંદિરનું **શીલારોપણ** તેઆશ્રીની

નિશ્રામાં થયું હતું. **ઘનિયાવાડા** (ડીસા) દેરાસર શીલારોપણ પૂજ્યશ્રીની નિશ્રામાં થયેલ. **લીંબડીના શ્રીસુબાહુ જિનના મહામંદિરનો** જીર્ણોદ્ધાર પૂજ્યશ્રીના ઉપદેશથી થયો હતો. પૂજ્યશ્રીના હસ્તે અનેક દીક્ષાઓ થઈ છે.

પૂજ્યશ્રીને ગૃહસ્થપણાથી એકાસણાનો અભ્યાસ હતો અને સાધુપણામાં પણ સં. ૨૦૧૭ સુધી પ્રાયઃ એકાસણા કરેલા બાદ તબીયતને કારણે એકાસણ કરતા ગેસ થાય અને ઉભા થઈ જવું પડે તેથી એકાસણ છોડી ઉપવાસ શરૂ કર્યા. એકાંતર ઉપવાસ કરે વચ્ચે તિથિએ વાપરવાનું આવે તો છઠ્ઠ કરી લે. કેટલાક સમય તો **છઠ્ઠ** ને પારણે **છઠ્ઠ** કરતા અને તિથિએ વાપરવાનું આવે તો અઠ્ઠમ કરે. મોટાભાગે ઉપવાસ ચોવીહાર કરે. હાલારમાં કેટલોક સમય છ વિગયનો ત્યાગ અને ચાર દ્રવ્ય જ છુટા રાખે તેમાં છાશ, રોટલો વાપરે. ૪૩ વર્ષના દીક્ષા પર્યાયમાં કદી લીલું શાક તેમણે વાપર્યું નથી. **સાચોર (મારવાડ) દેરાસર** ના જીણોદ્ધાર માટે ૧૫ વર્ષ ઘીનો ત્યાગ રાખેલ. ત્યાં આશાતના જોએલ તેથી અભિગ્રહ કરેલો. સદા સ્વાધ્યાય મગ્નતા તે તેમનો ખોરાક હતો.

**છેલ્લું ચોમાસુ લીંબડી** કર્યું. ત્યાંથી **વઢવાણ શહેર** બે કુમારીકાઓને દીક્ષા આપી **વીંછીયા** પધાર્યા ત્યાં ફાગણ સુદ ૪ ના એક કુમારિકાને દીક્ષા આપી.

**ફાગણ સુદ ૧૦** ના વીશસ્થાનકની ૧૭મી સંયમ પદની ઓળીનો છેલ્લો ચોવીહારો ઉપવાસ હતો. શ્રાવકો સાંજે પ્રતિક્રમણ કરવા આવી રહ્યા હતા અને પૂજ્યશ્રીને ઓડકાર આવ્યા. ત્રણ મોટા ઓડકાર આવ્યા તે સાથે તેઓ શ્રી અરિહંત બોલતા અને બેઠા બેઠા સાંજે સાત વાગ્યે કાલધર્મ પામ્યા. સૌ ખેદમાં પડી ગયા.

તરત ચારે બાજુ સંદેશા આપ્યા. અનેક ગામોના ભાવિકો આવી પહોચ્યાં અને સુદ ૧૧ ના ૨ વાગ્યે પાલખી નીકળી અને સ્ટેશન રોડ ઉપર ઝવેરી જીન સામે એક પ્લોટ ખરીદવાનું **વીંછીયા શ્રીસંઘે** નક્કી કર્યું ત્યાં અગ્નિસંસ્કાર અપાયો. તેઓશ્રીના સંસારી

બંધુ **ચીમનભાઈ** આદિ ખંભાતથી આવી પહોંચેલ તેમણે પાલખીનો લાભ લીધો અને અગ્નિસંસ્કાર કર્યો. ત્યાં ગુરૂમંદિર બનાવી પૂ. શ્રીની ચરણ પાદુકા પધરાવી છે.

આમ પૂ. આ. **શ્રી વિજય અમૃતસૂરીશ્વરજી મહારાજ** જૈન શાસનના એકાંત આરાધક, પ્રભાવક અને રક્ષક હતા.

તેઓશ્રીના પરિવારમાં **પૂ. આ. શ્રી વિજય જિનેન્દ્રસૂરીશ્વરજી** મ., વિદ્યમાન છે. પુ. મુ. **શ્રી નેમવિ.** મ. પૂ. **શ્રી ચંદનવિ.** મ., પૂ. પં. **શ્રી રાજેન્દ્રવિ.** ગણીવર **નંદન વિ. મ.** કાળધર્મ પામ્યા છે.

પૂ. પં. **શ્રી રાજેન્દ્રવિજયજી મ.** પણ મહાતપસ્વી હતા. તેઓએ ઉપવાસ છઠ્ઠ અઠ્ઠમથી વરસીતપ વીશસ્થાનક કર્યા અને ૪ થી કર્યા બાદ પાંચ ઉપવાસથી વીશસ્થાનક છેલ્લે આરાધતા હતા.

પ્રશિષ્યોમાં પૂ. મુ. **શ્રી અમરેન્દ્રવિ.**, પૂ. મુ. **શ્રી દેવેન્દ્રવિ.** મ. કાળધર્મ પામ્યા છે. અને પૂ. પ્રર્વતક મુ. **શ્રી યોગીન્દ્રવિ.** મ., પૂ. મુ. શ્રી **હેમેન્દ્રવિ.** મ., પૂ. મુ. યશોજીત વિ. મ., પૂ. મુ. શ્રી અવિચલેન્દ્ર વિ. મ., ચાર બાલ મુનિરાજો પૂ. મુ. શ્રી નમેન્દ્ર વિ. મ., પૂ. મુ. શ્રી વિશ્વેન્દ્ર વિ. મ., પૂ. મુ. શ્રી વિરતીન્દ્ર વિ. મ., પૂ. મુ. શ્રી કિર્તિન્દ્ર વિ. મ., અને પૂ. મુ. શ્રી પુષ્પેન્દ્ર વિ. મ. વિદ્યમાન છે.

તેઓશ્રીના ઉપકારોને યાદ કરીને (૧) **અલાઉ** (૨) **લાખાબાવળ** (3) **નાઘેડી** (૪) **બાલંભા** (૫) **શેતાલુંશ** (૬) **જાંબુડા** (૭) **ધોળા જંકશન** (૮) **કનસુમરા** (૯) **ડોળીયા** (૧૦) **આરીખાણા** (૧૧) **સુરેન્દ્રનગર - નવા જંકશન** (૧૨) **મોડપર તીર્થ** (૧3) **જામનગર પ્લોટ** (૧૪) **શંખેશ્વર તીર્થ હાલારી ધર્મશાળા** (૧૫) **અંકેવાડીયા તીર્થ**માં તેઆશ્રીની મૂર્તિઓ પધરાવવામાં આવેલ છે.

તેઓશ્રીના અનેક ગુણોને યાદ કરી કોટિ કોટિ વંદન કરીએ છીએ.

# નારકી ચિત્રાવલી

*(સંયોજક : પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ વિજય અમૃતસૂરીશ્વરજી મ. ના વિનેય મુનિશ્રી જિનેન્દ્રવિજયજી, પ્રકાશક : શ્રી હર્ષપુષ્પામૃત જૈન ગ્રંથમાલા, લાખાબાવળ (સૌરાષ્ટ્ર).*

*પ્રજાને નીતિમાન રાખવા માટે પ્રાચીન સમયથી નર્કની કલ્પના કરવામાં આવી છે અને પાપ કરનારાઓને ત્યાં વિવિધ પ્રકારની સજાઓ ભોગવવી પડે છે, એવી માન્યતા બાળપણથી જ પ્રજાના હૃદયમાં દ્રઢ થયેલી હોય છે. પુરાણો તેમજ ધર્મગ્રંથોમાં આવા નરકની યાતનાઓના રૂંવાડા ખડાં કરે તેવા વર્ણનો કરવામાં આવ્યા હોય છે. આમ આ આલેખન પામેલા વર્ણનોને જુના સમયથી ચિત્રકારોએ ચિત્રકલામાં ઉતાર્યા છે. આવા ચિત્રો પરથી શ્રી પ્રીતમલાલ હરિલાલ ત્રિવેદી કે જેઓ ચિત્રકલાની ઉચ્ચ ડીગ્રી જી.ડી.એ. ધરાવે છે. તેમણે દોરેલા વિવિધરંગી ૨૧૫ ચિત્રો અહીં આર્ટપેપર પર રજુ થયા છે. એમાં અશુભ કર્મ અને તેનાં ફળને દર્શાવતા ૧૫૦ ચિત્રો છે. જ્યારે બાકીના ચિત્રો નરકમાં પ્રાપ્ત થતી અનેકવિધ વેદનાના ચિત્રો છે. આ ચિત્રાવલીની પાછળ પ્રાચીન સમયથી ચાલી આવતી પ્રણાલિકા રહેલી છે. ઈ. સ. ૮૦૦ ની આસપાસના જાવામાં રચાયેલા સ્તૂપ પર માછલાં વગેરે મારનારને નર્કમાં થતી સજાનાં ચિત્રો છે. કંબોડીઆના બૌદ્ધ મંદિરોમાં પણ સ્વર્ગ અને નર્કના ચિત્રો તેરમી સદીમાં કોતરાયેલા છે.*

*પ્રાચીન હસ્તપ્રતો પણ આવા ચિત્રોની મળી આવી છે અને બધાનો આશ્રય લઈ નરકનું સ્વરૂપ શાસ્ત્ર અને યુક્તિ અને ઈતિહાસને સુસંગત રાખી રજૂ કરવામાં આવેલ છે.*

*આ નારકી ચિત્રાવલી કરૂણ, રૂદ્ર તથા ભયાનક રસના ચિત્રો રજૂ કરે છે અને પાપાચાર, દુરાચાર તથા અનીતિથી કેવાં ફળ ભોગવવા પડે છે તે અહીં રજૂ કરવામાં આવ્યું છે.*

- *અહીં જે નર્કની પીડાઓ દર્શાવવામાં આવી છે, તેવી પીડા પાપ કરનારને આપણી દુનિયામાં જ ભોગવવી પડે છે, તેનો એક દાખલો તો અણુબોંબની શોધ કરનારના પાગલપણાનો છે જ. ઘણીવાર આવી યાતના સ્થૂલ દેહ ઉપરાંત મન, હૃદય તથા જીવને પણ ભોગવવી પડે છે. એટલે આ ચિત્રોને માત્ર સ્થૂલ ચિત્રોને બદલે સૂક્ષ્મ વૃત્તિઓની પીડાને ગણવામાં આવે તો આપણને તે કાલ્પનિક અને અવાસ્તવિક લાગવાને બદલે સાચા અને વાસ્તવિક લાગશે.*

*પુસ્તકના સંયોજકોએ નર્કની યાતનાઓનું વર્ણન કરતાં જે ગ્રંથોના આધાર ટાંકયા છે, તે જોતાં તેમનું વાંચન, મનન અને અભ્યાસ અત્યંત વિશાળ તેમજ ઊંડા હોવાનું જણાય છે.*

# જૈન સિદ્ધાંત અને સંસ્કાર - સામયિકો

શ્રી મહાવીર શાસન પ્રકાશન મંદિર ટ્રસ્ટ દ્વારા શ્રી મહાવીર શાસન માસિક અને શ્રી જૈન શાસન અઠવાડિક તેમજ જૈન બાલશાસન માસિક ચાલે છે.

## શ્રી મહાવીર શાસન માસિક

(જૈન ધર્મ પ્રચાર અને સિદ્ધાંત પ્રચારનું માસિક)

વાર્ષિક લવાજમ રૂા. ૧૦૦ ● આજીવન રૂા. ૧૦૦૦

પરદેશમાં વાર્ષિક લવાજમ રૂા. ૩૦૦ ● આજીવન રૂા. ૫૦૦૦

## શ્રી જૈન શાસન અઠવાડિક

(જૈન ધર્મ સિદ્ધાંત પ્રચાર અને રક્ષાનું અઠવાડિક)

વાર્ષિક લવાજમ રૂા. ૧૦૦ ● આજીવન રૂા. ૧૦૦૦

પરદેશમાં વાર્ષિક લવાજમ રૂા. ૫૦૦ ● આજીવન રૂા. ૬૦૦૦

## જૈન બાલ શાસન માસિક

( બાળકનું સચિત્ર માસિક )

પાંચ વર્ષનું લવાજમ રૂા. ૨૫૦ ● આજીવન રૂા. ૭૫૦

પરદેશમાં પાંચ વર્ષનું લવાજમરૂા. ૧૫૦૦ ● આજીવન રૂા. ૪૦૦૦

ગ્રાહકોના નામો - લવાજમ / ચેક / ડ્રાફ્ટ મોકલવાનું સરનામું

## શ્રી મહાવીર શાસન પ્રકાશન મંદિર ટ્રસ્ટ

C/o. શ્રુતજ્ઞાન ભવન, ૪૫-દિગ્વિજય પ્લોટ,

જામનગર-૩૬૧ ૦૦૫. ફોન : ૭૭૦૯૬૩ (ગુજરાત)



# નારકીચિત્રાવલી

अत्थि नरका, अत्थि णेरइया ।

નરકો છે, નારકીઓ છે. -શ્રીમદૌપપાતિક સૂત્ર

नेरइयतिरियमणुया सुरा य गइओ चउव्विहा चेव ॥ १५४ ॥

નારક, તિર્યંચ, મનુષ્ય અને દેવતા એ ચાર પ્રકારે ગતિ છે.

- શ્રી આચારાંગ સૂત્ર નિર્યુક્તિ

पुढवीसु नेरइया महावेदणा अप्पनिज्जरा । श. ६. उ. १.

નારકોમાં નારકીઓ મહાવેદનાવાળા અને અલ્પનિર્જરાવાળા હોય છે.

- શ્રી વિવાહપ્રજ્ઞપ્તિ ભગવતિ - પંચમાંગ સૂત્ર

नरएसु जाइं अइकक्खडाइ दुक्खाइँ परमतिक्खाइं ।
को वण्णेही ताइं । जीवंतो वासकोडीऽवि ॥ २७९ ॥
कक्खडदाह - सामलिअसिवण - वेयरणिपहरणसएहिं ।
जा जायणाउ पावंति, नारया तं अहम्मफलं ॥ २८० ॥

નરકમાં અતિ ભયંકર, અતિ કઠોર જે દુઃખો છે તેને ક્રોડ વર્ષ જીવે તો પણ કોણ વર્ણવી શકે ? ભયંકરદાહ, શાલ્મલી, વૃક્ષ, અસિપત્રવન. વૈતરણી, હથિયાર વિ. સેંકડો પ્રકાર વડે નારકો જે વેદના પામે છે; તે અધર્મનું ફલ છે.

- શ્રી ઉપદેશમાલા.

अनेकचितविभ्रान्ता मोहजालसमावृताः ।
प्रसक्ताः कामभोगेषु पतन्ति नरकेऽशुचौ ॥

અનેક રીતે ભ્રામિત ચિત્તવાળા અજ્ઞાની, મોહની જાળમાં ફસાયેલા, વિષયભોગોમાં અત્યંત આસકત રહેનારા, અપવિત્ર નરકમાં પડે છે.

- શ્રી ભગવદ્ગીતા

શ્રીહર્ષપુષ્પામૃત જૈન ગ્રંથમાળા

# નારકી ચિત્રાવલી - ચિત્ર પરિચય

(૧) ભોગ ધરે કુદેવને, હિંસા કરી અપાર;
હર્ષ ધરી નમતો અહા ! વિવેક હીન ગમાર.

(૨) કુદેવ સેવ્યા વિવેકહીને, પામ્યો નારક અવતાર;
અગ્નિમાં ફેંકી કરી, માથે મારે માર.

(૩) મિથ્યાવાદી પરિગ્રહી વળી, આરંભી અવધાર;
સાચા ગુરૂ માની નમે, ક્યાં છે શાન લગાર.

(૪) કુગુરૂ સેવી નરકે ગયો, ઓળખ્યો નહિ ધર્મ;
દાહ આપે પકડી કરી, પામે લેશ ન શર્મ.

(૫) વિષય કથા કીધી ઘણી, કુશાસ્ત્ર ધર્યાં ચિત્ત;
કુશાસ્ત્રમાં મસ્ત બન્યો, માની વ્હાલું વિત્ત.

(૬) કુશાસ્ત્ર સેવી આચર્યાં, પામ્યો નારક અવતાર;
માથે માર પડે ઘણો, જીભને ખેંચે બહાર.

● ● ● ●

**गोयमा ! जीवा वि पाणातिवाएणं जाव मिच्छादंसणसल्लेणं अणुपुव्वेणं अठ्ठकम्मपगडीओ समज्जिणंति । तासिं गुरुययाए भारिययाए । गुरुयभारिययाए कालमासे कालं किच्चा धरणियलमतिवतित्ता अहे नरगतलपइठ्ठाणा भवंति ।अ०६। पावेंति कम्मनरवइ-वसया संसारवाहालीए । आसपमद्दएहि व नेरइयाइहं दुक्खाइं ।।अ० १७।।**

હે ગૌતમ ! જીવો પણ પ્રાણાતિપાત યાવત્ મિથ્યાદર્શનશલ્ય (૧૮ પાપ સ્થાનક) વડે અનુક્રમે આઠ કર્મોની પ્રકૃતિઓને બાંધે છે. તે પ્રકૃતિના ગુરુપણાએ, ભારેપણાએ અને ગુરુપણના ભાર વડે મરણ સમયે મરીને પૃથ્વીતલને ઓળંગીને નીચે નરકભૂમિમાં રહેવાવાળા થાય છે. કર્મરાજાને વશ થયેલા પ્રાણી રૂપી અશ્વો સંસાર રૂપ રેસ (શરત) માં અશ્વપાલોથી જેમ હોય તેમ નારકી વિગેરેથી દુઃખને પામે છે.

**- શ્રી જ્ઞાતાધર્મ કથાંગ; સૂત્ર તથા વૃત્તિ.**

**मिच्छद्दिट्ठि-महारंभपरिग्गहो तिव्वकोहनिस्सीलो । नरयाउअं निबंधइ, पावमइ रुद्दपरिणामो ।।२३३।। असन्निसरिसिव - पक्खी - सीह - उरगित्थि जन्ति जा छट्टिं । कमसो उक्कोसेणं सत्तम पुढविं मणुयमच्छा ।।२३४।।**

મિથ્યાદ્રષ્ટિ, મહા-આરંભી અને પરિગ્રહી, તીવ્ર ક્રોધી, શીલહીન રુદ્રપરિણામી અને પાપમતિ જીવ નરકનું આયુષ્ય બાંધે છે. ઉત્કૃષ્ટથી અસંજ્ઞી સરિસૃપ, પક્ષી, સિંહ, સર્પ અને સ્ત્રી અનુક્રમે પહેલી નારકીથી છઠ્ઠી સુધી જાય છે. મનુષ્યો તથા મત્સ્યો સાતમી નરક સુધી જાય છે.

**- શ્રી બૃહત્સંગ્રહણી પ્રકરણ.**




(૧) રાગી દ્વેષી મોહી દેવસેવા (૨) તેનું ફળ.
(૩) મિથ્યાવાદી પરિગ્રહી આરંભી ગુરૂસેવા (૪) તેનું ફળ.
(૫) કુશાસ્ત્ર પ્રીતિ અને શ્રવણ (૬) તેનું ફળ.

(૭) વિષયરંગે રંગી બન્યો, મૂકી કુળ મર્યાદ;
વેશ્યાસંગી બનતો વળી, ધરતો અતિ ઉન્માદ.

(૮) સ્પર્શ વિષય સારો ગણી, સેવી ગયા દુઃખદ્વાર;
ધગતો સ્થંભે ભેટવે, માથે મુદ્ગર માર.

(૯) રૂડું રાખી મુખ અને, નરને ખેંચે ઘેર;
સ્વાર્થ સાધે વિષયો વડે, ગણિકા માને લ્હેર.

(૧૦) ઉષ્ણ સ્થંભે બાંધી કરી, વિષયની આપે યાદ;
શરીર વિદારી સંભળાવતો, ચાખી લે તું સ્વાદ.

(૧૧) સ્વચ્છંદતા બહુ મન ધરી, કરે ઘણો ઉન્માદ;
લાજ શરમ છોડી રમે, વિષયો કરતો યાદ.

(૧૨) વિષયી સ્વચ્છંદી જીવડો, આવ્યો નરકને દ્વાર;
કુંભીમાં ગોંધાઈને, સહે વેદના બહુવાર.

● ● ● ●

**वरं ज्वलदयस्तम्भपरिम्भो विधीयते ।**
**न पुनर्नरकद्वारं रामाजधनसेवनम् ॥**

ધગતા લોખંડના સ્થંભને ભેટવું સારૂ પણ નરકના દ્વાર સમાન નારીજઘન સેવન સારૂં નથી.

**- શ્રી યોગશાસ્ત્ર.**

**सत्तसु नरय - महीसु, वज्जानलदाह - सीयविणासु ।**
**वसिओ अणंतखुत्तो विलवंतो कलुणसद्देहिं ॥८५॥**

હે જીવ ! વજ્રાનલદાહની અને ઠંડીની વેદનાવાળી સાતે નરકોમાં, કરૂણ શબ્દો વડે વિલાપ કરતો અનંતીવાર વશ્યો છે.

**- શ્રી વૈરાગ્યશતક.**

**जीवहिंसामृषावादस्तेनान्यस्त्रीनिषेवणैः । परिग्रहकषायैश्च विषयैर्विषयीकृतः ॥१॥**
**कृतघ्नो निर्दयः पापी परद्रोहविधायकः । रौद्रध्यानपरः क्रूरो नरो नरकभाग् भवेत् ॥ २ ॥**

જીવહિંસા, જાુઠ, ચોરી, પરસ્ત્રીગમન, પરિગ્રહ, કષાયો અને વિષયોમાં આશક્ત થયેલો, કરેલા ઉપકારને ભૂલી જનાર, નિર્દય, પાપી, પરદ્રોહકારક, રોદ્રધ્યાનની, ક્રૂર મનુષ્ય નરકને સેવનારો બને છે.

**- શ્રી શાન્તિનાથ ચરિત્ર.**




(૭) વેશ્યાગમન (૮) વેશ્યાગમનનું ફળ.
(૯) ગણિકાનું કાર્ય (૧૦) ગણિકાના કાર્યનું ફળ.
(૧૧) વિષયાભિલાષિનો સ્વચ્છંદી આચાર (૧૨) તેનું ફળ.

(૧૩) યૌવન પામી નિત્ય રહે, વિષયોમાં આસકત;
નારી સંગ સઘળું ગણી, બનતો તેનો ભકત.

(૧૪) નિત્ય વિષયી જીવડા, આવ્યા નરક મોઝાર;
પીડા પામે સર્વદા, અગ્નિમાંહે સોવાર.

(૧૫) નારી અસંતોષી બની, મૂકી નિજ ભરતાર;
પરપુરૂષે મહાલતી, કલંક કરે અવતાર.

(૧૬) પરપુરૂષના ગમનથી, પહોંચે રોરવ દ્વાર;
કષ્ટ પામે અવિરત ઘણાં, સળગે અનલ અંગાર.

(૧૭) પુરૂષ બની અસંતોષી ઘણો, ગમન કરે પરદાર;
ઈન્દ્રિયપોષક ધ્યાનમાં, વિચારે નહિ સાર.

(૧૮) પરદારા સેવન કરી, પામે શું સુખ લગાર. ?
થાંભલે ચોંટયો રાંકડો, ઉપર ખાયે માર.

● ● ● ●

**भूत्तूणवि भोगसुहं सुरनरखयरेसु पुण पमाएणं ।**
**पिज्जइ नरएसु भेरवकलकलए तउतंबपाणाइं ॥२३॥**

પ્રમાદવસ બની દેવ, મનુષ્ય અને વિદ્યાધરના ભવમાં ભોગસુખ ભોગવીને પણ નરકોમાં ભયંકર શબ્દ કરતો જીવ સીસા અને તાંબાના રસ રૂપી પાણી પીએ છે.

**- શ્રી ઈન્દ્રિયપરાજયશતક.**

**रत्ता दुठ्ठा मूढा, जे एत्थ कुणन्ति पावयं कम्मं ।**
**ते जन्ति नरयलोयं, बहुवेयणसंकुलं घोरं ॥**


આસકત દુષ્ટ અને મૂઢ એવા જે જીવો આ લોકમાં જે પાપકર્મ કરે છે તેઓ અતિશય વેદનાથી ભરેલા અને ભયંકર નરક લોકમાં જાય છે.

**- શ્રી પઉમચરિયં.**

**भक्खणे देवदव्वस्स, परत्थीगमणेण य ।**
**सत्तमं नरयं जंति सत्त-वाराउ गोअमा ! ॥१॥**

હે ગૌતમ ! દેવદ્રવ્યનું ભક્ષણ કરવાથી, પરસ્ત્રીગમન કરવાથી, જીવ સાતમી નરકમાં સાત વાર જાય છે.

**- શ્રી શ્રાદ્ધપ્રતિક્રમણ સૂત્ર વૃત્તિઃ**



(૧૩) અતિશય વિષયાસકિત (૧૪) તેનું ફળ.
(૧૫) પરપુરૂષગમન કરનાર નારી (૧૬) તેનું ફળ.
(૧૭) પરસ્ત્રીગમન (૧૮) તેનું ફળ.

(૧૯) મોટો માણસ બની કરી, નાનાને આપે ત્રાસ;
લેણું કાઢે અનેક ગણું, અન્યાય રાખે પાસ.

(૨૦) અન્યાયી આવ્યો નરકમાં, પરમાધામી ધામ;
દબાવી મુંઝવી મારતા, અગ્નિ આપે ઠામ.

(૨૧) કુસુંપ કરાવી લડાવતો માંહોમાંહે બાલ;
હર્ષ ધરી મનમાં ઘણો, દેતો હાથે તાલ.

(૨૨) કલહકારી જીવડો, પરમાધામીને હાથ;
બંધાઈ અવડો કષ્ટથી, પામ્યો દુઃખનો સાથ

(૨૩) કામાંધનારી કામણગારી, રીઝવે પુરૂષ અનેક;
કામ ચેષ્ટા કરતી ઘણી, છોડી સઘળો વિવેક.

(૨૪) કામ જ જેને મનધરે, નરક તેને આગાર;
પામે કષ્ટ બહુ પ્રકારનાં, શાન્તિ નહિ ક્ષણવાર.

● ● ● ●

**अणुत्तरेसु नरएसु वेयणाओ अणुत्तरा ।**
**पमाए वट्टमाणेणं मए पत्ता अणंतसो ॥२५७॥**

વિષય કષાય આદિ પ્રમાદને વશ થવાથી મે ભયંકર નરકોમાં ભયંકર વેદનાઓ અનંતીવાર ભોગવી છે.

**- શ્રી મહાપચ્ચક્ખાણપયન્નો.**

**मायापिइगुरुभायाभगिणीपत्ती सुयं च घाएन्ति ।**
**ते चण्डकम्मकारी, बच्चन्ति मया महानरयं ॥**

માતા, પિતા, ગુરૂ, ભાઈ, બહેન, પતિ-પત્નિ અને પુત્રને જે વ્યકિતઓ હણે છે તે પાપીઓ મરીને મહાનરકમાં ઉત્પન્ન થાય છે.

**- શ્રી પઉમચરિયં.**

**चतुर्दश्यष्टमी चैव अमावास्या च पूर्णिमा । पर्वाण्येतानि राजेन्द्र रविसंक्रांतिरेव च ॥१॥ तैलस्त्रीमांससम्भोगी पर्वस्वेतेषु वै पुमान् । विण्मूत्रभोजनं नाम, प्रयाति नरकं मृतः ॥२॥**

હે રાજન્ ! ચૌદશ, આઠમ, અમાસ, પૂર્ણિમા, સૂર્યસંક્રાન્તિ એ પર્વો છે. તે દિવસોમાં તેલ, સ્ત્રી, માંસનો ભોગી મરીને જ્યાં વિષ્ટા અને મૂત્રનું ભોજન છે. એવી વિણ્મૂત્રભોજન નામની નરકમાં જાય છે.

**- શ્રી વિષ્ણુ પુરાણ.**




(૧૯) મોટા થઈ અન્યાય કરવો (૨૦) અન્યાયનું ફળ.
(૨૧) નારદપ્રકૃતિથી કલહ કરાવે (૨૨) તેનું ફળ.
(૨૩) કામાંધ નારીની અમર્યાદ ચેષ્ટા (૨૪) તેનું ફળ.

(૨૫) વૃદ્ધ થયા પણ પુત્ર કાજ, કામે રહે લયલીન;
વિષય વિરામ પામે નહિ, દેહ થયો ભલે ખિન્ન.

(૨૬) ભોગે ગાળી જીંદગી, નરક અગ્નિ સેવાય;
ભોગ યાદ કરાવીને, કષ્ટ વિષમ દેવાય.

(૨૭) શેઠ બની સોહામણા, કાઢે દાસના દોષ;
રંજાડે રાજી થઈ, દૂર કરે ન રોષ.

(૨૮) શેઠ પણ નરકને પામતાં જમડા મારે માર
દોષ દેનાર જીભ ખેંચતા, હાય હાય કરે પોકાર.

(૨૯) ભઠ્ઠા મોટા કરાવીઆ, જીવ હિંસા કરનાર;
અસંખ્ય જીવો જ્યાં મરે, અગ્નિમાં પડનાર.

(૩૦) કર્માદાને ઉદ્યમ કરી, પામે કયાંથી સુખ ?
નરકના કષ્ટને ભોગવે, મુંગું રાખી મુખ.

● ● ● ●

**तते णं एक्काइ० विज्जेहि य पडियाईक्खिए परियारगपरिचत्ते निव्विणोसहभेसज्जे सोलसरोगातंकेहि अभिभूते समाणे, रज्जे य रठ्ठे य जाव अंतेउरे य मुच्छिते रज्जं च २ आसाएमाणे पत्थमाणे पीहेमाणे अहिलसमाणे अट्टदुहट्टवसट्टे अढ्ढाइज्जाइं वाससयाइं परमाउं पालयित्ता कालमासे कालं किच्चा इमीसे रयणप्पभाए पुढवीए उक्कोससागरोवमट्ठितीएसु नेरइएसु णेरइयत्ताए उववणे ।**

ત્યાર પછી તે અક્ખાઈ રાઠોડ, એકાદિ વૈદ્યોથી મૂકાયેલો, પરિવારથી ત્યજાએલો, ઔષધ ભૈષજ્યથી કંટાળેલો, સોળ મહારોગથી ઘેરાયેલો, રાજ્ય, રાષ્ટ્ર, યાવત અંતઃપુરમાં મૂર્છિત થયેલો, રાજ્ય અને રાષ્ટ્રની ઈચ્છા કરતો, પ્રાર્થના કરતો, અભિલષતો, મનથી દુઃખિત, દેહથી દુઃખી અને ઈન્દ્રિયોથી વશાર્ત એવો તે અઢીસો વર્ષનું આયુષ્ય પાળી, કાલ સમયે મરીને, આ રત્નપ્રભા નરકને વિશે, ઉત્કૃષ્ટ સાગરોમપની સ્થિતિવાળા નારકોમાં નારકીપણે ઉત્પન્ન થયો.

**- શ્રી વિપાકસૂત્ર.**




(૨૫) વૃદ્ધપણામાં અતિશય કામસેવન (૨૬) તેનું ફળ.
(૨૭) શેઠ બની સેવક પર અન્યાય કરે (૨૮) તેનું ફળ.
(૨૯) અગ્નિના ભઠ્ઠા વિગેરે કર્માદાન સેવે (૩૦) તેનું ફળ.

(૩૧) મોઢું મલકતું રાખીને, ઓછો આપે માલ;
કાંટો ઝટ દબાવીને. ગ્રાહક સમજાવે કમાલ.

(૩૨) ઠગ બની છેતર્યા ગ્રાહકો, કર્મ નવિ છેતરાય;
માર પડે ધોકે ઘણો, બળતા અગ્નિમાંય.

(૩૩) કામ કથા નિશદિન કરે, રહે તેમાં ચક ચુર;
ધર્મ ધ્યાન વિસારતા, કુગતિ શું તેને દૂર ?

(૩૪) કામ કથાની યાદીએ, દઝાડે સ્થંભ મોઝાર;
વ્યાકૂળ કરતા તેહને, જમડા હરખે અપાર.

(૩૫) વૃક્ષો વિશાળ કાપતા, મોટા 'વડ ને તાડ';
મહા આરંભ કરતા થકા, વિનાશે બહુ ઝાડ.

(૩૬) મહા આરંભના પાપથી, નરકે દેખા દીધ;
કુહાડે કપાયે જીવડા, કર્મના ફળને લીધ.

● ● ● ●

**सरागः स्वजनद्वेषी, दुर्भाषो मूर्खसङ्गकृत् ।**
**शास्ति स्वस्य गतायातं नरो नरकवर्त्मनि ॥**

રાગી, સ્વજનનો દ્વેષી, ખરાબ બોલનારા, મૂર્ખસંગી એવો મનુષ્ય પોતાને નરકમાંથી આવ્યાનું અને નરકમાં જવાનું સૂચવે છે.

**'न ह वै प्रेत्यं नरक नारकाः सन्ति' 'नारको वै एव जायते यः शूद्रान्नमश्नाति । -वेदवाक्यं**

**परलोके केचिन्नारका मेर्वादिवत् शाश्वता न सन्ति, किन्तु यः कश्चित् पापमाचरति स नारको भवति, अथवा नारका मृत्वाऽनन्तरं नारकतया नौत्पद्यन्ते इति प्रेत्य नारका न सन्तीत्युच्यते । -गणधरवादे**

'મરણોત્તર નારકો નરકમાં ઉત્પન્ન થતા નથી' 'નારક તે બને કે જે શુદ્રનું ભોજન કરે' -વેદવાક્યો છે.

વિવેચન - પરલોકમાં નારકો મેરૂ વિગેરેની જેમ શાશ્વત્ નથી પણ જે કોઈ પાપ આચરે છે તે નારક થાય છે અથવા નારકો મરીને બીજો ભવ કર્યા વિના નારક તરીકે ઉત્પન્ન થતા નથી એટલે બીજા ભવમાં તે નારકોઃ નથી. એક કહેવાય છે. -ગણધરવાદ.

**- શ્રી કલ્પસૂત્ર-સુબોધિકા વૃત્તિ.**




(૩૧) માલ ઓછો આપી ઠગનાર (૩૨) તેનું ફળ.
(૩૩) કામકથામાં નિશદિન ચકચૂર (૩૪) તેનું ફળ.
(૩૫) મહા આરંભથી વૃક્ષો વગેરે કાપવા (૩૬) તેનું ફળ.

(૩૭) કુવચન કહે માબાપને, કરે નહિ બહુમાન;
પુત્ર કુપુત્ર થઈને રહે, ધરતો મન અભિમાન.

(૩૮) માતપિતાને અવગણી, આવ્યો યમને હાથ;
તૃપ્ત ત્રપુમાં ડુબવે, ભોગવે દુઃખ અનાથ.

(૩૯) બડો માને માબાપથી, બુદ્ધિનો ભંડાર;
હાથ ચલાવે નિષ્ઠુર બની, અવગણીને ઉપકાર.

(૪૦) માતપિતાને અવગણી, આવ્યો નરકને દ્વાર;
પરમાધામી પછાડતા, મારે બરછી ધાર.

● ● ● ●

**मातरं येऽवमन्यंते पितरं गुरुमेव च ॥**
**आचार्यं चापि पूज्यं च तस्यां मज्जंति ते नराः ॥१४॥**

**पतिव्रतां साधुशीलां कुलीनां विनयान्विताम् ॥**
**स्त्रियं त्यजंति ये द्वेषाद्वैतरण्यां पतंति ते ॥१५॥**

**सतां गुणसहस्रेषु दोषानारोपयंति ये ॥**
**तेष्ववज्ञां च कुर्वंति वैतरण्यां पतंति ते ॥१६॥**

જેઓ માતા, પિતા, ગુરુદેવ, આચાર્ય અને પૂજ્યોનો અનાદર અવહેલના કરે છે તેઓ વૈતરણીમાં ડૂબે છે.

પતિવ્રતા, સતી, કુલીન, વિનમ્ર એવી પત્નિનો જેઓ દ્વેષબુદ્ધિથી ત્યાગ કરે છે તેઓ અવશ્ય વૈતરણીમાં પડે છે.

સજ્જનોના હજારો ગુણોમાં જેઓ દોષારોપણ કરે છે અને તેની અવજ્ઞા કરે છે. તેઓ વૈતરણીમાં પડે છે.

**- શ્રી ગરુડપુરાણ.**

**नरएसु वेअणाओ अणोवमाओ असायबहुलाओ ।**
**कायनिमित्तं यत्तो अणंतखुत्तो बहुविहाओ ॥१५॥ ॥६८१॥**

જીવે નરકમાં કાયાના નિમિત્તે, અનુપમ અશાતા વેદનીયના પરમ હૃદયવાળી વિવિધ વેદનાઓ, અનંતીવાર પ્રાપ્ત કરી છે.

**- શ્રી સંથારાપયન્નો.**




(૩૭) માતાપિતાને કુવચન કહી અવગણે (૩૮) તેનું ફળ.
(૩૯) માબાપને મૂઢ માની અભિમાનથી મારે (૪૦) તેનું ફળ.

# નારકી ચિત્રાવલી - ચિત્ર પરિચય

(૪૧) કુવચનો કડવાં કહે, નિજ સ્વામીને નાર;
સતીત્વને ભૂલી અરે, ફોગટ બને ગમાર.

(૪૨) નિજ સ્વામીને અવગણી, સતીત્વ મૂકયું દૂર;
પરમાધામી પીડે બહુ, આવ્યું દુઃખનું પૂર.

(૪૩) નફટ નિર્દય નારી બની, ગુસ્સાનો નહિ પાર;
મારે નિજ પતિદેવને, મૂરખ માને ભરથાર.

(૪૪) નરકસ્થાનને મેળવ્યું, મૂકી નારી ધર્મ;
મારે પરશુ પરમાધામી, યાદ કરાવી કર્મ.

(૪૫) નિજ સંતાનને સાચવે, શોક સંતાન પીડનાર,
દંડ બતાવી દૂર ભગાડે, ગાળ અનેક દેનાર.

(૪૬) નિર્દયતાએ નરકે ફેંકી, મુદ્ગરે ખાયે માર;
કરવત ચલાવે મસ્તકે, મળે ના રાખણહાર.

● ● ● ●

**भर्तारं दुषयेन्नारी परं मनसि धारयेत् ॥**
**इत्याद्याः शाल्मलीवृक्षे भुंजते बहुताडनम् ॥३०॥**

**नास्तिका भिन्नमर्यादाः कदर्या विसयात्मकाः ॥**
**दांभिकाश्च कृतघ्नाश्च ते वै नरकगामिनः ॥३२॥**


જે સ્ત્રી પોતાના પતિને દૂષણ આપે અને અન્ય પુરૂષનું મનમાં ચિંતવન કરે. વિ. સ્ત્રીઓ શાલ્મલીવૃક્ષ ઉપર અનેક પ્રકારની પીડાને (તાડનને) ભોગવે છે. (૩૦) નાસ્તિક, મર્યાદાનો ભંગ કરનાર, લોભી, વિષયલંપટ, પાખંડી, કૃતઘ્ન - આ છ નરકે જાય છે. (૩૨)

**- શ્રી ગરૂડપુરાણ.**

**इमीसे णं भंते । रयणप्पहाए पुढवीए नेरतिया एक्कसमएणं केवतिया उवज्जंति ? गोयमा ! जेहण्णेणं एक्को वा दो वा तिन्नि वा उक्कोसेणं संखेज्जा वा असंखेज्जा वा उववज्जंति एवं जाव अधे सत्तामाए ।**

હે ભગવાન્ ? એ રત્નપ્રભા પૃથ્વીને વિષે એક સમયે કેટલા નારકીઓ ઉત્પન્ન થાય ? હે ગૌતમ ! જઘન્યથી એક બે અથવા ત્રણ, ઉત્કૃષ્ટથી સંખ્યાતા અથવા અસંખ્યાતા નારકીઓ ઉત્પન્ન થાય. એ પ્રમાણે યાવત્ સાતમી નરક સુધી જાણવું.

**- શ્રી જીવાભિગમ સૂત્ર.**




(૪૧) પતિને કુવચન કહેવાં (૪૨) તેનું ફળ.
(૪૩) પતિને મારવા ઊઠે (૪૪) તેનું ફળ.
(૪૫) નિજ સંતાન પાળે, શોક વિગેરેના સંતાન પીડે (૪૬) તેનું ફળ.

(૪૭) પરધન લેવા રસીયો ખરો, કરે ચોરીનાં કામ;
અનાચાર આદરે વળી, ધરતો ઘણો દમામ.

(૪૮) ચોરીનાં ફળ ભોગવે, જઈ નરકને ધામ;
પરમાધામી દંડે ઘણાં, ઠરવા ન મલે ઠામ.

(૪૯) ઓછાં દામ દેઈને ખરીદે ચોરીનો માલ;
પૂરા દામે વહેંચતો, થઈને ચોરદલાલ.

(૫૦) ચોરદલાલ પણ આવતો, પરમાધામી હાથ;
ભય પામે અરિ દેખીને, ભોગવે દુઃખ અનાથ.

(૫૧) સત્તા સ્થાને આવીને, નિર્દોષને દે દંડ;
કોણ સમજાવે તેહને, નહિ બનવાનો ચંડ.

(૫૨) નિર્દોષને દંડયા ઘણાં, થયો નરક મહેમાન;
અવડો બાંધી મારતા, મળે ન ખાન પાન માન.

● ● ● ●

**राजभार्याभिलासी च परदारापहारकः ॥**
**कन्यायां कामुकश्चैव सतीनां दूषकश्च यः ॥२३॥**


રાજ-પત્નિની ઈચ્છા કરનાર, પરસ્ત્રીનું અપહરણ કરનાર, અપરિણિત કન્યામાં કામી, સતીને દૂષણ આપનાર.

**एते चान्ये च बहवो निषद्धाचरणोत्सुकाः ॥**
**विहितत्यागिनो मूढा वैतरण्यां पतंति ते ॥२४॥**

ઉપર કહેલા તેઓ તેમજ વિરૂદ્ધ - કાર્ય કરવામાં ઉત્કંઠાવાળા, વિહિત કાર્યને છોડનારા મૂઢ મનુષ્યો વૈતરણીમાં પડે છે.

**कूटसाक्ष्यप्रदातारः कूटधर्मपरायणाः ॥**
**छलेनार्जनसंसक्ताश्चौर्यवृत्या च जीविनः ॥२८॥**
**छेदयंत्यतिवृक्षांश्च वनारामविभंजकाः ॥**
**व्रतं तीर्थं परित्यज्य विधवाशीलनाशकाः ॥२९॥**

ખોટી સાક્ષી આપનારા, કૂટધર્મમાં તત્પર, છળ - કપટથી દ્રવ્ય કમાવામાં તત્પર, ચોરી કરી જીવનારા, વળી જેઓ વૃક્ષોનો છેદ - વિનાશ કરે છે તે વન ઉદ્યાન - બગીચાનો નાશ કરનારા, વ્રતરૂપી તીર્થનો ત્યાગ કરી, વિધવાના શીલનો નાશ કરનારા મનુષ્યો અવશ્ય નરકે જાય છે.




(૪૭) પર ધન હરનાર (૪૮) તેનું ફળ.
(૪૯) ચોરીનો માલ લેનાર ચોર દલાલ (૫૦) તેનું ફળ.
(૫૧) સત્તાના મદથી ચંડ (૫૨) તેનું ફળ.

(૫૩) લીલાં ઝાડ ઝંઝેડતા, ધરતા ચપલ સ્વભાવ;
વિરોધે વનસ્પતિ ઘણી, લેતા દુર્ગતિ દાવ.

(૫૪) જીવ વિરાધક જીવને, સુવાડે કાંટામાંય;
બંધન બાંધી પીડતા, પરમાધામી સદાય.

(૫૫) ધાન્ય સંગ્રહે અતિ ઘણાં, પરીગ્રહના ધરનાર;
જીવ જંતુ મરતા ઘણાં, છોડે ન લોભ લગાર.

(૫૬) પરીગ્રહ પાંચમા પ[illegible]ો, નારકી થયો જે જીવ;
મુખ છેદાય ભોંય પાડીને, પાડતો મોટી રીવ.

(૫૭) માર્ગમાં માલદાર દેખીને, લૂંટે બતાવી હથિયાર;
ડાકુ ચોર બની અરે, પીડે લોક અપાર.

(૫૮) બહુ જન લૂંટી પીડીને, આવ્યો અધર્મસ્થાન;
પછાડી કાંટા પત્થરે, દે ભાલાથી માન.

● ● ● ●

**शस्त्राणां ये च कर्तारः शराणां धनुषां तथा ॥**

**विक्रेतारश्च ये तेषां ते वै नरकगामिनः ॥४३॥**

જેઓ હથિયારો, બાણો અને ધનુષ્યોને બનાવે છે કે વેચે છે તેઓ પણ ખરેખર નરકે જનારા છે.

**- શ્રી ગરૂડપુરાણ.**

**नरकगतौ कुन्ताग्रभेदकरपत्रशिरःपाटनशूलारोपण - कुम्भिपाकासिपत्रवनकृतकर्ण-नासादिच्छेदं कदम्बवालुकापथगमनादिरूपमनेकप्रकारं दुःखमेव निरन्तरम्, नाक्षिनिमीलनमात्रमपि तत्र सुखम् ।**

નરકગતિમાં, ભાલાના અગ્રભાગથી ભેદાવું, કરવતથી મસ્તક વિદારવું, શૂળી પર આરોપણ કરવું, કુંભિમાં પકાવવું, અસિપત્ર વન વડે કર્ણ નાસિકા વિગેરેનો છેદ થવો, કદમ્બ પુષ્પાકાર રેતીના માર્ગે ચાલવું વિગેરે અનેક પ્રકારનું નિરંતર દુ:ખ છે. આંખનાં પલકારા જેટલા સમયમાં પણ ત્યાં સુખ નથી.

**- શ્રી નન્દીસૂત્ર - મલયગિરિજી-વૃત્તિ.**




(૫૩) લીલાં ઝાડ ઝંઝેડે વનસ્પતિ વિરાધે (૫૪) તેનું ફળ.
(૫૫) ધાન્યનો અતિ સંગ્રહ કરે (૫૬) તેનું ફળ.
(૫૭) ડાકુગીરી કરે (૫૮) તેનું ફળ.

(૫૯) પરનિન્દા કરે ઘણી, ચાડી - ચુગલીનું કામ;
વિશ્વાસુજન ઠગતાં થકાં, કરતા જીવન હરામ.

(૬૦) ચાડી - ચુગલીમાં રસ લીધો, કીધો પરનો ભેદ;
વીંછી સર્પ કરડે ઘણાં, થાય શું ઘરે જો ખેદ.

(૬૧) દુર્જન સજ્જન થઈ નિત્ય, ભોળવે ભોળા લોક;
વિશ્વાસે લઈ લૂંટતો, જીવન કરતો ફોક.

(૬૨) દંભી દંભે દબાયો ઘણો, મલ્યું નરકાગાર;
ત્રિશૂલે પડયો દુઃખ ભોગવે, કુતરા કરડે અપાર.

(૬૩) લાંબા ચોડા ચોપડા, લખે લખાવે ચતુર;
ગરીબ લાચારને ભીંસતો, લેઈ અધિકાં નૂર.

(૬૪) ખોટા નામાએ બહુ જન ઠગી, લીધો નરકનો પાથ;
પરમાધામી રીંછ બની, કરડે તેના હાથ.

● ● ● ●

घम्मा वंसगा सेला, तहा अंजणरिठ्ठगा ।
मघा माघवई चेव, नारया य पुणो भवे ॥१॥


रयणाइ गुत्तओ चेव तहा घम्माइ नामओ इइ ।
नेरईया एए, सत्तहा परिकित्तिया ॥२॥ अ० ३६॥

जहा इहं अगणी उण्हो, एत्तोऽणंतगुणो तहिं ।
नरएसु वेयणा उण्हा, असाया वेइया मए ॥३॥

जहा इहं इमं सीयं एत्तोऽणंतगुणो तहिं ।
नरएसु वेयणा सीया, असाया वेइया मए ॥४॥ अ० १९॥

ઘમ્મા, વંશા, શૈલા, અંજના, અરિષ્ટા, મઘા, માઘવતી સાત નરકો છે. ૧. રત્નપ્રભા વિગેરે ગોત્રથી અને ઘમ્મા વિગેરે નામથી જાણવા, એ પ્રમાણે નારકીઓ સાત પ્રકારના કહ્યા છે. ૨. ।।અ૦ ૩૬।। અહિં અગ્નિ જે ઉષ્ણ છે તેના કરતા અનંત ગુણો ઉષ્ણ નરકમાં છે, નરકોમાં મેં, એ ઉષ્ણ અશાતા વેદના મેં ભોગવી છે. ૩. અહિં જે ઠંડી છે તેના કરતાં ત્યાં અનંત ગુણી ઠંડી છે. નરકોમાં મેં ઠંડીની આશાતા વેદના ભોગવી છે. ૪. ।।અ૦ ૧૯।।

- શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર.




(૫૯) પરનિન્દા અને ચાડી-ચુગલી કરે (૬૦) તેનું ફળ.
(૬૧) ભોળા લોકને દંભી બની ઠગે (૬૨) તેનું ફળ.
(૬૩) ખોટા ચોપડા લખી ગરીબ લાચારને છેતરે (૬૪) તેનું ફળ.

(૬૫) ઘાલમેલ ધંધામાં કરે, અન્ય બતાવી આપે અન્ય;
શેતાન પણ સજ્જન કહે, માને જીવન ધન્ય.

(૬૬) ચિત્ત ચિંતવ્યાં જુઠા ઘણાં, આવ્યો નરકને દ્વાર;
પરમાધામી પીડતો, મારે તીક્ષ્ણ ધાર.

(૬૭) માલ નબળો આપીને, અધિક લેતા દામ;
કાંટે ઝટ ચઢાવીને, કરે ઠગાઈના કામ.

(૬૮) દગો સગો ન કોઈનો, આપે નરકાવાસ;
પડયા માથે અગ્નિમાં, માર પડે છે ખાસ.

(૬૯) ભાળ કરે ધર્મક્ષેત્રની, ખાયે તેનું ધન;
દેવ ગુરૂ ધર્મ દ્રવ્યને, ખાઈ બગાડે મન.

(૭૦) દ્રોહી દેવ ગુરૂ ધર્મનો, પામે કયાંથી શર્મ;
કરવત ચલાવે પીડા કરે, એ છે કર્મનો મર્મ.

● ● ● ●

**पइजम्मसद्ददारिद्दुवद्दुया दीहरे भवारन्ने ॥**

**देवत्थभोगनिरया निरयाइगईसु वश्चंति ॥१॥**

દેવદ્રવ્યનો ઉપભોગ કરનારાઓ જન્મોજન્મમાં ભયંકર દરિદ્રતાથી હણાયેલા દીર્ઘ ભવઅટવીમાં નરકાદિ ગતિમાં જાય છે.

**- શ્રી કહારયણકોહો.**

**तश्चातो पुढवीओ उज्जलियाओ अणंतरं उव्वहिता इहेव जंबुद्दीवे दीवे भारहे वासे आगमेसाए उस्सप्पिणीए पुडेसु जणवतेसु सवदुवारे बारसमे अममे नामं अरहा भविस्ससि तत्थ तुम बहूइं वासाइं केवलिपरियागं पउणेत्ता सिज्झिहिसि ॥**

પ્રબલ વેદનાવાલી ત્રીજી નરકમાંથી અનંતર ઉધ્ધરીને જંબૂદ્વીપના ભરતક્ષેત્રમાં આગામી અવસર્પિણીમાં, પુંઢદેશના શતદ્વાર નગરમાં બારમા અમમ નામે જિન થશો. ત્યાં ઘણા વર્ષ કેવલી પર્યાય પાળી સિધ્ધ થશો.

**- શ્રીમદન્તકૃદ્દશાંગસૂત્ર.**




(૬૫) માલ દેખાડે બીજો અને આપે બીજો (૬૬) તેનું ફળ.
(૬૭) હલકો માલ આપી પૈસા વધુ લે (૬૮) તેનું ફળ.
(૬૯) ધર્મસ્થાનનો વહીવટ કરતાં તેનું ધન ભક્ષણ કરે (૭૦) તેનું ફળ.

# નારકી ચિત્રાવલી - ચિત્ર પરિચય

(૭૧) અસત્યને જે મન ધરે, કૂડાં કાઢે વેણ;
જાૂઠું બોલતો સદા ફરે, ઠગતો અન્યનાં નેણ.

(૭૨) અસત્ય બોલનારો ગયો, પરમાધામી પાસ;
જીભ ખેંચે અસિ ઘાત કરે, આપે ઘણેરો, ત્રાસ.

(૭૩) કોલ ભરોંસા દે ઘણા, કરતો મોટી વાત;
સમય આવ્યે બેસે ફરી, કરી નિજ વાતનો ઘાત.

(૭૪) વિશ્વાસઘાત મહાપાપથી, દેખે દુર્ગતિ દ્વાર;
તાપ પીડા સહે અતિ, માથે ખાયે માર.

(૭૫) દુકાનદાર ઠગે ઘણાને, તેહને પણ ઠગે જેહ;
ખોટાં નાણાં ભરવી કરી, ચલતિ પકડે તેહ.

(૭૬) ચતુરને પણ છેતર્યા, ચલાવી મનોહર જીભ;
જીભે જમ જમૈયો મૂકે, ભય આપે બહુવિધ.

● ● ● ●

**अलिएं सइंपि भणिएं विहणइ बहुआइं सच्चवयणाइं ।**
**पडिओ नरयंमि वसू इक्केग असच्चवयणेणं ॥३७६॥**

એક જ વખત બોલેલું અસત્ય ઘણા સત્યવચનોનો નાશ કરે છે. એક અસત્ય વચન વડે વસુરાજા નરકમાં ઉત્પન્ન થયો.

**- શ્રી ભક્તપરિજ્ઞા પયન્નો.**


**पन्नरस परमाहम्मिआ पन्नत्ता तंजहा-अंबे अंबरिसी चेव सामे सबलेत्ति आवरे । रुद्दोवरुद्दकाले अ महाकालेत्ति आवरे ॥१॥ असिपत्ते धणु कुम्मे वालुए वेअरणीति ए । खरस्सरे महाघोसे एते पन्नरसाहिआ ॥२॥**

પન્નર પરમાધામીઓ કહ્યા છે તે આ પ્રમાણે - અંબ, અંબરિષી, શ્યામ, શબલ, રૌદ્ર, ઉપરોદ્ર, કાલ, મહાકાલ, અસિપત્ર, ધનુ, કુમ્ભ, વાલુકા, વૈતરણી, ખરસ્વર, મહાઘોષ.

**गोयमा । नेरइया सीतं वेयणं वेयंति, उसिणं वेयणं वेयंति सीतोसिणं वेयणं वेयंति ॥**

હે ગૌતમ, નારકો શીત વેદના વેદે છે, ઉષ્ણ વેદના વેદે છે, શીતોષ્ણ વેદના વેદે છે.

**- શ્રી સમવાયાંગ સૂત્ર.**




(૭૧) અસત્ય-જુઠ્ઠુ બોલનાર (૭૨) તેનું ફળ.
(૭૩) વચન આપી તોડે-વિશ્વાસઘાત કરે (૭૪) તેનું ફળ.
(૭૫) વ્યાપારીને ઠગીને માલ લે (૭૬) તેનું ફળ.

(૭૭) જોયા વિના ખાંડવાં, ધાન્ય અનેક પ્રકાર;
ત્રસ જીવની વિરાધના, પ્રમાદ તણે આધાર.

(૭૮) ખાંડણીએ ખૂબ ખાંડીને, પામ્યા નારકનો દેહ;
પરમાધામી તેહને, ખાંડે સાંબેલા લેહ.

(૭૯) ઠગાઈ કરે ચોરી કરે, તાપ તપાવે રોજ;
સોની કામ કરતો ઘણું, કરે ન આતમ ખોજ.

(૮૦) નરક નિકેતન મેળવ્યું, કરીને પાપનાં કામ;
માર મારે મશાલે બાળે, મલે ન ઠરવા ઠામ.

(૮૧) નફ્ટ થઈને નીકળે, પરધન હરવા કાજ;
દૂરાચારીને સેવતો, બાંધે નરકનો પાજ.

(૮૨) પરદ્રવ્ય હરી દુર્ગતિ ગયો, બન્યો ઘણો પરાધીન;
પરમાધામી અસિ ઘા કરે, કરગરે બાપડો દીન.

● ● ● ●

**ते इमे पण्णरस परमाधम्मिया निरयपाला-अंबे० जो जारिसवेदणाकारी सो तेण अभिधाणेण अभिधीयते. ते असिपत्तवणं विउव्वित्ता तओ तत्थ छायाबुध्धीए पविसंति पच्छा वातं विउव्वंति पच्छा वातकंपितेहिं असिपत्ते छिज्जंति, ण केवलं तत्थ असिसरिसाणि चेव पत्ताणि, अण्णाणि वि खुरुप्पपरसुकस्समादिसरिसाइं तेसिं कन्नणासओट्ठे छिन्दंति ।**

પન્નર પરમાધામી નરકપાલો છે અંબ૦ (વિગેરે પૃષ્ઠ ૨૬ મુજબ જાણવા) જે જેવી વેદના કરે છે તે તે તે નામથી ઓળખાય છે. અસિપત્ર નામના પરમાધામીઓ અસિપત્રવન વિકુર્વે છે, છાયાની બુધ્ધિથી ત્યાં નારકો આવે છે, દેવો પવન વિકુર્વે છે, કાપેલા અસિપત્ર - તલવાર જેવા પાન છેદાય છે. તે માત્ર તલવાર જેવા નથી હોતા, પણ સજીયા, પરશુ, જમૈયા આદિ જેવા હોય છે. તેનાથી કાન, નાક, ઓષ્ઠ વિ૦ છેદાય છે.

**- શ્રી સૂત્રકૃતાંગચૂર્ણિ.**

**से जे पुण इमे अणेगे बहवे तसा पाणा सव्वे निरइया... ।**

વળી તે આ અનેકઘણા ત્રસ જીવો છે... સઘળા નારકીઓ ઈત્યાદી.

**- શ્રી દશવૈકાલિક સૂત્ર.**



(૭૭) જોયા વિના ખાંડવું વિગેરે કાર્યો કરે (૭૮) તેનું ફળ.
(૭૯) સોની અગ્નિ-આરંભ અને ઠગાઈ કરે (૮૦) તેનું ફળ.
(૮૧) પરધન હરનાર (૮૨) તેનું ફળ.

(૮૩) ધન ઘણું ઘરમાં મળે, લોભ તણો નહિ પાર;
ખાય નહિ ખાવા ન દે, પરિગ્રહી છે ગમાર.

(૮૪) પરિગ્રહ મહાપાપથી, ગયો નરકને ઘેર;
વિદારે તનુ તલવારથી, કરે ના કોઈ મહેર.

(૮૫) દાન તો દીધું નહિ, દેતાં કર્યો નિષેધ;
જીભ મળી બહુ કિંમતી, પણ કર્યો કુવેધ.

(૮૬) ધર્મ કરતા રોકીને, રોકી સદ્‌ગતિ સ્થાન;
દુર્ગતિ પડયો દુઃખ ભોગવે, ખેંચાય જીભ નાદાન.

(૮૭) બરફ બટાટા બોળ અથાણાં, ખાધાં અભક્ષ્ય અનેક;
રસનાને ખૂબ ખૂશ કરી, રાખી ન સારી ટેક.

(૮૮) સ્વાદ ઘણો અભક્ષ્યનો, યાદ કરાવે દેવ;
ગરમ તેલની કઢાઈમાં, નાંખે કાઢવા કુટેવ.

● ● ● ●

**सा रेवई गाहावइणी अन्तो सत्तरत्तस्स अलसएणं वाहिणा अभिभूया अट्टदुहट्टवसट्टा कालमासे कालं किच्चा इमीसे रयणप्पभाए पुढवीए लोलुयच्चुए नरए चउरासीइवाससहस्सट्ठिइएसु नेरइएसु नेरइयत्ताए उववन्ना ।**

તે રેવતી - ગ્રહપતિની સાત રાત્રિમાં વિશચિકા વિશેષ લક્ષણ વ્યાધિથી પીડાયેલી આર્ત્ત ધ્યાનવાલી હોતે છતે કાલસમયે કાલ કરીને આ રત્નપ્રભા નામે પૃથ્વીને વિશે લોલુક નરકાવાસે ચોરાશી હજાર વર્ષના આયુષ્યવાળા નારકોમાં નારકીપણે ઉત્પન્ન થઈ.

**-શ્રી ઉપાસકદશાંગ સૂત્ર ॥ અ૦ ૮॥**

**नेरइयत्ताए कम्मं पकरेत्ता नेरइएसु उववज्जन्ति तंजहा-महारम्भयाए महापरिग्गहयाए पञ्चेन्दियवहेणं कुणिमाहारेणं ।**


નારક યોગ્ય કર્મ કરી જીવે નારકીમાં ઉત્પન્ન થાય છે તે ચાર પ્રકારે છે - મહાઆરંભ, મહાપરિગ્રહ, પંચેન્દ્રિયવધ અને માંસ ભક્ષણ કરવું.

**- શ્રી ઉપાસકદશાંગ-અભયદેવસૂરિજી વૃત્તિ.**

**णरगउववाते परियायं एति परिपच्चति ।**

નરકમાં ઉત્પન્નિ થયે છતે જીવ પરિતાપને પામે છે, દુઃખથી પીડાય છે.

**- શ્રી આચારાંગસૂત્રચૂર્ણિ. (૧૬૨)**




(૮૩) મહાપરિગ્રહ કરનાર (૮૪) મહાપરિગ્રહનું ફળ.
(૮૫) દાન ન દેનાર તથા નિષેધ કરનાર (૮૬) તેનું ફળ.
(૮૭) અભક્ષ્યનું ભક્ષણ (૮૮) તેનું ફળ.

(૮૯) ન્યાયાલયમાં આવીને, સોગંદ દેવના ખાય;
જાુઠુ બોલે કુટસાક્ષી બને, તો ય મનમા મલકાય.

(૯૦) આશ્રવ અસત્ય આદરી, નરકમાં પામ્યો તાપ;
પરમાધામી પીડે ઘણાં, પાપ ન થાયે બાપ.

(૯૧) સત્તા જેણે હાથ ધરી, વિવેક મૂકયો જો દૂર;
બહુજન પીડે મદ ધરી, હોય મીઠો તો ય ક્રૂર.

(૯૨) નિર્દોષ પીડી નરકમાં, કરવતથી વેરાય;
પીડાય પરમાધામીથી, જીવડો સદા સીદાય.

(૯૩) હાંસી કરતાં હસતાં કહે, મર્મઘાતી વેણ;
વૈર બાંધે ભવભવ તણાં, અનર્થ દંડના વહેણ.

(૯૪) ત્રણ નરક ઓળંગી ગયા, ચતુર્થાદિને ઠામ;
અન્યોઅન્યને વૈરથી, કાપે ક્રોધી બેફામ.

● ● ● ●

**नेरइया णं भंते ! कतोर्हिंतो उववज्जंति ?...गोयमा ! नो नेरइएर्हिंतो उववज्जंति, तिरिक्खजोणिएर्हिंतो उववज्जंति, मुणुस्सेर्हिंतो उववज्जंति, नो देवेर्हिंतो उववज्जंति ।**

હે ભગવાન્ ! નારકીઓ કયાંથી આવીને ઉત્પન્ન થાય છે ? હે ગૌતમ ! નારકીઓ નરકમાંથી આવીને ઉત્પન્ન થતા નથી, તિર્યંચમાંથી ઉત્પન્ન થાય છે. મનુષ્યમાંથી ઉત્પન્ન થાય છે, દેવોમાંથી ઉત્પન્ન થતા નથી. **- (પદ-૬ ઠ્ઠું)**

**नेरइया णं भंते ! किं सम्मत्ताभिगमी मिच्छत्ताभिगमी सम्मामिच्छत्ताभिगमी ? गोयमा ! सम्मत्ताभिगमीवि मिच्छत्ताभिगमीवि सम्ममिच्छत्ताभिगमीवि ।**

હે ભગવાન્ ! નારકીઓ શું સમ્યક્ત્વી, મિથ્યાત્વ કે સમ્યગ્મિથ્યાત્વી હોય છે ? હે ગૌતમ ! સમ્યક્ત્વી હોય છે, મિથ્યાત્વી હોય છે અને સમ્યગ્મિથ્યાત્વી પણ હોય છે. **- (પદ-૩૪મું)**

**नेरइया णं भंते ! किं सायं वेदणं वेदेंति, असायं वेदणं वेदेति, सायसायं वेदणं वेदेंति ? गोयमा ! तिविहंपि वेदणं वेदेंति ।**

હે ભગવાન્ ! નારકીઓ શું શાતા, અશાતા કે શાતાશાતા વેદના વેદે છે ? હે ગૌતમ ત્રણે વેદના વેદે છે. **- (પદ-૩૫ મું)**

તીર્થંકરના જન્માદિ સમયે શાતા વેદના, સિવાય અશાતા વેદના, પૂર્વભવના મિત્ર દેવ કે દાનવના વચનથી મનમાં શાતા, શરીરે ક્ષેત્રથી અશાતા યા તેના દર્શનથી વચનથી શાતા અને પશ્ચાતાપથી અશાતા એમ શાતાશાતા વેદના અનુભવે છે.

**(શ્રી મલયગિરિજી ટીકા) - શ્રી પ્રજ્ઞાપના (પન્નવણા) સૂત્ર.**




(૮૯) કુટસાક્ષી પુરનાર (૯૦) તેનું ફળ.
(૯૧) સત્તાથી પરને પીડનાર (૯૨) તેનું ફળ.
(૯૩) હાંસી કરી વૈર બાંધનાર (૯૪) તેનું ફળ.

(૯૫) દીન દુઃખીને દે નહિ, તગડા થયા માલદાર;
ઘમંડ કરે દુર્બળ પીડે, જાવા દુર્ગતિ દ્વાર.

(૯૬) દયાહીન તે જીવને, આપે દુઃખના મહેલ;
આંખ છેદે મસ્તક ચીરે, પગે પીડી કરે ખેલ.

(૯૭) ગાળ્યા વિના પાણી ગ્રહી, કરે સઘળાં કામ;
જલ ઢોળે ત્રસ જીવ હણે, વિરાધના બેફામ.

(૯૮) જલ વિરાધક જીવને, કરતા પછાડ પછાડ;
પરમાધામી પગને પકડી, મારે પાડે ત્રાડ.

(૯૯) કાંદા બટાટા ગાજર તથા, લસણ આદુ આદિ કંદ;
અનંતકાય આરોગતાં, બાંધે ભવના ફંદ.

(૧૦૦) સ્વાદ કંદ અનંતકાયનો, કરાવે યાદ યમદેવ;
આપે તપેલાં લોહકંદ, પોષવા તેહની ટેવ.

● ● ● ●

**चत्वारो नरकद्वाराः, प्रथमं रात्रिभोजनम् ।**
**परस्त्रीगमनं चैव, सन्धानान्तकायिके ॥**

નરકના ચાર દરવાજા છે, પહેલું રાત્રિભોજન, બીજું પરસ્ત્રીગમન, ત્રીજું બોળ અથાણું, ચોથું અનંતકાય ભક્ષણ. **-શ્રી શ્રાદ્ધપ્રતિક્રમણસૂત્રવૃત્તિ.**

**नेरइयाणं भंते ! केवइकालं ठिई पन्नात्ता ?, गोयमा ! जहन्नेणं दसवाससहस्साइं उक्कोसेणं तेत्तीसं सागरोवमाइं ठिइं पन्नात्ता ।१।१।**

'હે ભગવાન્ ! નારકીઓની કેટલા કાલની સ્થિતિ છે ?' 'હે ગૌતમ' જઘન્યથી દશહજાર વર્ષની અને ઉત્કૃષ્ટથી તેત્રીસ સાગરોપમની સ્થિતિ છે.

**तीसा य पन्नवीसा पन्नरस दसेव या सयसहस्सा ।**
**तिन्नेगं पंचूणं पंचेव अणुत्तरा निरया ॥१॥५**


સાત નરક ભૂમિઓમાં નારકીના રહેઠાણોની સંખ્યા - પહેલીમાં ત્રીસ લાખ, બીજીમાં ૨૫ લાખ, ત્રીજીમાં ૧૫ લાખ, ચોથીમાં દશ લાખ, પાંચમીમાં ત્રણ લાખ, છઠ્ઠીમાં ૯૯૯૯૫ અને સાતમીમાં પાંચ સ્થાનો છે.

**काऊ दोसु तइयाइ मीसिया नीलिया चउत्थीए ।**
**पंचमियाए मीसा कण्हा तत्तो परमकण्हा ॥ श० १३ उ ०१**

પ્રથમ બે નરકમાં કાપોતલેશ્યા, ત્રીજીમાં મિશ્ર, ચોથીમાં નીલ, પાંચમીમાં મિશ્ર, છઠ્ઠીમાં કૃષ્ણ અને સાતમીમાં પરમ કૃષ્ણલેશ્યા હોય છે.

**नेरतिया नो आयजसेणं उववज्जन्ति आयअजस्सेणं उववज्जन्ति । शतक ४१-उ० १**

નારકીના જીવો આત્માના યશ-સંયમીથી ઉત્પન્ન થતા નથી, પૂર્ણ આત્માના અયશ - અસંયમથી ઉત્પન્ન થાય છે. **- શ્રીમદ્ ભગવતીસૂત્ર.**




(૯૫) શકિત છતાં ઘમંડથી દીન દુ:ખીને પીડે (૯૬) તેનું ફળ.
(૯૭) બેફામ અણગળ પાણી વાપરવું (૯૮) તેનું ફળ.
(૯૯) કંદમૂળ અનંતકાય ખાનાર (૧૦૦) તેનું ફળ.

(૧૦૧) શાહ સોદાગર અન્યની, થાપણ રાખે પાસ;
દેવા ટાણે દે નહિ, ઓળવે તે ધનદાસ.

(૧૦૨) હૃદયથી કૂટ ચિંતવ્યું, ભરાવે હજારો સોય;
માર ખાઈ પોકાર કરે, તોય ન બચાવે કોઈ.

(૧૦૩) ગુપ્ત વાત સુણે અન્યની, પ્રચારે તેને બહાર;
પ્રાણ ધન માન હરે, મંત્રભેદી સરદાર.

(૧૦૪) મંત્રભેદી ભય પામતા, દેખી કઠોર હથિયાર.
પીડે દાંત કચકચાવીને, પરમાધામી અપાર.

(૧૦૫) જાુગાર આદિ વ્યસનમાં પડયો, ધન ગુમાવે નિત્ય;
નિજ ઘરથી ધન ચોરતો, રેઢિયાળ જેનું ચિત્ત.


(૧૦૬) પરમાધામી તે જીવનું, ઘાણીમાં કાઢે તેલ;
કહે, ધન આપું શરીર પીલી, ચિન્તા રેઢી મેલ.

• • • •

**तेभ्यः शीतवेदनेभ्यो, नरकेभ्योश्च नारकाः । यथोक्तपुरुष-स्थाने स्थाप्यन्ते यदि ते तदा ॥१॥ प्राप्नुवन्ति सुखं निद्रां निर्वातस्थानगा इव । अथोष्णकाले मध्याह्ने, निरभ्रे वियदङ्गणे ॥२॥ पुंसः पित्तप्रतप्तस्य, परितो ज्वलनस्पृशः । योष्णपीडा ततोऽनन्तगुणा तेषूष्णवेदना ॥३॥ तथोष्णोवेदनेभ्यस्ते, नरकेभ्यश्च नारका । उत्पाप्य किंशुकाकारखदिराङ्गाराशिषु ॥४॥ ध्मायन्ते यदि निक्षिप्य, तदा ते चन्दनद्रवैः । लिप्ता इवात्यन्तसुखान्निद्रां यान्ति क्षणादपि ॥५॥ सदा क्षुद्वह्निना दह्यमानास्ते जगतोऽपि हि । घृतान्नादिपुन्द्गलोधैर्न तृप्यंति कदाचन ॥६॥ तेषां पिपासा तु तालुकण्ठजिह्वादिशोषणी । सकलाम्भोधिपानेऽपि, नोपशाम्यति कर्हिचित् ॥७॥**

તે શીત વેદનાવાળી નરકમાંથી તે નારકીઓને ઉપર કહેલ (હિમજલના સિંચન કરાયેલા) પુરુષના સ્થાને મૂકીએ તો નિર્વાત સ્થાનમાં હોય તેમ સુખેથી ઊંઘી જાય છે. ઉનાળાના મધ્યાહ્નકાલે ખુલ્લા આકાશમાં પિત્તથી તપેલાં અને આસપાસ સળગતા અગ્નિવાળા પુરુષને તાપથી જે પીડા થાય તેના કરતાં અનંત ગુણી પીડા નરકમાં છે. ૧-૨-૩. તે ગરમીમાંથી તે નારકોને ઉપાડી, કેશુડા જેવા લાલ રંગવાલા ખેરના અંગારાના ઢગલામાં મૂકી તેને ધમવામાં આવે તો તેઓ ચંદનરસથી વિલેપન કરાયેલા ન હોય તેમ અત્યંત સુખપૂર્વક ક્ષણમાં નિદ્રાને વશ થઈ જાય છે. ૪-૫. વળી સદા ભૂખથી પીડાતા તેઓ જગતના સમસ્ત ઘી અનાજ વિગેરે પુદ્ગલસમુહોથી પણ તૃપ્ત થતા નથી. ૬. તાળવું, કંઠ અને જીભ વિગેરેને શોષનારી તેમની તૃષા સઘળા સમુદ્રના પાનથી પણ કદી શાન્ત થતી નથી. ૭.

**- શ્રી લોકપ્રકાશ.**



(૧૦૧) થાપણ ઓળવનાર (૧૦૨) તેનું ફળ.
(૧૦૩) ચાડીચુગલી કરનાર (૧૦૪) તેનું ફળ.
(૧૦૫) જુગાર આદિનો વ્યસની (૧૦૬) તેનું ફળ.

(૧૦૭) ઝેરી ઔષધો વાપરે, કરે જીવોનો નાશ;
અસંખ્ય જીવના પ્રાણ હરે, ધરતો મન ઉલ્લાસ.

(૧૦૮) હૃદયથી ચિંતન કરી, કીધાં હિંસાના કામ;
પરમાધામી બીહામણા, ભાલા મારે બેફામ.

(૧૦૯) માંકડ, જુ ને લીખ મારે દ્વેષ ધરી દિલમાંય;
વિચારે ના જીવ ઘાતને, વિપાક કેવો થાય ?

(૧૧૦) ક્ષુદ્ર જંતુ વિરાધકો, પામે નરકનું ઠામ;
સુવાડી કાંટા ઉપર અરે, ત્રિશૂલે વિંધે ચામ.

(૧૧૧) સાપ વિંછીને દેખીને, માર્યા તેમને ઠાર;
બતાવે ચતુરાઈ આપની, જાણે ફોજસરદાર.

(૧૧૨) દુર્ગતિ દેખી ગર્વ ગળ્યો, સાપે શરીર વિંટાય;
ડંખ કારમા વિંછી તણા, સહ્યા નહિ સહેવાય.

● ● ● ●

**क्षुरिकाद्यैरप्यजय्या, कण्डुर्देहेऽतिदुःखदा । अनन्तगुणितोऽत्रत्याद्यावज्जीवं ज्वरस्तथा ॥८॥ अनन्तघ्नं पारवश्यं दाहशोकभयाद्यपि । कष्टं विभङ्गमप्येषां वैरिशस्त्रादिदर्शनात् ॥९॥**

છરી આદિથી ઉઝેડવાથી પણ શાન્ત ન થાય તેવી અતિ દુઃખદાય ખરજ તેમને શરીરે હોય છે. અહિંના તાવથી અનંતગુણો તાવ ત્યાં હોય છે. ૮. તેમને પરવશપણું, દાહ, શોક, ભયાદિક અનંતગુણા છે. શત્રુ તથા તેમના શસ્ત્રાદિ જોવાથી તેમનું વિભંગજ્ઞાન પણ કષ્ટકારી છે. **-શ્રી લોકપ્રકાશ - ક્ષેત્રલોક.**

**जगद्गुरो मनःपर्यवज्ञानमुत्पन्नं तदा च नारकाणामपि क्षणं यावत् सुखमुत्पेदे ।**

જ્યારે શ્રી નેમિનાથ પ્રભુને મનઃપર્યવજ્ઞાન ઉપજ્યું ત્યારે નારકોને પણ ક્ષણ માટે સુખ મળ્યું. **-શ્રી નેમિનાથ ચરિત્ર.**

**चउहिं ठाणेहिं पएसी अहुणोववण्णए नरएसु नेरइए इच्छेइ माणुसं लोगं हव्वमागच्छित्तए नो चेव णं संचाएइ....१ महब्भूयवेयणं वेदेमाणे....२ नरयपालेहिं भुज्जो भुज्जो समहिट्ठिज्जमाणे...३ निरयवेयणिज्जंसि कम्मंसि अक्खीणंसि अवेयंसि अनिज्जिन्नंसि...४ निरयाउयंसि कम्मंसि अक्खीणंसि अवेयंसि अनिज्जिन्नंसि.**

હે પ્રદેશી, નરકમાં તાજો ઉત્પન્ન થયેલો નારકી મનુષ્યલોકમાં આવવાને ઈચ્છે પણ ચાર કારણોથી આવી શકે નહિ. ૧. ભયંકર મોટી વેદનાને ભોગવવી, ૨. નરકના પાલક પરમાધામીઓનું વારંવાર સતાવ્યા કરવું. ૩. નરકનું વેદનીય કર્મ ક્ષીણ ન થયેલું હોવાથી, ભોગવાયું ન હોવાથી તેમજ નિર્જરાયું ન હોવાથી ૪. નરકનું આયુષ્ય ક્ષીણ થયું ન હોવાથી ભોગવાયું ન હોવાથી તેમજ નિર્જરાયું ન હોવાથી.

**- શ્રી રાયસેણઈય સૂત્ર.**




(૧૦૭) જંતુનાશક ઔષધોથી ભયંકર હિંસા (૧૦૮) તેનું ફળ.
(૧૦૯) માંકડ, જુ, લીખ મારનાર (૧૧૦) તેનું ફળ.
(૧૧૧) સાપ વિંછી વિગેરે મારનાર (૧૧૨) તેનું ફળ.

(૧૧૩) જાળ વિસ્તારી મોટકી, ફસાવે પક્ષી અનેક;
મુઝવી મારે તેમને, વેંચી દયા વિવેક.

(૧૧૪) પક્ષી ઘાતક જીવડા, નરકને દ્વારે જાય;
પંખી ચીરે ચાંચે કરી, માંસના લોચા ખાય.

(૧૧૫) દોડાવ્યા કુતરાં પ્રેરીને, પક્ષી મારણ કાજ;
જીવ હિંસાની રમત રમે, મૂકી માનવ લાજ.

(૧૧૬) પાપ પછાડે નરકમાં દુઃખનો નહિ ત્યાં પાર;
કુતરાં કરડે વિદારે દેહ, કરે ન કોઈ વહાર.

(૧૧૭) સાસુ શેઠાઈ કરે ઘણી, વહુને આપે ત્રાસ;
મર્મઘાતી વાણી વદે, ના દે લેવા શ્વાસ.

(૧૧૮) વહુને રંજાડી સાસુજી, જાય જમડાંને ઘેર;
ત્રિશૂળના શૂળ અનુભવી, માગે કોઈની મ્હેર.

● ● ● ●

**से दुक्खाए - मोहए - माराए - णरगाए - णरगतिरिक्खाए ।**

ભોગાસકિત, જીવોને દુઃખ, મોહ, મરણ, નરક, અને નરકતિર્યંચ ગતિને માટે થાય છે. **- શ્રી આચારાંગ સૂત્ર.**

**नरकगतौ चत्वारो योनिलक्षाः पञ्चविंशाति - कुलकोटिलक्षाः । श्रवणलवनं, नेत्रोद्धारं, करक्रमपाटनं, हृदयदहनं, नासाच्छेदं प्रतिक्षणदारुणम् । कटविदहनं तीक्ष्णापातत्रिशूलविभेदनं, दहनवदनैः कङ्कैर्घोरैः समन्तमवि भक्षणम् ॥१॥**

નરકમાં ચાર લાખ યોનિ, પચીશ ક્રોડલાખ કુલ છે. દરેક ક્ષણે ભયંકર રીતે, કાનને કાપવા, આંખોને ફોડવી, હાથપગ છેદવા, હૃદય બાળવું, નાસિકા છેદવી, તીક્ષ્ણ પડતા ત્રિશૂલથી ભેદાવું, અગ્નિમુખ ભયંકર કંક પક્ષીઓથી ચારે બાજુ ભક્ષણ કરાવું. ૧.

**तीक्ष्णैरसिभिर्दीप्तैः कुन्तैर्विषमैः परश्वधैश्चक्रैः परशुत्रिशूलमुद्गरतोमरवासीमुषुण्ढीभिः ॥२॥ सम्भिन्नतालुशिरसशिछन्नकर्णनासौष्ठाः। भिशिहृदयोदरान्त्रा भिन्नाक्षिपुटाः सुदुःखार्त्ताः ॥३॥**

તીક્ષ્ણ તલવારો, ચમકદાર ભાલાઓ, ભયંકર જમૈયા, ચક્રો, કુહાડા, ત્રિશૂલ, મુદ્ગર, સાંગ વાંસલા, બંદૂકો, આ હથિયાર વડે, ૨. તાલુ, મસ્તક, કાન, નાસિકા, ઓષ્ઠ, હૃદય, પેટ, આંતરડા, ચક્ષુયુગલ વિગેરેના છેદનભેદન કરાતા ખૂબ દુઃખી છે. ૩.

**निपतन्त उत्पतन्तो विचेष्टमाना महीतले दीनाः । नेक्षन्ते त्रातारं नैरयिकाः कर्म्मपटलान्धाः ॥४॥**

કર્માન્ધ, દીન, નારકો, ભૂમિતલ ઉપર, ઊંચાનીચા કરાતા, કોઈ રક્ષકને જોતા નથી. ૪. **- શ્રી આચારાંગ - શ્રી શિલાંકાચાર્યજી - ટીકા.**




(૧૧૩) જાળથી પકડી પક્ષીની હિંસા કરનાર (૧૧૪) તેનું ફળ.
(૧૧૫) કુતરાં દ્વારા પક્ષીની હિંસા (૧૧૬) તેનું ફળ.
(૧૧૭) સાસુની વહુ પ્રત્યે રંજાડ (૧૧૮) તેનું ફળ.

(૧૧૯) ગાંડા દુઃખી દીનને, પીટે મારે માર;
દયા દિલ ધારે નહિ, કનડે નિરાધાર.

(૧૨૦) દુઃખી દીન સંતાપીને, નરકે પામે દુઃખ;
ભાલા ઉપર સુવાડીને, ભય આપે દુર્મુખ.

(૧૨૧) નિજ નારીને બાળતો, છાંટી તેને તેલ;
ક્રૂર કઠોર હસતો અરે, ખેલે નવનવા ખેલ.

(૧૨૨) નારી ઘાતક જીવને, પીડે વિવિધ હથિયાર;
આંખો કાઢે શૂલ ભોકે, દુઃખો અનેક પ્રકાર.

(૧૨૩) રસના રાખી રંગમાં, રાતે હોંશે ખાય;
અનેક જીવ વિરાધના, કરતો જીવ સદાય.

(૧૨૪) રાત્રિભોજન પાપ છે, નરકનું પહેલું દ્વાર;
મૂખે બરછી ઘોંચીને, પીડે અસુર અવતાર.

● ● ● ●

**ये हि पापरतास्तार्क्ष्य दयाधर्मविवर्जिताः ॥ दुष्टसंगाश्च सच्छास्त्र-सत्संगतिपराङ्मुखाः ॥१४॥ आत्मसंभाविताः स्तब्धा धनमानमदान्विताः ॥ आसुरं भावमापन्ना दैवीसंपद्विवर्जिताः ॥१५॥**

હે ગરુડ ! જે લોકો પાપમાં પ્રીતિવાળા, દયા-ધર્મથી શૂન્ય, નીચ મનુષ્યનો સંગ કરનારા, સત્ શાસ્ત્ર અને સજ્જનના સંગ વિનાના, આત્મશ્લાઘા કરનારા, ગર્વિષ્ઠ, ધન અને માનના ગર્વવાળા, તામસ પ્રકૃતિને પ્રાપ્ત થએલા, દૈવી - સાત્ત્વિક સમ્પત્તિ રહિત, જીવો નરકમાં પડે છે.

**सिंहैर्व्याघ्रैः श्वभिर्घोरैर्भक्ष्यते क्वापि पापकृत् ॥**
**वृश्चिकैर्दश्यते क्वपि क्वचिद्दहाति वह्निना ॥६॥**

કોઈ સ્થળે નરકમાં પાપી નારકી - જીવને સિંહ-વાઘ અને ભયંકર કુતરાઓ ખાય છે. કોઈ સ્થળે વીંછીઓ દંશ દે છે. કયાંક અગ્નિ બાળે છે.

**क्वचिदंगारवृष्टिश्च शिलावृष्टिः सवज्रका ॥ रक्तवृष्टिः शस्त्रवृष्टिः क्वाचिदुष्णांबु वर्षणम् ॥१२॥ गाढांधकारस्तत्रास्ति दुःखारोहशिलाः क्वचित् ॥ पूयशोणितपूर्णाश्च विष्टापूर्णा ह्रदाः क्वचित् ॥१४॥**

કોઈ સ્થળે અંગારાનો વરસાદ થાય છે. કયાક વજ્ર સહિત પત્થરોની વૃષ્ટિ થાય છે. કયાંક લોહીની વૃષ્ટિ થાય છે. કયાંક શસ્ત્રોની વૃષ્ટિ થાય છે. કયાંક ગરમ પાણીનો વરસાદ થાય છે. ૧૨. કયાંક ગાઢ અંધારૂ છે. કયાંક દુઃખોથી આરોહણ થઈ શકે તેવી શિલા છે. કયાંક લોહી - પરૂથી તેમજ વિષ્ટાથી ભરેલા સરોવર છે. ૧૪

**- શ્રી ગરૂડપુરાણ-૧.**




(૧૧૯) ગાંડા દુઃખી દીનને પીડે (૧૨૦) તેનું ફળ.
(૧૨૧) નારીને સળગાવી દે (૧૨૨) તેનું ફળ.
(૧૨૩) રાત્રિભોજન કરે (૧૨૪) તેનું ફળ.

(૧૨૫) ડાંગ લીધી ભારે વળી, ધરતો બળ અભિમાન;
મારે ડાંગ કજીયા કરે, કરે બીજાને હેરાન.

(૧૨૬) પર ઘાતકને મારતા, પરમાધામી બહુવિધ;
ધગતા સળીયા ભરાવતા, તલવાર માથે દીધ.

(૧૨૭) પશુને નાથે ખસી કરે, જુએ ના પરદુઃખ;
માને ભલું જગનું કર્યું, ક્યાં પરપીડાથી સુખ ?

(૧૨૮) પરમાધામી તેહને, નાથે પકડી મજબૂત;
ફાંફા મારે છૂટવા, કરતો ત્યાં બહુ તૂત.

(૧૨૯) ભાર ભરે બળદગાડીમાં, ગજા ઉપરવટ જેહ;
દોડાવે માર મારીને, મૂકી માનવ સ્નેહ.


(૧૩૦) પરમાધામી તે જીવને, ગાડે જોડે નિરાધાર;
માર મારે મુદ્ગર તણાં, કષ્ટે દોડાવે અપાર.

● ● ● ●

तस्स य पावस्स फलविवागं अयाणमाणा वड्ढंति महब्भयं अविस्समवेयणं दीहकालवहुदुःखसंकडं नरयतिक्खजोणिं, इओ आउक्खए चुया असुभकम्मबहुला उववज्जंति नरएसु हुलियं महालएसु वयरामय-कुड्ड-रुद्द-निस्संधि - दारविरहिय - निम्मदव - भूमितल - खराम-रिस - विसमणिरयघरचारएसुं - महोसिणसयापतत्तदुग्गंध - विस्स - उव्वेयजणगेसु, बीभच्छदस्सिणिज्जेसु, य निच्चं हिमपडलसीयलेसु, कालोभासेसु य भीमगंभीरलोमहरिसणेसु णिरभिरामेसु निप्पडियारवाहिरोगजरापीलिएसु अतीव निच्चंधयारतिमिसेसु पतिभएसु ववगयगह-चंद-सूर-नक्खत्तजोइसेसु य अत्ताणा असरणा कंडुयदुक्खपरितावणेसु अणुबद्धनिरंतर-वेयणेसु जमपुरिससंकुलेसु ।

તે (હિંસાના) પાપના ફલને ન જાણતા જીવો, મહાભય, અવિશ્રાન્ત વેદના, દીર્ઘકાલ બહુ દુઃખથી વ્યાપ્ત નરક તિર્યંચ ગતિને વધારે છે. અહિથી આયુક્ષયે મરીને અશુભ કર્મના બાહુલ્યવાળા જીવો શીઘ્ર નરકમાં ઉત્પન્ન થાય છે. (નારકોનું વર્ણન) મોટા સ્થાનોવાળી , વજ્રમય કુંડીથી વિસ્તીર્ણ, સાધા વિનાના દ્વાર રહિત કર્કશ ભૂમિવાળા, કર્કશ સ્પર્શવાળા, વિષમ નરકગૃહ સંબંધી ઉત્પત્તિ સ્થાનવાળી અતિઉષ્ણ, સદા તપ્ત, દુર્ગન્ધવાળા, કુથિત ઉદ્વેગકારી, જોવામાં ભયંકર, નિત્ય હિમસમુહથી પણ ઠંડી, શ્યામ પ્રભાવાળી, ભયંકર એકબીજાથી નીચે રહેલી, ભયથી રોમાંચ ખડા કરનાર, અરમણીય, નિષ્પ્રતિકાર વ્યાધિ રોગ જરાથી પીડિત જીવોવાળી, અત્યંત અંધકારવાળી, સર્વ તરફથી ભયવાળી ગ્રહ ચન્દ્ર, સૂર્ય નક્ષત્ર અને તારાથી શૂન્ય... કંડૂના દુઃખવડે પીડાકારી, ક્રોધવશ નિરંતર વેદનાવાળી, અંબુ વિગેરે પરમાધામીથી વ્યાપ્ત નરકોમાં, રક્ષણ રહિત શરણ રહિત એવો જીવો ઉપજે છે.

- શ્રી પ્રશ્નવ્યાકરણાંગસૂત્ર



(૧૨૫) કજીયા કરી અન્યને પીડનાર (૧૨૬) તેનું ફળ.
(૧૨૭) પશુને નાથવા ખસી કરવી (૧૨૮) તેનું ફળ.
(૧૨૯) અતિશય ભાર ભરે (૧૩૦) તેનું ફળ.

(૧૩૧) વિષયાધીન બની અરે, સેવે બહુ કુકર્મ;
કરે કરાવે ગર્ભપાત, ભેદાય ન હિંસાથી મર્મ.

(૧૩૨) ગર્ભપાત કુકર્મથી, પામે દુઃખ અપાર;
તાપે બળે સહે મારને ઠરવા ન ઠામ લગાર.

(૧૩૩) કામ કરે ખાટકીતણું કાપે ઘેટાં નાદાન;
જીવ હણે માંસ લાલચુ બનવા નરક મહેમાન.

(૧૩૪) વધ કર્યા અન્ય જીવનાં, વેરાય તેહનો દેહ;
પરમાધામી કરવત ચલાવે, ફલમાં નહિ સંદેહ.

(૧૩૫) ધીવર બની જાળ પાથરે, ફસાવ્યાં મત્સ્ય અનેક;
ખાય ખવડાવે કાપીને, મૂકી માનવ નેક.


(૧૩૬) ઉદ્યોગ માન્યો મત્સ્યનો, હર્યા દશ વિધ પ્રાણ;
જમડા પકવે તેહને, ખોલે દુઃખની ખાણ.

● ● ● ●

**असिवण - दब्भवण - जंतपत्थर - सूइतल - क्खारवावि - कलकलंत - वेयरणि - कदम्बवालुया - जलियगूहनिरुंभणं उसिणोसिण - कंटइल्ल - दुग्गमरहजोयणतत्तलोहमग्गगमण - वाहणाणि । इमेहिं विविहेहिं आयुहेहिं । किं ते मुग्गरभुसुंढि - करकय - सत्ति - हल - गय - मुसल - चक्क - कोंत - तोमर - सूल - लउल - भिंडिमाल - सबल - पट्टिस - चम्मेट्ठ - दुहण - मुट्ठिय - असिखेडगखग्ग - चाव - नाराय - कणक - कप्पिणि वासि - परसु - कंटक - तिक्ख - निम्मल अण्णेहि य एवमादिएहिं असुमेहिं वेउव्विएहिं अणुबद्धतिव्ववेरा परोप्परं वेयणं उदीरंति अभिहणंता ।**

ખડ્ગાકાર પત્રવાળું વન, દર્ભવન, ઘરટ્ટાદિ પત્થર, ઉભી સોયવાળી ભૂમિ, ખાર ભરેલી વાપિકા, સીસા વિગેરેથી ભરેલી વૈતરણી નદી, કદમ્બપુષ્પાકાર રેતી, બળેલી ગુફા વિગેરેમાં રુંધાવું, ઉષ્ણઉષ્ણ, કાંટાથી વ્યાપ્ત, દુર્ગમ રથમાં જોડાવું, તપેલા લોખંડના માર્ગે ગમન યોગ્ય વહન થવું - વળી આવા વિવિધ આયુધો વડે પીડાવું. તે આયુધો હથોડા, બંધૂક, કરવત, ત્રિશૂલ, હળ, ગદા, મુશલ, ચક્ર, ભાલા, તોમર, બાણ, સાંગ, શૂલ, લાઠી, ગોફણ, સબલ, ખરપીઓ, ચર્મ વેષ્ટિત પ્રસ્તર, ઘણ, મુઠ્ઠી, કટારી, ઢાલ, તલવાર, ધનુષ્ય, બાણ, અણીયાલા બાણ, કાતરી, વાંસલો, કુહાડો, તીક્ષ્ણ, નિર્મલ બીજા પણ અશુભવિકુર્વેલા સેંકડો હથિયારો વડે, અનુબદ્ધ તીવ્ર વરવાળા જીવો પરસ્પર હણતા વેદના ઉત્પન્ન કરે છે.

**- શ્રી પ્રશ્નવ્યાકરણાંગ સૂત્ર**




(૧૩૧) ગર્ભપાત કરનાર કરાવનાર (૧૩૨) તેનું ફળ.
(૧૩૩) પશુઓને હલાલ કરનાર (૧૩૪) તેનું ફળ.
(૧૩૫) માછલીને પકડનાર, ખાનાર (૧૩૬) તેનું ફળ.

(૧૩૭) હોકા ચલમ ચીરુટ સીગાર, બીડી આદિ પીનાર;
આત્મધન વેંચે ખરો, બની વ્યસનનો યાર.

(૧૩૮) ધગધગતા સીસા તણો, હોકો આપે મુખ;
મુદ્ગરે મુખ ફાડીને, ધરાર લેવડાવે ચૂસ;

(૧૩૯) ઈચ્છાની અતૃપ્તિથી, ધરતો રૌદ્ર ધ્યાન;
આત્મઘાતક નિજ તણો, ફાંસો ખાય અજ્ઞાન.

(૧૪૦) જોર જુલમ માની અન્યના, આવેશે છોડયાં પ્રાણ;
આત્મઘાત મહાપાપ છે, દેખો ચતુર સુજાણ.

(૧૪૧) ગુંડા ગુંડા સાથે મળી, ગુંડાગીરી કરનાર;
કરે કામ ગુંડા તણાં, ભૂંડાં હાલ થનાર.


(૧૪૨) ગુંડા ગુંડા ભેળા કરી, ગુંડાઈનું ફળ દેત;
રીબાય તે તો નરકમાં, યમદેવ કહેતા ચેત.

● ● ● ●

विग - सुणग - सियाल - काक - मज्जार - सरभ - दीविय - वियग्घ - सद्‌दूलसीह - दिप्पिय - खुहाभिभूत्तेहिं णिच्चकालमणसिएहिं घोररसमाणभीमरूवेहिं अक्कमित्ता दढदाढा - गाढडक्क - कड्ढिय - सुतिक्ख - नह फालियउद्धदेहा विच्छिप्पंते समंतओ विमुक्क संधिबंधणावियंगमंगा कंक - कुरर - गिद्ध - घोर कट्ठवायसगणेहि य पुणो खरथिरदढनक्खलोहतुंडेहिं ओवत्तित्ता पक्खाहय - तिक्खणक्खविकिन्न - जिब्भंछियनयण - निदओलुग्गविगतवयणा, उक्कोसंता, च उप्पयंता निपतंता भमंता । सी - उण्ह - तण्हा - खुह - वेयण - अप्पईकार - अडविजम्मण - णिच्चमउविग्गवास - जग्गण - वह - बंधण - ताडण - कणनिवायण - अट्ठिभंजण - नासामेय - प्पहारदमण - छविच्छेयण - अभिओगपावण - कसंकुसारनिवाय - दमणाणि वाहणाणि य ।

વરગડા, શ્વાન, શિયાળ, કાગડા, બિલાડા, અષ્ટાપદ, ચિત્રા, વાઘ, વ્યાઘ્ર પત્ય, સિંહ, દર્પિત અને ભૂખથી પીડાતા, નિત્ય ભોજન વિનાના ઘોર ભયંકર અવાજ કરતા, તે પશુઓ વડે આક્રમણ કરાયેલા, દ્રઢ દાઢોવડે ગાઢ રીતે કરડાયેલા, ખેંચાયેલા, તિક્ષ્ણ નખવડે સર્વત્ર વિદારેલા દેહવાળા, સાંધા ઢીલા થયેલા અને અંગ વિરૂલ થયેલા નારકોને કંકપક્ષી, સમળી, ગિધ, અતિ કષ્ટકારી કાગડાના સમુહવડે, કર્કશ, સ્થિર, દ્રઢ, નખ અને લોહ મુખવાળા તે પક્ષીઓ વડે પાંખોથી હણાતા, તિક્ષ્ણ નખવડે જીભ ખેંચાયેલા, આંખો કઢાયેલા, નિર્દય વિકૃત વદનાવાળા તે નારકો ક્રન્દન કરતા, ઊંચે ઉછળતા, નીચે પડતા ભમતા વેદના સહન કરે છે. શીત ઉષ્ણ, તૃષા, ભૂખાદિ વેદના, વૈદ્યાદિથી રહિત, જંગલમાં જન્મવું, નિત્ય ભયથી ઉદ્વિગ્ન જંગલમાં વસવું, નિદ્રાનો ત્યાગ, વધ, બંધન, મારવું, અગ્નિથી ચિન્હ કરવાં, ગર્તાદિમાં ફેંકવું, હાડકાં ભાંગવા, નાસિકામાં કાણાં પાડવા, પ્રહારથી દમન, અવયવ કાપવાં, પરાધીન કરવા, ચાબૂક, અંકુશ લોહશલાકાઓનું શરીરે પડવું, દમન કરવું, વાહન થવું વિ. વેદના પ્રાપ્ત થાય છે.

- શ્રી પ્રશ્નવ્યાકરણાંગ સૂત્ર



(૧૩૭) ધૂમ્રપાનના વ્યસની (૧૩૮) તેનું ફળ.

(૧૩૯) આત્મઘાત - આપઘાત કરનાર (૧૪૦) તેનું ફળ.

(૧૪૧) ગુંડાગીરી કરનાર (૧૪૨) તેનું ફળ.

(૧૪૩) માદક પીણાં દારૂ તણાં, ઘોર હિંસાથી થાય;
વ્યસનથી પેય અપેયનો, વિવેક મૂકી પીવાય.

(૧૪૪) દારૂ આદિના વ્યસનીને, ધગતું સીસું પાય;
ધગતી સાંકળ ગળે મૂકી, દેતા દુઃખ સદાય.

(૧૪૫) સસલા સૂવરાદિ પશુનું, માંસ ભક્ષણ કરનાર;
ઈંડા ખાતો અશુચિ અરે, કાં નિજ વિષ્ટા ન ખાય ?

(૧૪૬) માંસભક્ષીને નરકમાં, મારે છે તલવાર;
માંસ તેનું ખવડાવે તેને, લે લે ટેશ લગાર.

(૧૪૭) મહામહેનતે સંચય કરે, માખી મધનો ભંડાર;
બળતી મશાલે નસાડે તેને, મધુરસને ચોરનાર.

(૧૪૮) મધ પાડનાર ખાનારને, નરક મલે મજેદાર;
અવડા બાંધે તાપ કરે, મુદ્‌ગર માર ખાનાર.

● ● ● ●

**सद्य संमूर्छितानंतजंतुसंतानदूषितम् ।**
**नरकाध्वनि पाथेयं कोऽश्नीयात् पिशितं सुधीः ॥**

પ્રાણીઓનો ઘાત કર્યા પછી તત્કાળ ઉત્પન્ન થતા સંમૂર્છિત અનન્ત જીવોની પરંપરાથી દૂષિત, નરક ગતિના માર્ગે જનારાને ભાતા સમાન માંસનું કયો ડાહ્યો માણસ ભક્ષણ કરે !

**-શ્રી યોગશાસ્ત્ર (શ્રી હેમચન્દ્રસૂરિજી મ૦)**

**ब्रह्मकर्मपरिभ्रष्टो मांसभोक्ता च मद्यपः ।**
**एते चान्ये च बहवो वैतरण्यां पतंति ते ॥**


બ્રહ્મકર્મથી પતિત થયેલ, માંસ ખાનાર અને દારૂ પિનાર, એ અને બીજા પણ (પાપકર્મો કરનારા) જીવો વૈતરણી નરકમાં પડે છે.

**- શ્રી ગરૂડ પુરાણ** અધ્યાય ચોથો

**नरएसु अणुत्तरेसु अ अणुत्तरा वेयणाओ पत्ताओ ।**
**वट्टंतेण पमाए ताओवि अणंतसो पत्ता ॥ ३०४ ॥**

અનુત્તર નરકોમાં મહાવેદનાઓ પ્રાપ્ત કરી, ફરી પ્રમાદમાં રહેવાથી પણ તે વેદનાઓ અનંતીવાર પ્રાપ્ત કરી.

**- શ્રી મરણસમાધિપયન્નો.**



(૧૪૩) દારૂ વિગેરે માદક પીણા પીનાર (૧૪૪) તેનું ફળ.
(૧૪૫) માંસ ભક્ષણ કરનાર (૧૪૬) તેનું ફળ.
(૧૪૭) મધ પાડનાર (૧૪૮) તેનું ફળ.

(૧૪૯) બંધૂક બે જોટાની લઈ, કરતો પક્ષી શિકાર;
બહાદૂરી બતાવતો, પીખી પર અવતાર.

(૧૫૦) શિકારીના જીવને, નરકે પક્ષી ખાય;
ચાંચે ચોંટે દેહને પીડા ન કેમે ખમાય.

(૧૫૧) બંધૂક બે જોટાની લઈ, કરતો પશુ શિકાર;
છોડે ગોળી માંચે ચઢી, દયા નહીં લગાર.

(૧૫૨) પશુ હિંસાના પાપથી, નરકે ફાળે વાઘ;
શિર બાહુ ચરણ તથા, વિદારે છે જાંઘ.

(૧૫૩) માંસ તણો વેપાર કરે, ફેલાવે બહુ પાપ;
વખાણ કરતો માંસનાં, મારે પશુ અમાપ.

(૧૫૪) ખાટકીપણું કરી ગયો, નરકે જીવ નાદાન;
પરમાધામી મારે અહો, ઠરવા નહિ ત્યાં સ્થાન.

● ● ● ●

**अनाथं नानुकंपंति ये सतां द्वेषकारकाः ॥ विनापराधं दंडंति ते वै नरकगामिनः ॥४६॥ सर्वभूतेष्वविश्वस्तास्तथा तेषु विनिर्दयाः ॥ सर्वभूतेषु जिह्मा ये ते वै नरकगामिनः ॥४७॥ अग्निं दद्यान्महापापी गृहे ग्रामे तथा वने ॥ स नीतो यमदूतैश्च वह्निकुंडेषु पच्यते ॥५२॥**

જેઓ અસહાયને સહાય કરતા નથી, સજ્જનોનો દ્વેષ કરે છે તેમજ અપરાધ વિના દંડ આપે છે તેઓ ખરેખર નરકે જાય છે. ૪૬. સર્વ પ્રાણી ઉપર અવિશ્વાસુ, દયા વિનાના, બધા પ્રત્યે છળકપટ કરનારા મનુષ્યો ખરેખર નરકે જાય છે. ૪૭. જે મહાપાપી મનુષ્ય ઘરને વિષે, ગામમાં કે વનમાં આગ ચાંપે છે તેને યમદૂતો નરકમાં અગ્નિના કુંડમાં પકાવે છે. ૫૨.


**इत्येवं बहुशस्ताक्ष्यं यातनाः पापिनां स्मृताः ॥ किमेतैर्विस्तरात्प्रोक्तैः सर्वशास्त्रेषु भाषितैः ॥५८॥**

હે ગરૂડ ! એ પ્રમાણે પાપીઓની પીડા બહુ પ્રકારે કહી છે. સઘળાં શાસ્ત્રોમાં કહેલ તેનું વિસ્તારથી વર્ણન કરવાથી શું ?

**क्षुधितास्तृषिताः पापाः पिबंति किल शोणितम् ॥**
**सा सरिद्रुधिरापूरं वहंती फेनिलं बहु ॥२२॥**

ભૂખ્યા અને તરસ્યા થએલા પાપી નારકી જીવો ખરેખર તે નદીના લોહીને પીએ છે કે જે વૈતરણી નદી ફીણવાળા લોહીના પૂરના અતિશયને ધારણ કરતી વહે છે.

- શ્રી ગરૂડ પુરાણ.



(૧૪૯) પક્ષીઓનો શિકાર કરે (૧૫૦) તેનું ફળ.
(૧૫૧) પશુઓનો શિકાર કરે (૧૫૨) તેનું ફળ.
(૧૫૩) માંસનો વેપાર કરે (૧૫૪) તેનું ફળ.

(૧૫૫) નિર્દોષ પશુને કાપતા, નિજ ઉદરને કાજ;
થાયે ખુશ ક્રૂર ખાટકી, મૂકી ધર્મની લાજ.

(૧૫૬) કરવતે કાપે તેહને, વાળી વાંકો દેહ;
રુધિર ખરડાયા જીવને, કોઈ ન બતાવે નેહ.

(૧૫૭) મત્સ્યનો વ્યાપાર કરે, કાપે કુકુટ શરીર;
છરી ચલાવે નિર્દય બની, ખાવા મીઠી ખીર.

(૧૫૮) પણ હિંસક તે જીવને, મલ્યું નરકનું ધામ;
અગ્નિમાં નાખે બાંધીને, મારે માર બેફામ.

● ● ● ●

**सत्तसु खित्तजविअणा अन्नुन्नकयावि पहरणेहि विणा । पहरणकयावि पञ्चसु तिसु परमाहम्मियकयावि ॥२॥ महारम्भपरिग्रहैर्गुरु - प्रत्यनीकतया पञ्चेन्द्रियवघात् मांसाहाराच्च तेषु नरकेषु पतन्ति जीवाः ॥**

સાતે નરકોમાં, હથિયાર વિના અન્યોન્યથી કરાયેલ ક્ષેત્રની વેદના છે, પાંચ નરકમાં હથિયાર વડે કરાયેલી અને ત્રણ નરકોમાં પરમાધામી દેવોએ કરેલી વેદના છે. ૨. મહારંભ પરિગ્રહ, ગુરૂ હીલના, પંચેન્દ્રિય વધ અને માંસાહારથી જીવો તે નરકોમાં પડે છે.
**- શ્રી ભરતેશ્વરવૃત્તિ.**

**गोयमा ! काले कुमारे एरिसएहिं आरंभेहि जाव एरिसएणं असुभकडकम्मपब्भारेणं कालमासे कालं किच्चा चउत्थीए पंकप्पभाए पुढवीए हेमाभे नरए नेरइयत्ताए उववन्ने ।**

હે ગૌતમ ! કાલકુમાર આવા આરંભ કરીને યાવત્ આવા અશુભ કરેલા કર્મના સમૂહથી કાલસમયે કાલ કરી ચોથી પંકપ્રભા નરકમાં હેમાભ નામના નરકાવાસમાં નારકપણે ઉત્પન્ન થયો.
**-શ્રી નિરયાવલિકા સૂત્ર - કપ્પિયાવર્ગ.**

**पन्नरसहिं परमाहम्मिएहिं ।**
પંદર પરમાધામીથી (પ્રતિક્રમણ કરુ છું)

**- શ્રી શ્રમણ સૂત્ર.**

**अधर्मो नरकादीनां हेतुर्निन्दितकर्मजः ।**
નરકાદિનો હેતુ અધર્મ નિન્દિત કાર્યથી ઉત્પન્ન થનારો છે.

**- કારિકાવલી** (ન્યાય)

**यमदूतैर्महाघोरैस्ताड्यमानाश्च मुन्द्गरैः ॥**
**वमंतो रुधिरं वक्त्रात्तदेवाश्नंति ते पुनः ॥३१॥**

મહાભયંકર યમદૂતોવડે મુદ્ગર દ્વારા તાડન કરાતા તે નારક - જીવો મુખથી લોહીને વમે છે. એટલું જ નહિ બલ્કે યમદૂતો ફરીથી વમેલા તે લોહીને પણ તેનેજ પીવડાવે છે.
**-શ્રી ગરૂડ પુરાણ.**



(૧૫૫) નિર્દોષ પશુને કાપનાર (૧૫૬) તેનું ફળ.
(૧૫૭) મત્સ્ય કુકડાનો વ્યાપાર કરે (૧૫૮) તેનું ફળ.

(૧૫૯) વિષય બાણ બાંધી કરી, ખેલ્યા બહુ વિકાર;
નિર્દોષ પ્રાણી ઘાત કર્યા, તાલ દીધા ઉદાર.
નરકમાં તે જીવડો, અગ્નિમાં ફેંકાય;
બાણ મારે ખેંચી કરી, ઉપર મશ્કરી થાય.

(૧૬૦) ઘાંચી ભાઈ ઘાણી ચલાવે, નિર્દય ને વળી ક્રૂર;
યંત્ર પીલણ કર્મ કરતા, વિવેક મૂકી દૂર.

(૧૬૧) ઘાણી ઘરટ્ટ ઘંટી ચલાવી, પાપે નરકમાં જાય;
ઘાણીમાં પીલે તેલ કાઢે, યમદૂતો દુઃખદાય.

● ● ● ●

**तस्मिन्वै शाल्मलीवृक्षे लंबंतेऽनेकपापिनः ॥ क्षुत्पिपासापरिश्रांता यमदूतैश्च ताडिताः ॥३६॥ पुनः पुनश्च ते दूतैर्हन्यंते लोहयष्टिभिः ॥ मुन्द्गरैस्तोमरैः कुंतैर्गदाभिर्मुसलैर्भृशम् ॥३८॥**

યમદૂતો દ્વારા તાડન પામતા અનેક પાપી જીવો શાલ્મલી વૃક્ષ ઉપર ભૂખ - તરસથી તડપતા લટકી રહ્યા છે. ૩૬. વારંવાર જમદૂતો લોઢાની ડાંગ, મોગળ, તોમર, ભાલા, ગદા અને મૂશળવડે ખૂબખૂબ હણે છે. ૩૮.

**पतनात्तस्य पत्रैश्च गात्रच्छेदो भवेत्ततः ॥ तानधः पतितान् श्वानो भक्षयंति रुदंति ते ॥४७॥ पापिनः केऽपि भिद्यंते क्रकचैः काष्ठवद्द्विधा ॥ क्षिप्त्वा चान्ये धरापृष्ठे कुठारैः खंडशः कृताः ॥४९॥**

શાલ્મલી વૃક્ષના પાંદડાના પડવાથી તે નારકી જીવોના અવયવોનો છેદ થાય છે. નીચે પડેલા તેઓને કુતરાઓ ફાડી ખાય છે અને તેઓ રૂદન કરે છે ૪૭. કેટલાય પાપાત્માઓ નરકમાં કરવતવડે લાકડાની જેમ બે ભાગ કરીને વિદારાય છે તેમજ કેટલાકને ભૂતળ ઉપર ફેંકીને કુહાડા વડે ટુકડે ટુકડે કરાય છે. ૪૯.


**केचिद्घृतमये पाके तैलपाके तथा परे ॥ कटाहक्षिप्तवटवत्प्रक्षिप्यंते यतस्ततः ॥५२॥**

કેટલાક પાપીઓને, કઢાયામાં તરાતાં - શેકાતા વડાની જેમ ઘી કે તેલના તાવડામાં ફેંકીને આમ તેમ તળે છે. ॥૫૨॥

**वज्रतुंडैर्महाकाकैर्गृध्रैरामिषगृध्नुभिः ॥ निष्लुकुप्यंते शिरोदेशे नेत्रे चास्ये च चंचुभिः ॥५५॥**

વજ્રતુંડ, મહાકાક, માંસ લોલુપી ગીધ વિ. પક્ષીઓ વડે, મસ્તકમાં, નેત્રમાં અને મુખમાં ચાચ વડે ટોચાય છે.

- શ્રી ગરૂડ પુરાણ.




(૧૫૯) વિષયો ખેલનાર, નિર્દોષને પીડનારને ફળ.
(૧૬૦) ઘાંચીનું નિર્દય યંત્રપિલણકર્મ.
(૧૬૧) ઘાણી ઘરટ્ટ ઘંટીના નિર્દય કર્મોનું ફળ.

(૧૬૨) જર જમીન ને જોરૂ તણો, કીધો અતિશય લોભ;
યુદ્ધ ખેડયાં ક્રૂર બની, ન હિંસાને થોભ.
'મારો' 'કાપો' રૌદ્ર ધ્યાન, વ્યાપ્યું અંગેઅંગ;
અશુભ પરિણામે રહ્યા, બનીને જીવો ચંડ.

(૧૬૩) ધમધમતા રૌદ્ર ધ્યાને, કરીને ભીષણ યુદ્ધ;
પહોંચ્યા સાથે નરકમાં, ત્યાંય ના મલે શુદ્ધ.
ત્રણ નરક છોડી પછી, પરમાધામી ન હોય;
અન્યોન્ય પીડા કરે, મરે ન તોય ત્યાં કોઈ.

(૧૬૪) હાડ માંસ રુધિર તણી, વૈતરણીમાં ન્હાય;
અશુચિમાં ખદબદે, દુઃખી દુઃખી બહુ થાય.

● ● ● ●

**શ્રી ભવ ભાવનામાંથી**


**रयणप्पभाइयाओ एयाओ तीइ सत्त पुढवीओ । सव्वाओ समंतेणं अहो अहो वित्थरंतीओ ॥८३॥ तेणं नरया वासा अन्तोवट्टा बर्हि तु चउरंसा । हेट्ठा खुरप्पसंठाणसंठिया परमदुग्गंधा ॥८५॥ असूईनिच्चपइट्ठियपूयवसा मंसरुहिरचिक्खिल्ला । धूमप्पभाइ केविय जाव निसग्गेण अइउसिणा ॥८६॥ परओ निसग्गओ च्चिय दुसमहासीयवेयणाकलिया । निच्चंधयारतमसा निसेसदुहायरा सव्वे ॥८७॥**

એકબીજાથી નીચે નીચે વિસ્તારવાળી રત્નપ્રભા આદિ સાત નરક ભૂમિઓ છે. ૮૩. તે નરકાવાસો અંદરથી ગોળાકાર, બહારથી ચોખંડ, નીચે સજૈયા (ક્ષુરપ્ર)ના જેવી તથા દુર્ગન્ધમય છે. ૮૫. અશુચિથી ખદબદતા પરૂ માંસ અને લોહીના કાદવોવાળા, સ્વભાવથી જ અત્યંત ઉષ્ણ અને અત્યંત ઠંડીવાળા તથા હંમેશા અંધકારવાળા દુઃખની ખાણ રૂપ સર્વે સ્થાનો છે. ૮૬-૮૭.

**जइ अमरगिरिसमाणं हिमपिंडं कोऽवि उसिणनरएसु । खिवइ सुरो तो खिप्पं वच्चइ विलयं अपत्तोऽवि ॥८८॥ धमियकयअग्गिवन्नो मेरुसमो जइ पडेज्ज अयगोलो । परिणामिज्जइ सीएसु सोऽवि हिमपिंडरुवेण ॥८९॥ अइकढिणवज्जकुड्डा होंति समंतेण तेसु नरएसु । संकडमुहाइं घडियालयाइं; किर तेसु भणियाइं ॥९०॥**

કોઈ દેવ જો મેરુ પર્વત જેવડા - બરફના પર્વત તે તે ઉષ્ણ નરકમાં ફેંકે તો તે બરફનો પહાડ ભૂમિમાં પડયા પહેલાં જ ગળી જાય. ૮૮. તેવી જ રીતે અગ્નિમાં ફૂંકીને અગ્નિના જેવો લાલચોળ બનાવાયેલો મેરુ જેવડો લોઢાનો ગોળો જો તે શીત નરક ભૂમિમાં ફેંકવામાં આવે તો તે બરફના પિંડ જેવો થઈ જાય છે. ૮૯. તે નરક ભૂમિમાં અત્યંત કઠિન વજ્રમય વિભાગમાં પાસે સાંકડા મુખવાળા બનાવેલા સ્થાનો હોય છે. ૯૦.







(૧૬૨) જર, જમીન, જોરૂ - સ્ત્રીનો લોભ, તેને માટે યદ્ધ વિગેરેથી રૌદ્ર ધ્યાન.
(૧૬૩) નરકમાં તેનું ફળ.
(૧૬૪) હાડ માંસલોહી અને અશુચિથી ભરપુર વૈતરણી-નદીમાં દુઃખ.

(૧૬૫) જીભ મલી સારી પણ, બોલ્યો જૂઠ અપાર;
પીડા કરવા કઠોરપણે, હુકમ કર્યા નિરધાર.

નરકમાં રીબવે તેહને, મુખમાં મારે મેખ;
જીભ કાપી મુખ છેદીને, વંચાવે નિજ લેખ.

(૧૬૬) વ્યવહાર કર્યો એકમેકથી, કીધાં કડવાં વેર;
નરકમાં તે ઉપજ્યા, ઝઝૂમે રાખી ઝેર.

(૧૬૭) અન્યને ભય આપીને, દીધો અગ્નિ દાહ;
ભય પામે તે નરકમાં, પોકારે તે તોબાહ.

● ● ● ●

**मूढा य महारंभं अईघोर-परिग्गहं पणिंदिवहं । काउण इहन्नाणिवि कुणिमाहाराइपावाइं ॥९१॥ पावभरेणोक्कंता नीरे अयगोलउव्व गयसरणा । वच्चंति अहो जीवा निरए घडियालयाणंतो ॥९२॥**

મહામૂઢ અજ્ઞાની જીવો મહારંભને, અતિઘોર પરિગ્રહ તથા પંચેન્દ્રિયના વધને અને માંસાહાર વિ૦ પાપોને કરીને પાપના ભારથી જ પાણીમાં લોઢાના ગોળાની જેમ - શરણ વિનાના તે જીવો નરક ભૂમિમાં નીચે કુંભીઓમાં જાય છે. ૯૧-૯૨.

**अंगुलअसंखभागो तेसि शरीरं तहिं हवइ पढमं । अंतोमुहुत्तमेत्तेण जायइ तंपि हु महल्लं ॥९३॥ पीडिज्जइ सो तत्तो घडियालसंकडे आमयंतो । पीलिज्जंतो हत्थिव्व घाणए विरसमारसइ ॥९४॥ तं तह उप्पण्णं पासिऊण धावंति हठ्ठतुट्ठमणा । रे रे गिण्हह गिण्हह एयं दुट्ठंति जंपंता ॥९५॥ छोल्लिज्जंतं तह संकडाउ जंताओ वंससलियं व । धरिऊण खुरे कड्ढंति पलवमाणं इमे देवा ॥९६॥ एएय निरयपाला धावंति समंतओ य कलयलंता । रे रे तुरियं मारह छिंदह भिंदह इमं पावं ॥९९॥ इय जंपंता बावल्लभल्लिसेल्लेहिं खग्गकुंतेहिं नीहरमाणं विधंति तह य छिंदंति निक्करुणा ॥१००॥**

ત્યાં પ્રથમ અંગુષ્ઠના અસંખ્ય ભાગ જેટલું તેનું શરીર હોય છે જે અન્તર્મુહૂર્ત માત્રમાં જ ખરેખર મોટું થઈ જાય છે. ૯૩. સંકીર્ણ કુંભીમાં નહિં સમાતો તે જીવ, ઘાણીમાં પીલાતા હાથીની જેમ પોકાર કરે છે. ઉત્પન્ન થએલા તેને જોઈને પ્રસન્ન મનવાળા યમદૂતો. ''અરે અરે આ દુષ્ટને પકડો પકડો એમ બોલતા વાંશના ટુકડાની જેમ શસ્ત્ર વડે પકડી પ્રલાપ કરતા તે જીવને કુંભીમાંથી કાઢે છે. ૯૪-૯૫-૯૬. નિર્દય નરકપાલ દેવો કોલાહલ કરતા ચારે તરફથી દોડે છે. અને કહે છે, ''આ પાપીને જલ્દીથી મારો છેદો - ભેદો - કાપો'' એમ બોલતા નિર્દય તેઓ કઠોર શસ્ત્રના સમૂહથી તેમજ ખડ્ગ-ભાલા વિ. થી કુંભીમાંથી નીકળતા તે જીવને વિંધે છે. તથા છેદે છે. ૯૯-૧૦૦.










(૧૬૫) જાઠુ બોલવું, કઠોર રીતે પીડા કરવા, હુકમ કરવા વિગેરેનું નરકમાં ફળ.

(૧૬૬) વૈર કરનારને ફળ.

(૧૬૭) બીજાને બિવડાવનાર, સળગાવનારને ફળ.

(૧૬૮) દોષ ધર્યો દ્રષ્ટિ તણો, સ્પર્શે ધર્યો અતિ રંગ;
આંખ ફોડે તેહની, બાંધે અગ્નિ સ્થંભ.

(૧૬૯) લોક લજ્જા મૂકીને, ધર્યો વિષયનો સંગ;
પગ પકડી પછાડતાં, જુઓ તેના ઢંગ.

(૧૭૦) નિજ સેવકને મુંઝવ્યા, કર્યા અતિ પરાધીન;
નિરાધાર અવળા કરે, દશા તેની બહુ દીન.

(૧૭૧) અક્કડ થઈને ફર્યો ઘણો, અવગણ્યા સૌ લોક;
વાંકા તેને વાળીને, માન કરાવે ફોક.

(૧૭૨) દંપતિ વિષયમાં રકત બન્યા, પામ્યા નહિ વિરામ;
ભેટાડી ધગતા થાંભલે, માથે મારે ડામ.

(૧૭૩) ભયે કંપાવ્યા ભોળાને, નિર્ભય માની આપ;
નરકમાં ભય ભારે પડયો, યાદ કરાવે બાપ.


● ● ● ●

**निवडंतोऽवि हु कोइवि पढमं खिप्पइ महंतसूलाए । अप्फालिज्जइ अन्नो वज्जशिलाकंटयसमूहे ॥१०१॥ अन्नो वज्जग्गिचियासु खिप्पए विरसमारसंतोऽवि । अंबाईणाऽसुराणं एत्तो साहेमि वावारं ॥१०२॥**

પડતા એવા જીવને કોઈ પરમાધામી મોટી શૂલી ઉપર ચડાવે છે. બીજો દેવ વળી વજ્ર શિલા ઉપર રહેલા કાંટાના સમૂહને વિષે પછાડે છે. અન્ય દેવા કરગરતા તેને વજ્ર અગ્નિવાળી ચિત્તામાં ફેંકે છે. હવે અંબ વિગેરે અસુરોના કાર્યને ગ્રન્થકાર કહે છે. ૧૦૧-૧૦૨.

**आराइएहिं विंधंति भोग्गराईहिं तह निसुंभंति । धाडंति अंबरतले मुंचंति य नारए अंबा ॥१०३॥ निहए य तह निसन्ने ओहयचित्ते विचित्तखंडेहिं । कप्पंति कप्पणीहिं अंबरिसी तत्थ नेरतिए ॥१०४॥ साडणपाडणतोत्तयविंधण तह रज्जुतलपहारेहिं । सामा नेरतियाणं कुणंति तिव्वाओ वियणाओ ॥१०५॥ सबला नेरइयाणं उयराओ तह य हिययमज्झाओ । कड्ढंति अंतवसमंसफिप्फिसे छेदिउं बहुसो ॥१०६॥**

અંબ નામના પરમાધામી - નારકી જીવને અણી વિ. થી વિંધે છે. મુગ્દર વિ. થી મારે છે. અને આકાશમાંથી નીચે મડતા મૂકે છે. ૧૦૩. અમ્બર્ષિઓ હણાયેલા, દુઃખી, નિરાશ નારકી જીવોને કરવત વડે વિચિત્ર પ્રકારના ટુકડા રૂપે વેરે છે. ૧૦૪. શ્યામ પરમાધામી શાતન - પાતન - ત્રોટન - વેધન કરે છે. તેમજ દોરડાના પ્રહારો વડે નારકી જીવોને તીવ્ર વેદના આપે છે. ૧૦૫. શબલદેવો નારકીઓના હૃદય અને પેટમાંથી આંતરડા - ચરબી - માંસ અને ફેફસાને અનેક પ્રકારે છેદીને આંતરડા બહાર ખેંચી કાઢે છે. ૧૦૬.



(૧૬૮) વિકારી દ્રષ્ટિ દોષનું ફળ.
(૧૬૯) નિર્લ્લજ વિષયાકિતનું ફળ.
(૧૭૦) સેવકોને મુઝવનારને ફળ.
(૧૭૧) અભિમાનીને ફળ.
(૧૭૨) વિષયાસકત દંપતીને ફળ.
(૧૭૩) ભયથી કંપાવનારને ફળ.

(૧૭૪) ધનુર્ધારી બની કરી, નિર્દોષ માર્યા ઠાર;
રંક પશુ શિકાર કરી, ખિતાબ ધર્યા અપાર.

હિંસા ભગિની અતિ બૂરી, મોકલે નરકને ઠામ;
તીર ભોંકાયા શરીરમાં, છૂટે બાણ બેફામ.

(૧૭૫) આપી ભય ઠંડીમાં ઠાર્યા, કીધા જીવના કાપ;
ભોંકયાં શૂળ પછાડીને, જપ્યા હિંસાના જાપ.

પામે ભય તે નરકમાં, ઠરે હિમમાં ઠાર;
ભોંકે ત્રિશુલ પછાડતા, કરવતે શોણિત ધાર.

● ● ● ●

**छिंदंति असीहिं तिसूलसूलसुइसत्तिकुंततुमरेसु पोयंति चियासु दहंति निद्दयं नारए रुद्दा ॥१०७॥ भंजंति अंगुवंगाणि ऊरु बाहू सिराणि कर चरणे कप्पंति खंडखंडं उवरुद्दा निरयवासीणं ॥१०८॥ मीरासु सुठियेसुं कंडूसुयपयणगेसु कुम्भीसु । लोहीसु य पलवंते काला उ नेरइए ॥१०९॥ छेतूण सीहपुच्छागिईणी तह कागणिप्पमाणाणि । खावंति मंसखंडाणि नारए तत्त्थ महकाला ॥११०॥**

રુદ્ર નામના પરમાધામીઓ નારકી જીવોને તલવારોથી છેદે છે. તેમજ ત્રિશૂલ - શૂલ - સોય - શકિત - ભાલું - તોમર વિ. માં પરોવે છે. અને નિર્દય રીતે ચિત્તામાં બાળે છે. ૧૦૭. ઉપરુદ્રો અંગ ઉપાંગને સાથળ-હાથ-પગ-મસ્તકને ભાંગે છે અને તેમના ટુકડે ટુકડા કરે છે. ૧૦૮. અને કાલ નામના પરમાધામીઓ મીરા, સુણ્ઠિક, કન્દુ, ચુલા અને કુંભી તથા લોઢી વિ. માં પ્રલાપ કરતા તેને પકાવે છે. ૧૦૯. મહાકાલ સિંહના પુચ્છ જેવા દેખાતા કાકણી જેવડા માંસના કકડાને કાપીને ખવડાવે છે. ૧૧૦.

**हत्थे पाए ऊरु बाहू सिरा तह य अंगुवंगाणि । छिंदंति असी असिमाइएहिं निच्चंपि निरयाणं ॥१११॥ पत्तधणुनिरयपाला असिपत्तवणं विउव्वियं काउं । दंसंति तत्थ छायाहिलासिणो जंति नेरतिया ॥११२॥ तो पवणचलिततरुनिवडिएहिं असिमाइएहिं किर तेसिं । कण्णोट्ठनासाकर-चरणउरुमाईणि छिंदंति ॥११३॥**

અસી દેવો નારકીના પાદ, ઉરુ, બાહુ મસ્તક તથા અંગોપાંગને તલવારાદિથી છેદે છે. ૧૧૧. પત્રધનુષ નામના પરમાધામી અસિપમ વનને વિકુર્વે છે અને છાયાને બતાવે છે - છાયાની ઈચ્છાવાળા નારકો ત્યાં જાય છે. ત્યારપછી પવનથી ચાલતા વૃક્ષથી પડતા એવા અસિ વિ. શસ્ત્રો વડે તેના કાન - ઓષ્ઠ - નાક - હાથ - પગ - ઉરુ વિગેરે છેદાય છે. ૧૧૨-૧૧૩.





(૧૭૪) શસ્ત્રાસ્ત્ર વિદ્યામાં પ્રવિણ છતાં હિંસા કરનારને ફળ.

(૧૭૫) જીવોને ઠંડી આપનાર, કાપનાર, શૂળ ભોંકનાર, પછાડનારને તથા હિંસાના જ વિચાર કરનારને ફળ.

(૧૭૬) યુવાન બની અભિમાનમાં, રંજાડયા જીવ અનેક;
તપાવ્યા, બીવડાવ્યા વળી, રાખી હિંસાની ટેક.

પાપી જીવડા નરકમાં, પામે તાપથી ખેદ;
વિશ્રામ કરતા શાલ્મલી તલે, પામે અસિપત્રે ભેદ.

ભાગે કાંદિશિકા બની, પડે વૈતરણીમાંય;
ખરડાયે લોહી માંસમાં, કરડે સાપો વિંટાઈ.

(૧૭૭) ઝેર પાયા હણવા પ્રાણ, નિર્દય બન્યો નાદાન;
અગ્નિ જ્વાળામાં મૂકે, પાયે સીસાનું પાન.

ચિત્તે વિષયો ચિંતવ્યા, ઠગ્યા કામી અપાર;
નિર્લજ્જ ચેષ્ટા કરી ઘણી, બની નરકનું દ્વાર.

પીડા પામે તે ઘણી, સહી કેમે ન જાય;
માર પડે ઘણ ડાંગનો, દુઃખી થઈ પસ્તાય.

● ● ● ●

**कुंभेसु पयणगेसु य सुंढेसु य कुंदुलोहिकुम्भीसु । कुम्भीओ नारए उक्कलंततेल्लाइसु तलंति ॥११४॥ तडयडरवफूट्टंते चणयव्व कयंव वालुयानियरे । भुंजंति नारए तह वालुयनामा निरयपाला ॥११५॥**


કુંભદેવો, કુંભ, ચૂલો, સુંઢ, કંદુ લોઢી, કુંભીમાં નાખેલા ઉકળતા તેલમાં નારકીઓને તળે છે. ૧૧૪. વાલુકા નરકપાલો, તડતડ અવાજ કરતા સેકાતા ચણાની જેમ કદમ્બ વાલુકામાં નારકી જીવોને સેકે છે. ૧૧૫.

**वसापूयरुहिरकेसट्ठिवाहिणिं कलयलंतजउसोत्तं । वेयरणिं नाम नई अइखारुसिणं विउव्वेउं ॥११६॥ वेयरणिनरयपाला तत्थ पवाहंति नारए दुहिए । अरोवंति तहिंपिहु तत्ताए लोहनावाए ॥११७॥ नेरइए चेव परोप्परंपि परसूहिं तच्छयंति दढं । करवत्तेहि य फाडंति निद्दयं मज्झमज्झेण ॥११८॥**

ચરબી-માંસ-લોહી-વાળ-હાડકાને વહન કરતી અતિ ખારી અને ઉષ્ણપ્રવાહવાળી વૈતરણી નામની નદીને વિકુર્વીને વૈતરણી નામના નરકપાલો ત્યાં દુઃખી નારકોને તણાવે છે. અને ગરમ લોઢાની નૌકામાં ચડાવે છે. ૧૧૬-૧૧૭. નારકીઓ પરશુ વડે - કરવત વડે નિર્દય રીતે ટુકડે ટુકડા કરીને પરસ્પરવિદારે છે. ૧૧૮.

**वियरालवज्जंकंडयभीममहासिंबलीसु य खिवंति । पलवंते खरसद्दं खरस्सरा निरयपालत्ति ॥११९॥ पसुणोव्व नारए वहभएण भीए पलायमाणे य । महघोस कुणमाणा रुंभंति तहिं महाघोसा ॥१२०॥**

કઠોર શબ્દ કરતા ખરદેવો મહાભયંકર વજ્ર તુલ્ય કાંટાવાળા ભયંકર શાલ્મલી વૃક્ષને વિશે જીવોને ફેંકે છે. ૧૧૯. મહાનાદ કરતા મહાઘોષદેવો પશુની જેમ વધના ભયથી ભાગતા ત્રાસ પામેલા એવા નારકીઓને રુંધે છે. ૧૨૦.






(૧૭૬) યુવાનીના જુસ્સામાં હિંસા કરવાની ટેક રાખનારને ફળ.

(૧૭૭) બીજાને ઝેર પાનાર, વિષયના ચિંતક તથા વિષયાધીન કામીને સપડાવનારને ફળ.

(૧૭૮) પંચેન્દ્રિયનો ઘાત કરી, ટાંગ્યા ઊંધે શીર;
અવળા બાંધી તેહને, વિદારે જાણે ચીર.

(૧૭૯) દેહ મનોહર હતો ઘણો, કીધો દૂરુપયોગ;
પરમાધામી બાંધી મારે, ભાલે આપે ભોગ.

(૧૮૦) પેટ બનાવ્યું મોટકું, ભરે દિનને રાત;
પેય અપેય વિવેક હીન, પામે જમથી ઘાત.

(૧૮૧) હાથ હલાવ્યા હિંસા કાજે, પગે ખેલ્યા અનાચાર;
ક્રૂર સર્પ ને ચિત્તા કરડે, પડે મુદ્‌ગર તલવાર.


(૧૮૨) માને હું છું બહુ મોટો, મારા સમાન ન કોઈ;
ભાલે ચડાવ્યો જમરાજે, દશા તેહની જોઈ ?

છાતી કાઢી અક્કડ ફરે, બતાવે દોર દમામ;
ભૂ ભેગો ભડવીર થયો, મલે ન ચોડવા બામ.

● ● ● ●

**तह फालियावि उक्कत्तियावि तलियावि छिलभिलावि । दद्दुढा मुग्गा मुडिया य तोडिया तह विलीणा य ॥१२१॥ पावोदएण पुणरवि मिलंति तह चेव पारयरसोव्व । इच्छन्तावि हु न मरंति कहवि हु ते नारयवराया ॥१२२॥ पभणंति तओ दीणा मा मा मारेह सामि पहु नाह । अइदुसहं दुक्खमिणं पसियह मा कुणह एत्ताहे ॥१२३॥ एवं परमाहम्मियपाएसु पुणो पुणोऽवि लग्गंति । दंतोहं अंगुलीओ गिण्हंति भणंति दीणाइं ॥१२४॥ तत्तो य निरयपाला भणंति रे अज्ज दूसहं दुक्खं । जइया पुण पावाइं करेसि तुठ्ठो तया भणसि ॥१२५॥ णत्थि जए सव्वन्नू अहवा अहमेव एत्थ सव्वविउ । अहवावि खाह पियह य दिठ्ठो सो केण परलोओ ॥१२६॥**

તે નારકી જીવોને ચિરવાં, છેદવાં, ભેદવાં, ભાંગવા, મરડવા આદિ અનેકવિધ દુઃખો આપવા છતાંય તે જીવો તીવ્ર પાપના ઉદયથી પારાની જેમ પાછા ભેગા મળી જાય છે. બાપડા વારંવાર મરવાની ઈચ્છાવાળા હોવા છતાંય તેઓને મરણ પણ મળતું નથી. ૧૨૧-૧૨૨. તેઓ આજીજી કરે છે કે હે સ્વામી ? હે પ્રભુ ! દીન ! અનાથ ! અમોને આપ મારો નહિ ! આ દુઃખ અસહ્ય છે. કૃપા કરો. પ્રસન્ન થાઓ, હવે એમ ન કરો આ પ્રમાણે તે દેવોના પગમાં પડીને મોઢામાં આગળી નાંખીને દીન વચનો બોલે છે. ૧૨૩-૧૨૪. ત્યારબાદ તે નરકપાલો કહે છે. 'અરે ! મૂર્ખ ! દુષ્ટ ! આજે દુઃખ આકરૂં લાગે છે પણ જ્યારે વારંવાર તું પાપને કરતો હતો અને પ્રસન્નતાપૂર્વક આવું બોલતો હતો કે - જગતમાં સર્વજ્ઞ કોઈ નથી અથવા હું જ સર્વજ્ઞ છું. અથવા ભાઈ ! ખાઓ - પીઓ - મોજમઝા કરો. પરલોક કોણે જોયો છે ? ૧૨૫-૧૨૬.



(૧૭૮) અવળા લટકાવનારને ફળ. (૧૮૧) હાથ-પગના પાપનું ફળ.
(૧૭૯) દેહ ભ્રષ્ટનું ફળ. (૧૮૨) બીજાને તુચ્છ ગણી પીડનારને ફળ.
(૧૮૦) પેય અપેય વિવેક હીનતાનું ફળ.

(૧૮૩) મદમાં ઘેર્યો મસ્ત બની, નમીયો નહિ લગાર;
ફાંકો તેનો દૂર કરે, મારી મુદ્‌ગર માર.

(૧૮૪) છેદયાં ભેદયાં બહુ વૃક્ષો, જીવના કીધાં વિનાશ;
કરવતે કાપે તેહને, જમડા આપે ત્રાસ.

(૧૮૫) દેખ્યાં રૂપ રંગરાગને, પેખ્યા નહિ ગુરૂદેવ;
કીધાં અનર્થ દ્રષ્ટિ દોષથી, નેત્ર ફોડે યમદેવ.

(૧૮૬) દારુ આસવ અભક્ષ્ય પીણાં, પીધાં ઘરી અતિરાગ;
ગળે બાંધી રુધિર પાયે, કષ્ટ તણો નહિ તાગ.

(૧૮૭) કુટેવો રાખી હોંશથી, ચાળા કર્યા લજ્જાહીન;
છરા ઉપર અવડો મૂકી, મુદ્‌ગર ઘોંચે કઠીન.

(૧૮૮) મિથ્યાત્વ અવિરતિ કષાય, રમ્યા ત્રણે કુયોગ;
દબાવી ચાંપે ભયને આપે, કર્મ અનાદિ રોગ.

● ● ● ●


**नत्थि व पुण्णं पावं भूयब्भहिओ दीसइ न जीवो । इयाइ भणसि तइया वायालत्तेण परितुट्ठो ॥१२७॥ मंसरसम्मि य गिद्धो जइया मारेसि निग्घिणो जीवे । भणसि तया अम्हाणं भक्खमियं निम्मियं विहिणा ॥१२८॥ वेदविहिया न दोसं जणेइ हिंसा अहव जंपेसि । चरचरचरस्स तो फालिऊण खाएसि परमंसं ॥१२९॥ लावयतित्तिर अंडयरसवसमाईणि पियसि अइगिध्धो । इण्हिं पुण पोक्करसि अइदुसहं दुक्खमेयं ति ॥१३०॥**

પુણ્ય નથી, પાપ નથી - પંચભૂતથી વિશેષ જીવ નામનું કોઈ તત્ત્વ નથી ઈત્યાદિ - ઘણું ઘણું વાચાળ બની જે તું બોલ્યો હતો. વળી માંસ લોલુપી બની જે તું નિર્દય બનીને જ્યારે જીવોને મારતો ત્યારે બોલતો હતો કે વિધિએ આ પશુ વિગેરે અમારૂં ભક્ષ્ય બનાવેલું છે તેમજ વેદ પ્રતિપાદિત હિંસા દોષને માટે નથી એમ બોલતા બોલતા - તેં જે કંપતા ગરીબ પ્રાણીઓની હિંસા કરી માસ ભક્ષણ કર્યું હતુ અને લાવક, તેતર - તેમજ તેમના ઈંડાઓ, રસ, ચરબી, વિ. ને તે ખૂબ જ પ્રીતિથી ખાધા હતા તે બધું ભૂલી ગયો અને હવે પોકાર કરે છે કે આ ઘણું દુઃખ છે, દુઃસહ દુઃખ છે ? ૧૨૭-૧૩૦.

**अलिएहिं वंचसि तया कूडक्कमाइएहिं मुद्धजणं ।**

**पेसुन्नाईणि करेसि हरिसिओ पलवसि इयाणिं ॥१३१॥**

ખોટા વચન બોલી, કૂડકપટ કરી ભોળા લોકોને છેતરીને હર્ષ પામતો. તથા ચાડીચુગલી કરતો, અત્યારે હવે શા માટે પ્રલાપ કરે છે ? ૧૩૧.



(૧૮૩) મદમાં ભરેલાને ફળ.
(૧૮૪) વનસ્પતિ છેદનભેદનનું ફળ.
(૧૮૫) દેવ ગુરુ દર્શન ન કરવામું ફળ.
(૧૮૬) અભક્ષ્ય પાનનું ફળ.
(૧૮૭) નિર્લ્લજ ચાળાનું ફળ.
(૧૮૮) મિથ્યાત્વ ને કષાયનું ફળ.

(૧૮૯) બળ અભિમાને બોચી દાબી, મૂક્કે લીધા પ્રાણ;
યમદૂત દબાવી બોચીને, જીભ કાઢે નાદાન.

(૧૯૦) સત્તાથી સતાવ્યા ઘણાં, વર્તાવ્યો કાળો કેર;
દેહપીડા દીધી અન્યને, જુઓ તેની મ્હેર.

(૧૯૧) ન્હાયા નદી કૂપે પડી, વિષયે કર્યા પ્રપંચ;
દંપતિ સળગે અગ્નિમાં, કાગ મારે છે ચંચ.

(૧૯૨) જીવે પાપમતિ બની, ત્રાસ આપ્યો અપાર;
શાન્તિ ક્ષણ નહિ નરકમાં, પાપ કરે પોકાર.


(૧૯૩) સોય, ચપ્પુ, તલવાર ભાલે રમતમાં ભેદ્યા જીવ;
હૃદયને ભેદી ફેરવે, દુઃખે પાડે રીવ.

(૧૯૪) વ્યસનો જોઈ વળગ્યા બહુ, કીધાં કર્માદાન;
હોકો આપે અગ્નિ ભર્યો, ચાંપે પાડી મેદાન.

● ● ● ●

**तइया खणेसि खत्तं धायसि वीसंमियं मुससि लोयं । परधणलुध्धो बहुदेसगामनगराइं भंजेसि ॥१३३॥ तेणावि पुरिसयारेणविणडिओ मुणसि तणसमं भुवणं । परदव्वाण विणासे य कुणसि धोक्करसि पुण इण्हिं ॥१३३॥ मा हरसु परधणाइंति चोरिओ य भणसि धिठ्ठयाए य । सव्वस्सवि परकीयं सहोयरं कस्सइ न दव्वं ॥१३४॥ नइया परजुवइंणं चोरियरमियाइं सुणसि सुहियाइं । अइरत्तोऽवि य तासिं मारसि भत्तारपमुहे य ॥१३५॥ सोहग्गेण य नडिओ कूडविलासे य कुणसि तार्हिं समं । इण्हि तु तत्ततंबयधिउल्लियाणं पलाएसि ॥१३६॥**

ખાતર પાડયું હતું, વિશ્વાસુને માર્યો હતો, ભોળ; લોકને લૂંટયો હતો, પારકા ધનની તૃષ્ણા રાખીને ઘણા ગામ નગરોને ભાંગ્યા. તેવા જ પુરૂષાર્થ વડે નાચ કરતો તું આખી દુનિયાને તણખલા જેમ માનતો - પારકાં દ્રવ્યનો વિનાશ કરતો હતો - તે બધુ ભૂલીને હવે શા માટે પોકાર કરે છે ? ૧૩૨-૧૩૩. ત્યારે તને કોઈ ભલા માણસો સમજાવતા કે ભાઈ ! પારકું ધન હરણ કરવામાં મહાપાપ છે ત્યારે તું ઉદ્ધત બનીને બોલતો કે - ધન તો બધાને પારકુ છે કોઈનું શું સહોદર છે ? ૧૩૪. ત્યારે પરસ્ત્રી ગમન - ચોંર વિ. ને તું સુખના સાધનો માનતો હતો અને તે સ્ત્રીઓના પતિ વિગેરેનાં ખૂન કરાવતો હતો. ૧૩૫. સૌભાગ્યના રંગરાગથી પરસ્ત્રીઓની સાથે કૂટ વિલાસોને તે કર્યા હતા તો હવે અગ્નિથી તૃપ્ત એવી સીસીઓની પુતળીઓથી શા માટે દૂર ભાગે છે ? ૧૩૬.



(૧૮૯) મુક્કે પ્રાણ લેનારને ફળ.
(૧૯૦) કેર વર્તાવનારને ફળ.
(૧૯૧) ન્હાતાં વિષમ-પ્રપંચનું ફળ.
(૧૯૨) ત્રાસ આપનારને ફળ.
(૧૯૩) જીવોને ભેદનારને ફળ.
(૧૯૪) વ્યસનો, કર્માદાનોનું ફળ.

(૧૯૫) અવહેલના પ્રવચનની કરી, ધર્યો મિથ્યાત્વ રંગ;
વધાર્યો અધર્મ કટાક્ષથી, કરે જમ નેત્રનો ભંગ.

(૧૯૬) દાસ બન્યો ઈન્દ્રિય તણો, સુગંધમાં મશગૂલ;
કરડે શરીર ને નાસિકા, વજ્રમુખ પક્ષીકુલ.

(૧૯૭) દાન તો દીધું નહિ. દેતાં કર્યો અંતરાય;
કર કરડે રીંછડા, દશા બુરી દેખાય.

(૧૯૮) શિકારના શોખીન થઈ, કીધો પશુ વિનાશ;
કેશરી વિદારે તેહને, છુટવાનો નહિ પાસ.

(૧૯૯) મદ્ય વિષય કષાય નિન્દા, વિકથા કરે પ્રમાદ;
પાપભંડારી જીવને, વાઘ ફાડે પાડી નાદ.

(૨૦૦) કુટિલગતિ નાગો ઠગ્યા, પૂર્યા કરંડ મોઝાર;
પીડા આપી તેમને, ડંશ દે નિરધાર.


● ● ● ●

**पिंडेसि असंतुठ्ठो बहुपावपरिग्गहं गया मूढो । आरंभेहि य तूससि स्सलि किं एत्थ दुक्खेहिं ॥१३८॥ आरंभपरिग्गहवज्जियाण निव्वहइ अम्ह न कुडुम्ब । इय भणिय जस्स कए आणसु तं दुहविभागत्थं ॥१३९॥**

અસંતુષ્ટ મૂળ એવો તું પાપ પરિગ્રહ ભેળો કરતો અને આરંભોથી ખુશી થતો પછી અત્યારે આ દુઃખોથી કેમ ગુસ્સે થાય છે ? ૧૩૮. આરંભ અને પરિગ્રહ વિના અમારા કુટુંબનો નિર્વાહ ન થઈ શકે ? આમ બોલતા બોલતા જે કુટુંબને માટે તેં પાપનું ઉપાર્જન કર્યું - તે પાપ ભોગવવાને માટે હવે તું તારા કુટુંબને બોલાવ. ૧૩૯.

**भरिउं पिपीलियाईण सीवियं जइ मुहं तुहम्हेहिं । तो होसि पराहुत्तो भुंजसि रयणीई पुण मिठ्ठं ॥१४०॥ पियसि सुरं गायंतो वक्खाणंतो भुयाहिं नच्चंतो । इह तत्ततेलतंबयतउणि किं पियसि न हयास ॥१४१॥ सूलारोवण - नेत्तावहारकर - चरणछेदमाईणि । रायनिओए कुंठत्तणेण लंचाइगहणाइं ॥१४२॥**

અમે કીડીઓથી તારૂં મુખ ભરીને સીવીએ છીએ તો અવળુ મુખ કરે છે પણ પૂર્વે તો રાત્રિએ મિષ્ટાન્ન ખાતો હતો ૧૪૦. પૂર્વે અમનચમન કરતો ગાતો, હાથેથી નાચતો મદિરા પાન કરતો હતો. હવે હે દુર્ભાગી ! તપેલા તેલ-તાંબૂ અને સીસાને શા માટે પીતો નથી ? ૧૪૧. રાજ્યની સત્તાથી શૂલી ઉપર ચડાવવું - નેત્ર ફોડવા. હાથ - પગ - કપાવવા વિ. અનેક કાર્યો લાંચ-રૂશ્વત લઈને કર્યા - કરાવ્યા. ૧૪૨.




(૧૯૫) અવહેલના ને મિથ્યાત્વનું ફળ.
(૧૯૬) ગંધની આસકિતનું ફળ.
(૧૯૭) દાન ન દેનાર, ના પાડનારને ફળ.
(૧૯૮) શિકારના કાર્યનું ફળ.
(૧૯૯) પ્રમાદનું ફળ.
(૨૦૦) સર્પને પીડનારને ફળ.

(૨૦૧) પાપ અનેક આચર્યા, રોધ્યાં ધર્મનાં કામ;
જમડા તેને નરકમાં, મારે માર બેફામ.

(૨૦૨) માનવ ભવ પામ્યો ભલો, પણ કીધો દુરુપયોગ;
પરમાધામી નરકમાં, જુઓ દીએ છે ભોગ.

(૨૦૩) વેદના વિવિધ પ્રકારની, નરકમાં દેવાય;
મારે પછાડે કૂટે છૂંદે, નાક નેત્ર છેદાય.

(૨૦૪) કર્યા જેવા કર્મ જેણે, દુઃખ તેવું ભેટાય;
દ્રષ્ટિદોષ કરનારને, દ્રષ્ટિભેદ ત્યાં થાય.

● ● ● ●

**नयरारक्खियभावे य बंधवहाहणणजायणाईहिं । नाणाविहपावाइ काउं किं कंदसि इयाणिं ॥१४३॥ गुरुदेवाणुवहासो विहिया आसायणा वयं भग्गं । लोओ य गामकूडत्तणाइ भावेसु संतविओ ॥१४४॥ इय जइ नियहत्थारोवियस्स तस्सेव पावविडविस्स । भुंजसि फलाइं रे दुठ्ठ अम्ह ता एत्थ को दोसो ॥१४५॥ इच्चाइपुव्वभवदुक्कयाइं सुमराविउं निरयपाला । पुणरवि वियणाउ उईरयंति विविहप्पावाचारेहिं ॥१४६॥**

વળી નગરનો રખેવાળ બની, વધ-બંધ–ઘાત-યાતનાદિ અનેક પાપોને તેં ઉપાર્જન કર્યા હવે અહીં શા માટે રડે છે ? ૧૪૩. ગુરુ અને દેવની મશ્કરી કરી તેમની આશાતના કરી વ્રત ભંગ કર્યો. ગ્રામકુટત્વાદિ ભાવમાં લોકને સંતાપ્યો હતો. ૧૪૪. રે મહાદુષ્ટિ ! આ પોતાના જ હાથે રોપેલા - પોષેલા - તે પાપરૂપી વૃક્ષના ફળને આજે તું ભોગવી રહ્યો છે એમાં આમારો દોષ શો ? ૧૪૫. ઈત્યાદિ પૂર્વ ભવના તેના દુષ્ટ કાર્યોની તેને યાદી અપાવતા નરકપાલો પુનઃ અનેક પ્રકારની વેદનાઓ ઉપજાવે છે. ૧૪૬.

**उक्कत्तिऊण दहाउ ताण मंसाइं चडफडंताणं । ताणं चिअ वयणे पक्खिवंति जलणम्मि भुंजेउं ॥१४७॥ रे रे तुह पुव्वभवे संतुठ्ठिं आसि मंसरसएहिं । इय भणिउं तस्सेव य मंसरसं गिण्हिउं देंति ॥१४८॥ चउपासम्हिलिअवणदवमहंतजालावलीहिं डज्झंता । सुमराविज्जंति सुरेहिं नारया पुव्वदवदाणं ॥१४९॥**

તેના શરીરની ચામડી ઉખાડીને તરફડતા નારક જીવોના માંસને કાઢીને અગ્નિમાં શેકીને નરકપાલો તેના જ મુખમાં ફેંકે છે ૧૪૭. 'રે ! રે' દુષ્ટો ! ગતભવમાં તને માંસના રસમાં પ્રેમ હતો એમ કહેતા તેનું જ માસ અને લોહી ગ્રહણ કરીને આપે છે. ૧૪૮. પૂર્વ ભવમાં કયાંય આગ લગાડીને દાવાનળ પ્રગટાવનાર જીવોને ઉદ્દેશીને નરકપાલ દેવો ચારેય બાજુ મૂકાયેલા મોટી ધનની દાવાનળની જ્વાળા પ્રગટાવીને તેને તેની યાદ તાજી કરાવે છે. ૧૪૯.




(૨૦૧) પાપ કરે, ધર્મમાં વિઘ્નો કરે તેનું ફળ.
(૨૦૨) મનુષ્ય ભવ પામી અધર્મ કરી દુરુપયોગ કરે તેનું ફળ.
(૨૦૩) નરકમાં અનેક દુ:ખ (૨૦૪) કુદ્રષ્ટિનું ફળ.

(૨૦૫) ત્રણ તસુની જીભડી, સીધી ન રાખી સદાય;
પરમાધામી ખેંચી કાઢે, પીડા અકથ્ય થાય.

(૨૦૬) વિવેક મૂકી રથ દોડાવ્યા, લીધાં પશુનાં પ્રાણ;
રથમાં જોડી તેમને, આપે દુ:ખની ખાણ.

(૨૦૭) ઘંટી ઘરટ્ટ ઘાણી ચલાવી, પીલ્યા જીવ અમાપ;
પરમાધામી પીલે તેને, કરો નવકારનો જાપ.

(૨૦૮) ઉપાર્જી પાપ પરંપરા, ઉપજે નરકમાં જીવ;
જમડા મુંઝવે તેમને, વેદના પામે સદૈવ.

(૨૦૯) પાપ માર્ગે પ્રવર્તાવિયા, આપી અધર્મ ઉપદેશ;
કુંભીમાં પકવે કુંત મારે, બૂરી અનાદિ ટેવ.

(૨૧૦) મહા વ્યસનો સાતે સેવ્યા, ક્રૂરતા ધારી દિલ;
સોયા શૂળ સમૂહે ભેદે, પાપ કરે ના ઢીલ.

● ● ● ●

**आहेडयचेठ्ठाओ संभारेउं बहुप्पयाराओ बंधंति पासएहिं खिवंति तह वज्जकूडेसु ॥१५०॥ पाडंति वज्जमयवागुरासु पिट्टंति लोहलउडेहिं सूलग्गे दाउणं भुंजंति जलंतजलणम्मि ॥१५१॥ उल्लंबिऊण उप्पि अहो मुहे हेठ्ठ जलियजलणम्मि । काउण भडित्तखंडं सोऽवि विकत्तंति सत्थेहिं ॥१५२॥ पहरंति चवेडाहिं चित्तयवयवग्घसीहरूवेहिं । कुट्टंति कुहाडेहिं ताण तणुं खयरकठ्ठं व ॥१५३॥**

શિકારની વિવિધ ક્રિયાની આત્માને યાદી અપાવીને વજ્રકૂટમાં પાશ બાંધીને ફેંકવામાં આવે છે. ૧૫૦. વજ્રમય સાંકળમાં પાડે છે. લોઢાની લાકડીઓથી પીટે છે. ત્રિશૂલ ભોંકીને બળતા અગ્નિમાં શેકે છે. ૧૫૧. નીચે અગ્નિના ભઠ્ઠા તૈયાર કરીને ઉપર ઊંધે માથે લટકાવીને શસ્ત્રોવડે છેદીને ભડથું કરાય છે. ૧૫૨. શસ્ત્રોથી ખેરનું લાકડું જેમ કુટાય - ઘડાય તેવી રીતે દેવો ચિત્તા-વરૂ-વાઘ-સિંહ રૂપ વિકુર્વીને પંજાથી પ્રહાર કરે છે. ૧૫૩.

**कयवज्जतुंडबहुविहविहंगरूवेहिं तिक्खचंचूहिं । अच्छी खुदुति सिरं हणंति चुंटंति मंसाइं ॥१५४॥ अगणिवरिसं कुणंते मेहे वेउव्वियम्मि नरइया । सुरकयपव्वयगुहमणुसरंति निज्जलियसव्वंगा ॥१५५॥**

વજ્રમુખ પક્ષીના વિવિધ રૂપ કરીને ચાંચો વડે નારકી જીવની આંખો ઠોલી બહાર કાઢે છે. માથામાં પ્રહાર કરે છે. અને માંસને બચકાં ભરે છે. ૧૫૪. નરકપાલો જ્યારે અગ્નિવૃષ્ટિને કરનાર મેઘને વિકુર્વે છે ત્યારે સર્વ અંગે બળેલા નારકી જીવો અસુરે કરેલી પર્વતની ગુફામાં પેસે છે. ૧૫૫.



(૨૦૫) જીભ છુટી મૂકનારને ફળ.
(૨૦૬) હોડમાં પશુને પીડનારને ફળ.
(૨૦૭) જીવ પીલનારને ફળ..
(૨૦૮) નિરંતર પાપીને ફળ.
(૨૦૯) પાપોપદેશ દેનારને ફળ.
(૨૧૦) સાતે વ્યસનનાં ફળ.

(૨૧૧) બે ઈન્દ્રિય તેઈન્દ્રિય વળી, ચૌરેન્દ્રિયના ઘાત;
પંચેન્દ્રિય પશુ પક્ષીના, કર્યાં પ્રાણાતિપાત.

(૨૧૨) અગ્નિની વેદના નરકમાં, અસહ્ય ને અગાધ;
ભોગવે તો પણ ના મરે, કર્મ તેનું આગાઢ.

(૨૧૩) શીત વેદના ભારે વળી, ઠરી જાય સર્વે અંગ;
પરાધીન દુઃખી જીવડા, નરકે કરૂણા ભંગ.

(૨૧૪) સ્વાર્થ અને અજ્ઞાનથી, ધરતા રૌદ્ર ધ્યાન;
ઘાત કરે સ્વ પર તણો, ભૂલી દયાળું ભગવાન.

(૨૧૫) વૈર પરંપરા, નરકમાં, રહે તેમની તેમ;
દ્વેષે લડતાં કાપે મારે, મલે ના નરકમાં ક્ષેમ.

## ઉપસંહાર

વેદના એક એક જીવને, નરકમાં અનેક પ્રકાર;
લેશ માત્ર વર્ણવી, અલ્પ મતિ અનુસાર. ૧

સર્વ પાપનું અંતિમ ફળ, તીવ્ર પરિણામથી હોય;
વિપાક તેનો નરકમાં, ભોગવે જીવ તે રોઈ. ૨

ચિત્રાવલી આ જોઈને, છોડો સર્વે પાપ;
ધર્મ કર્મને આદરો, આદરો જ્ઞાન ધ્યાન જાપ. ૩

અરિહંત દેવને ઓળખો, સેવો તેમની આણ;
ભવ ભ્રમણને ભેદવા, ઔષધ એ રામબાણ. ૪

સર્વજ્ઞ પ્રભુ વીરનું, શાસન જય જયકાર;
પાટે બઉંતેરમીએ થયા, બુટેરાય ગણધાર. ૫

પન્યાસ આણંદવિજયજી, હર્ષવિજય મુનિરાજ;
પંચમ શિષ્ય પંચમ પ્રભાવક, વિજયકર્પૂરસૂરિરાજ. ૬

તાસ પટ્ટે બિરાજતા, અમૃતસૂરિ ગુરૂદેવ;
કવિપ્રભાવક પ્રવચનના કરતા શાસન સેવ. ૭

જિનેન્દ્રવિજય તાસ સેવકે, જામનગર મોઝાર;
નારકી ચિત્રાવલી વર્ણવી, કરવા વિરતિ પ્રચાર. ૮

બે હજાર સત્તર વિક્રમે, મહાવીર જન્મ કલ્યાણ;
સવિ જીવ જિનવર સેવીને, સાધો શાશ્વત ઠાણ. ૯

(નારકી ચિત્રાવલી - ચિત્ર પરિચય સંપૂર્ણ)




(૨૧૧) ૨-૩-૪-૫ ઈંદ્રિયવાળા જીવો

(૨૧૨) અગ્નિની અસહ્ય વેદના. (૨૧૩) શીતની ભારે વેદના.

(૨૧૪) વૈરથી સ્વપર ઘાત કરનાર. (૨૧૫) નરકમાં પણ વૈરની પરંપરા.

तत्थवि पडंतपव्वयसिलासमूहेण दलियसव्वंगा । अइकरुणं कंदंता पप्पंडपिट्ठं व कीरंति ॥१५६॥ तिरियाणइभारारोवणाइं सुमराविउण खंधेसुं । चडिऊण सुरा तेसिं भरेण भंजंति अंगादं ॥१५७॥ जेसिं च अइसएणं गिद्धी सद्दाइपएसु विसएसु । आसि इहं नाणंपि हु विवागमेयं पयासंति ॥१५८॥

ત્યાં પણ પડતા પવતની શીલાઓના સમૂહથી સર્વ અંગ ભાંગી જવાથી અતિકરુણ વિલાપ કરતા તેમને પાપડના લોટ જેવા કરાય છે. ૧૫૬. પશુઓ ઉપર શકિત કરતાં વધુ ભાર લાદીને નરકમાં પધારેલા તે આત્માને નરકપાલો તેમના સ્કંધ ઉપર ચઢીને પૂર્વની યાદ આપતા છતાં ભાર વડે અંગને ભાંગી નાંખે છે. ૧૫૭. સંસારમાં જે જીવોને શબ્દ, સ્પર્શ, રૂપ, રસ, ગંધ આ વિષયોમાં અત્યંત પ્રીતિ હતી તેમને પરિણામો આ પ્રમાણે પ્રત્યક્ષ કરાવવામાં આવે છે. ૧૫૮.

तत्ततउमाइयाइं खिवंति सवणेसु तह य दिट्ठोए । संतावुव्वयविधायहेउरूवाणि दंसंति ॥१५९॥ वसमंसजलणमुम्मुरपमुहाणि विलेवणाणि उवणेंति । उप्पाडिउण संदंसएण दसणे य जीहं च ॥१६०॥ तत्तो भीमभुयंगमपिवीलियाईणि तह य दव्वाणि । असुईउ अणंतगुणे असुराइं खिवंति वयणम्मि ॥१६१॥ सोवंति वज्जकंटयसेज्जाए अगणिपुत्तियाहिं समं । परमाहम्मियजणियाउ एवमाई य वियणाओ ॥१६२॥

તપાવેલા સીસા વિ. નો રસ કાનમાં નાંખે છે. આંખે સંતાપ ઉદ્વેગકારી રૂપો દેખાડે છે. ૧૫૯. ચરબી, માંસ, બળતા અંગારા વિગેરે વિલેપનો તેની પાસે લાવે છે. સાંડસી વડે દાંત અને જીભને ખેચી કાઢે છે. ૧૬૦. ત્યારબાદ ભયંકર સર્પ - કીડી વિ. ને અને અહિં કરતાં અનન્તગુણ અશુચિ પદાર્થોને મોઢામાં નાંખે છે. ૧૬૧. વજ્રકંટક શય્યામાં સ્થાપીને અગ્નિમય પુતળીની સાથે સુવાડે છે. આ પ્રમાણે પરમાધામી વિવિધ પ્રકારની વેદના જન્માવે છે. ૧૬૨.

एसा मह पूव्ववेरित्ति नियमणे अलियमपि विगप्पेउं । अवरोप्परंपि घायंति नारया पहरणाईहिं ॥१६३॥ सीओसिणाइवियणा भणिया अन्नावि दसविहा समए । खेत्ताणुभाव जणिया इय तिविहा वेयणा नरए ॥१६४॥ तत्तो कसिणसरीरा बीभच्छा असुइणो सडियदेहा । नीहरिय अन्तमाला भिन्नकवाला लुलंगा य ॥१६५॥ दीणा सव्वनिहीणा नपुंसगा सरणवज्जिया खीणा । चिट्ठंतिनिरयवासे नेरइया अहव किं वहुणा ॥१६६॥

તદુપરાંત આ મારો પૂર્વ ભવનો વૈરી છે એવો માનસમાં ખોટો વિકલ્પ કરીને પણ નારકી જીવો અન્યોઅન્યને શસ્ત્ર વિગેરે વડે હણે છે. ૧૬૩. શીત-ઉષ્ણ આદિ બીજી પણ ક્ષેત્રના અનુભાવથી થનારી - વેદના શાસ્ત્રોમાં છે. એ રીતે ત્રણ પ્રકારની નરકમાં વેદના છે. ૧૬૪. નરકભૂમિમાં કાળા શરીરવાળા, બીભત્સ, અપવિત્ર, જીર્ણ દેહવાળા, આંતરડા બહાર નીકળી ગએલા, માથું ફૂટી ગએલા, લુલિત-અંગવાળા, દીન, નિકૃષ્ટ, નપુસંક, કાયર શરણ વિનાના, શકિતહીન એવા નરક જીવો હોય છે. વધારે શું ? ૧૬૫-૧૬૬.

अच्छिनिमीलणमेत्तं नत्थि सुहं दुक्खमेव अणुबुद्धं । नरए नेरइयाणं अहोनिसिं पच्चमाणाणं ॥१६७॥ तत्थ य सम्मदिट्ठि पायं चिंतंति वेयणाभिहया । मोत्तुं कम्माइं तं मा रूससु जीव जं भणियं ॥१६८॥ सव्वो पुव्वकयाणं कम्माणं पावए फलविवागं । अवराहेसु गुणेसु य निमित्तमेत्तं परो होई ॥१६९॥ धारिज्जइ एंतो जलनिहीव कल्लोलभिन्नकुलसेलो । न हु अन्नजम्मनिम्मियसुहासुहो देव्वपरिणामो ॥१७०॥

નરકાવાસમાં આંખના પલકારા જેટલું પણ સુખ નથી. ત્યાં તો દુઃખે રંધાતાં એ જીવોને દુઃખ દુઃખ જ છે. ૧૬૭. ત્યાં કોઈક વેદનાપીડિત સમ્યક્દ્રષ્ટિ જીવ ચિન્ત્વન કરે છે કે, હે જીવ, કર્મ સિવાય કોઈના પર રોષ કર નહિ. ૧૬૮. સર્વ જીવો પૂર્વે કરેલા કર્મોના ફળને ભોગવે છે. અપરાધ કે લાભમાં બીજો જીવ તો ફકત નિમિત્તમાત્ર છે. ૧૬૯. તરંગોથી પર્વતને ભેદનારા મોટા સમુદ્ર રોકી શકાય છે, પણ અન્ય જન્મમાં કરેલા શુભાશુભ કર્મના પરિણામને ખરેખર રોકી શકાતા નથી. ૧૭૦.

अकयं को परिभुंजइ सकयं नासेज्ज कस्स किर कम्मं । सकयमणुभुंजामाणे कीस जणो दुम्मणो होइ ॥१७१॥ दुप्पत्थिओ अमित्तं अप्पा सुपत्थिओ हवइ मित्तं । सुहदुक्खकारणाओ अप्पा मित्तं अमित्तं वा ॥१७२॥ वारिज्जंतोऽवि हु गुरुवयणेण तइया करेसि पावाइं । सयमेव किणियदुक्खो रूससि रे जीव कस्सिण्हिं ॥१७३॥

હે જીવ ! કર્મ કર્યા વિનાનો ભોગવટો કયાંથી હોય, તેમજ કરેલું કર્મ ફળ આપ્યા વિના નાશ પણ કેમ પામે ! માટે જ પોતે કરેલા કર્મના ફળને ભોગવતો જીવ ભલા કેમ દુભાય ? અર્થાત્ દુભાય તો એક આશ્ચર્ય છે. ૧૭૧. કુમાર્ગમાં પ્રયાણ કરનાર આત્મા જ પોતાનો શત્રુ છે અને સન્માર્ગમાં પ્રસ્થાન કરનાર આત્મા પોતાનો મિત્ર છે. આથી મિત્ર કે શત્રુ તો આત્મા પોતે જ છે. ૧૭૨. જ્ઞાની-ગુરૂજનોએ સમજાવીને અટકાવાતાં પણ તે પાપો કર્યાં તો હવે દુઃખની ખરીદી કર્યા પછી હવે કોના ઉપર તું ગુસ્સો કરે છે ? ૧૭૩.

सत्तमियाउ अन्ना अट्ठमिया नत्थि निरयपुढवित्ति । एमाइ कुणसि कूडुत्तराइं इण्हिं किमुव्वेयसि ॥१७४॥ इय चिंताए बहुवेयणाहिं खविउण असुहकम्माइं । जायंति रायभुवणाइएसु कमसो य सिज्झंति ॥१७५॥ अन्ने अवरोप्परकलहभावओ तहय कोवकरणेणं । पावंति तिरियभाव भमंति तत्तो भवमणंतं ॥१७६॥

વળી (જ્યારે કોઈ તને સમજાવતા ત્યારે ચીડાઈને તું બકતો હતો કે) સાતમીથી વધારે તો બીજી કોઈ આઠમી નરકભૂમિ તો નથી ! આ પ્રમાણે જે તે કૂટ ઉત્તરો કર્યા હતા. હવે શા માટે ખિન્ન થાય છે ? ૧૭૪. ઈત્યાદિ સદ્‌વિચારણાથી સમ્યક્દ્રષ્ટિ જીવો અશુભ કર્મોને ખપાવીને મનુષ્યલોકમાં રાજભુવનાદિમાં ઉત્પન્ન થાય છે. અને અનુક્રમે સિદ્ધ થાય છે. ૧૭૫. બીજા પરસ્પર કલહભાવ રાખીને તિર્યંચભવ પામી ભવ ભ્રમણ કરતા સંસારમાં ભટકે છે. ૧૭૬.

**-શ્રી ભવભાવના.**

● ● ●

# નારકી ચિત્રાવલી - ચિત્ર પરિચય

द्युतं च मांस च सुरा च वेश्या, पापार्द्धिचोर्ये परदारसेवा ।

सप्तापि तानि व्यसनानि लोके घोरातिघोरं नरकं नयन्ति ॥

જુગાર, માસ, દારૂ, વેશ્યા, શિકાર, ચોરી અને પરસ્ત્રીગમન આ સાત વ્યસનો જીવને ભયંકર નરકમાં લઈ જાય છે.

● ● ●

नेरइआणं भंते ! कइ सरीरा पण्णत्ता ? गोयमा ! तओ सरीरा पण्णत्ता, तंजहा नेउव्विए तेअए कम्मए ।

હે ભગવાન્ નારકીઓને (પાંચ પ્રકારના શરીરમાંથી) કેટલા શરીર કહ્યા છે ? હે હે ગૌતમ ! ત્રણ શરીર કહ્યાં છે, તે આ પ્રમાણે (૧) વૈક્રિય (૨) તૈજસ (૩) કાર્મણ.

**-શ્રી અનુયોગદ્વાર સૂત્ર.**

ये त्विह वै राजन्या राजपुरुषा वा पाखण्डा धर्मसेतून् भिन्दन्ति ते संपरेत्य वैतरण्यां निपतन्ति भिन्नमर्यादास्तस्या निरयपरिखाभूतायां नद्यां यादोगणैरितस्ततो भक्ष्यमाणा आत्मना न वियुज्यमानाश्चासुभिरुह्यमानाः स्वाघेन कर्मपाकमनुस्मरन्तो विण्मूत्रपूयशोणितकेशनखास्थिमेदो-मांसवसावाहिन्यामुपतप्यन्ते । - श्रीमद् भागवत्

આ લોકમાં જે રાજવંશીઓ, રાજપુરૂષો, પાખંડીઓ ધર્મરૂપી સેતુને ભાંગી નાખે છે તેઓ મરીને નરકમાં વૈતરણી નદીમાં પડે છે. મર્યાદાહીન તેઓ નરકની ખાઈ રૂપ તે નદીમાં મત્સ્યગણથી આમતેમ ખવાતા, પ્રાણથી નહિ મૂકાતા, પાપ વડે જીવન ધારતા કર્મના વિપાકને યાદ કરતા, વિષ્ટા, મૂત્ર, પરૂ, રુધિર, કેશ, નખ, હાડકાં, મેદ, માંસ, ચરબીથી ભરપૂર વૈતરણીમાં પીડા પામે છે.

**-શ્રીમદ્ ભાગવત્ સ્કંધ ૫. અ. ૨૬.**

पूर्वस्यां दिशि कालनामा नरकावासः, अपस्यां दिशि महाकालः, दक्षिणस्यां रोरुकः, उत्तरस्यां महारोरुकः, मध्येऽप्रतिष्ठानकः ।

નરકમાં, પૂર્વ દિશામાં કાલ નામના નરકવાસ, પશ્ચિમમાં મહાકાલ, દક્ષિણમાં રોરૂક. ઉત્તરમાં મહારોરુક અને વચ્ચે અપ્રતિષ્ઠાન નામના નરકાવાસ છે.

**-શ્રી પ્રવચન સારોદ્ધાર.**

लाभार्थे हन्यते प्राणी मांसार्थं दीयते धनम् ।

उभौ तौ पापकर्माणौ, पच्येते रौरवादिषु ॥

तस्मान्मांस विवर्जयेत् ।

લોભને માટે પ્રાણીઓને મારે છે તથા માંસને માટે ધન આપે છે તે બંને પાપી છે અને તે નરકાદિને વિશે અગ્નિમાં શેકાય છે, તે માંસનો ત્યાગ કરવો.

**- લંકાવતાર સૂત્ર (બૌદ્ધ).**

**नरकान्तं तदा राज्यं यदा राजा न धार्मिक : ।**
**धार्मिके तु परं तस्मिन्, सौख्यमत्र परत्र च ॥**

જો રાજા ધાર્મિક ન હોય તો રાજ્ય તેને નરક દેનારૂં છે. રાજા ધાર્મિક હોય તો આલોકમાં અને પરલોકમાં પણ રાજાને સુખ મળે છે.

**अहोलोगे णं चत्तारि अंधगारं करेंति, तं० नरगा, णेरइया, पावाइं कम्माइं. असुभा पोग्गला ।**

અધોલોકમાં ચાર વસ્તુ અંધકાર કરે છે, નરકાવાસો, નારકીઓ, પાપકર્મો અને અશુભ પુદ્‌ગલો.

**- શ્રી સ્થાનાંગ સૂત્ર.**

■ ■ ■

માપ તોલામાં ઘટાડો કરનારાઓની મહા ખરાબી છે. લોકો પાસેથી જ્યારે પોતાનો હક્ક માપીને લે ત્યારે તે પુરૂ ભરી લે છે અને જ્યારે તેમને માપીને અથવા તોલીને આપે ત્યારે એ ઓછું આપે છે.

ખરેખર દોઝખ તાકમાં છે, અને તે સરકશ લોકોનું રહેઠાણ છે. જેમાં તેઓ અનંતકાળ પડયા રહેશે. તેમાં તેઓ ન તો કંઈ ઠંડકની મઝા ચાખશે અને ન કોઈ પીણું મળશે પરંતુ તેમને છછરતું પાણી અને વહેતું પરૂ પીવા મળશે.

**- કુર્આન શરીફ ભાગ ૩૦ મો.**

# નારકી ચિત્રાવલી - ચિત્ર પરિચય

## આ ચિત્રાવલીમાં પ્રમાણ તરીકે મૂકેલ શાસ્ત્ર સંદર્ભ :

શ્રી અનુયોગદ્વાર (ચૂલિકા) સૂત્ર
શ્રી આચારાંગ (પ્રથમાંગ) સૂત્ર
શ્રી આચારાંગ ટીકા
શ્રી આચારાંગ ચૂર્ણિ
શ્રી ઈન્દ્રિયપરાજ્ય શતક
શ્રી ઉપદેશમાલા
શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર
શ્રી ઉપાસક દશાંગ (૭ મુ અંગ સૂત્ર)
શ્રી ઉપાસક દશાંગ ટીકા
શ્રી ઔપાપાતિક (૧ લું ઉપાંગ) સૂત્ર
શ્રી અંતકુદ્દશા (૮ મું અંગ) સૂત્ર
શ્રી કલ્પસૂત્ર સુબોધિકા
શ્રી કહારયણ કોહો
શ્રી કારિકાવલી
શ્રી કુર્આન શરીફ
શ્રી ગરૂડ પુરાણ
શ્રી જીવાભિગમ (૩ જું ઉપાંગ) સૂત્ર
શ્રી દશવૈકાલિક સૂત્ર
શ્રી નન્દીસૂત્ર (ચૂલિકા સૂત્ર) વૃત્તિ
•શ્રી નિરિયાવલિકા - કપ્પિયા (૮ મું ઉપાંગ)
શ્રી નેમિનાથ ચરિત્ર
શ્રી પઉથ ચરિયં
શ્રી પન્નવણા (૪ થું ઉપાંગ) સૂત્ર
શ્રી પન્નવણા ટીકા
શ્રી પ્રવચન અરોદ્ધાર

શ્રી બ્રુહત્સંગ્રહણી સૂત્ર
શ્રી ભગવતી (વિવાહ પ્રજ્ઞપ્તિ ૫ મું અંગ) સૂત્ર
શ્રી ભગવદ્ગીતા
શ્રી ભરતેશ્વરવૃત્તિ
શ્રી ભકતપરિજ્ઞા (ચોથો) પયન્નો
શ્રી ભવભાવના
શ્રી ભાગવત પુરાણ
શ્રી મરણ સમાધિ (૧૦ મો) પયન્નો
શ્રી મહાપચ્ચક્ખાણ (૩ જો) પયન્નો
શ્રી યોગશાસ્ત્ર
શ્રી રાયપસેણઈય (૨ જું ઉપાંગ) સૂત્ર
શ્રી લોક પ્રકાશ
શ્રી લંકાવતાર સૂત્ર (બૌદ્ધ)
શ્રી વિપાક (૧૧ મું અંગ) સૂત્ર
શ્રી વિષ્ણુ પુરાણ
શ્રી વૈરાગ્યશતક
શ્રી શ્રમણ સૂત્ર
શ્રી શ્રાદ્ધ પ્રતિક્રમણ સૂત્ર
શ્રી શાન્તિનાથ ચરિત્ર
શ્રી સ્થાનાંગ (૩ જું અંગ) સૂત્ર
શ્રી સમવાયાંગ (૪ થું અંગ) સૂત્ર
શ્રી સૂત્રકૃતાંગ (૨ જું અંગ) સૂત્ર
શ્રી સંથારા (૬ ઠ્ઠો) પયન્નો
શ્રી જ્ઞાના ધર્મકથા (૬ ઠું અંગ) સૂત્ર
શ્રી પ્રશ્નવ્યાકરણાંગ (૧૦ મું અંગ) સૂત્ર

# શ્રી હર્ષપુષ્પામૃત જૈન ગ્રંથમાલા

## લાખાબાવળ

## અમારા ચિત્ર પ્રકાશનો

| ક્રમ | નામ | મૂલ્ય રૂા. |
|---|---|---|
| ૦૧. | નારકી ચિત્રાવલી (ગુજરાતી) | ૫૦-૦૦ |
| ૦૨. | નારકી ચિત્રાવલી (હિન્દી) | ૪૦-૦૦ |
| ૦૩. | નારકી ચિત્રાવલી (અંગ્રેજી) | ૪૦-૦૦ |
| ૦૪. | સત્કર્મ ચિત્રાવલી (ગુજરાતી) | ૪૦-૦૦ |
| ૦૫. | સત્કર્મ ચિત્રાવલી (હિન્દી) | ૩૦-૦૦ |
| ૦૬. | સત્કર્મ ચિત્રાવલી (અંગ્રેજી) | ૪૦-૦૦ |
| ૦૭. | કલ્પસૂત્ર સચિત્ર (બાળબોધ) | ૧૫૦-૦૦ |
| ૦૮. | કલ્પસૂત્ર સચિત્ર (ગુજરાતી) | ૧૫૦-૦૦ |
| ૦૯. | કલ્પસૂત્ર મૂલ (બાળબોધ) | ૬૦-૦૦ |
| ૧૦. | કલ્પસૂત્ર મૂલ (ગુજરાતી) | ૬૦-૦૦ |
| ૧૧. | પૂ. આ. શ્રી રામચન્દ્ર સૂ. મ. જીવન દર્શન (ચિત્રમય) | ૧૦૦-૦૦ |
| ૧૨. | સામાયિક સૂત્ર સચિત્ર (ગુજરાતી) | ૪-૦૦ |
| ૧૩. | સામાયિક સૂત્ર સચિત્ર (અંગ્રેજી) | ૬-૦૦ |
| ૧૪. | શ્રી શ્વેતાંબર જૈન તીર્થદર્શન ભાગ-૧ | ૬૫૦-૦૦ |
| ૧૫. | શ્રી શ્વેતાંબર જૈન તીર્થદર્શન ભાગ-૨ | ૮૦૦-૦૦ |
| ૧૬. | શ્રી શ્વેતાંબર જૈન તીર્થદર્શન ભાગ-૧ (હિન્દી) | ૬૫૦-૦૦ |
| ૧૭. | શ્રી શ્વેતાંબર જૈન તીર્થદર્શન ભાગ -૨ (હિન્દી) | ૮૦૦-૦૦ |
| ૧૮. | શ્રી શ્વેતાંબર જૈન તીર્થદર્શન ભાગ-૧-૨ (અંગ્રેજી) | ૧૪૫૦-૦૦ |
| ૧૯. | ૧૦૮ પાર્શ્વનાથ દર્શન (છપાય છે) | |
| ૨૦. | ૧૦૮ તીર્થ દર્શન (છપાય છે) | |
| ૨૧. | શીલાંગાદિ રથ સંગ્રહ (છપાય છે) | |

**શ્રુતજ્ઞાનભવન**
૪૫, દિગ્વિજય પ્લોટ, જામનગર.